પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૯-૦૧-૨૦૨૬-ગુરૂવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# અજીત પવારનો પાર્થિવ દેહ પંચ મહાભૂતમાં વિલીન

## કર્મભૂમિ બારામતી વિદ્યા પ્રતિષ્ઠાનમાં પુત્રએ મુખાગ્ની આપી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ સહિતના રાષ્ટ્રીય - રાજયના મહાનુભાવોની ઉપસ્થિતિ



મુંબઈ, તા. ૨૯

ગઈકાલે એક વિમાની દુર્ઘટનામાં દિવંગત થયેલા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી શ્રી અજીત પવારનો પાર્થિવ દેહને પુરા રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય અપાઈ હતી.

ગઈકાલે બારામતી એરપોર્ટ પર શ્રી પવાર તથા અન્ય ચાર લોકોના આ વિમાની દુર્ઘટનામાં મૃત્યુ થયા હતા. મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વનું સ્થાન ધરાવતા શ્રી પવારની ઓચિંતી ચીર વિદાયથી પવાર પરિવારના પોલીટીકસને પણ મોટો આંચકો લાગ્યો છે.

ગઈકાલે તેમના પાર્થિવ દેહને તેઓએ જ બારામતીમાં સ્થાપેલી વિદ્યા યુનિવર્સિટીમાં અંતિમ દર્શન માટે રખાયો હતો. જયાં રાજયભરમાંથી અને દેશના અનેક રાજકીય પક્ષો સહિતના ક્ષેત્રોના અગ્રણીઓએ સ્વ. પવારના પાર્થિવ દેહને પુષ્પાંજલી અપાઈ હતી.

આજે સવારે ૧૧ વાગ્યે તેમની અંતિમ યાત્રા ભારે મગ્ન વાતાવરણ વચ્ચે યોજાઈ હતી. જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી નિતીન નબીન, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડનવીસ નાયબ મુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદે તથા પુરુ મંત્રીમંડળ તથા મહારાષ્ટ્રના વિપક્ષના નેતાઓ, સાંસદો, ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

તમામ મહાનુભાવોએ પવાર પરિવારના વડીલ અને પુર્વ કેન્દ્રીય મંત્રી શ્રી શરદ પવાર સમક્ષ શોક વ્યક્ત કર્યો હતો. પાર્થિવ દેહને શ્રી પવારના નિવાસથી બારામતી વિદ્યા પ્રતિષ્ઠાન ખાતે લઈ અવાયા બાદ વેદોના ઉચ્ચાર તથા અજીત પવાર તુમ અમર રહો ના નારા લે છે તેમના પુત્રોએ મુખાગ્ની આપી હતી તે પુર્વે રાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના મહાનુભાવો વતી પાર્થિવ દેહને પુષ્પાંજલી અપાઈ હતી.

છ વખત મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી રહી ચુકેલા શ્રી પવારના આ આકસ્મીક નિધનથી મહારાષ્ટ્રના રાજકારણમાં એક નવો ખાલીપો સર્જાયો છે.

# યુરોપના બજારો ખુલવાથી ભારતીય ઉત્પાદકો માટે મોટી તકો છે : મોદી

### ઈકોનોમિક સર્વે પહેલા વડાપ્રધાન મોદીનું સંબોધન

નવી દિલ્હી, તા. ૨૯

૧૮મી લોકસભાના બજેટ સત્રના બીજા દિવસે, પીએમ મોદીએ કહ્યું, "નાણામંત્રી નિર્મલા સીતારમણ દેશના પ્રથમ મહિલા નાણામંત્રી છે જે સતત નવમી વખત સંસદમાં બજેટ રજૂ કરશે. બજેટ સત્ર ખૂબ જ સકારાત્મક રીતે શરૂ થયું છે."

મોદીએ કહ્યું, "એક આત્મવિશ્વાસપૂર્ણ ભારત આશાનું કિરણ અને આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે એક કરાર થયો છે. મને વિશ્વાસ છે કે ભારતીય મેન્યુફેક્ચરર આ તકનો ઉપયોગ તેમની ક્ષમતાઓને વિસ્તૃત કરવા માટે કરશે."

પીએમ મોદીએ ગુરુવારે કહ્યું, "અમારી સરકારની ઓળખ રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ રહી છે. હવે અમે રિફોર્મ એક્સપ્રેસ પર આગળ વધી રહ્યા છીએ." રાષ્ટ્રપતિએ સત્રની શરૂઆતમાં સાંસદો પાસેથી પોતાની અપેક્ષાઓ વ્યક્ત કરી. મને ખાતરી છે કે સાંસદો તેને ગંભીરતાથી લેશે." તેમણે કહ્યું કે આ સત્ર ખૂબ જ મહત્વપૂર્ણ સત્ર છે. ૨૧મી સદીનો એક ક્વાર્ટર વીતી ગયો છે. આ બીજા ક્વાર્ટરની શરૂઆત છે.૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું લક્ષ્ય હાંસલ કરવા માટે મહત્વપૂર્ણ ૨૫ વર્ષ શરૂ થઈ ગયા છે. એક દિવસ પહેલા બુધવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સેન્ટ્રલ હોલમાં બંને ગૃહોને સંયુક્ત રીતે સંબોધન કર્યુ હતું.

૧૮મી લોકસભાના બજેટ સત્રનો ગુરુવારે બીજો દિવસ છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીએ બજેટ ૨૦૨૬-૨૭ રજૂ કરશે. આ પહેલા આજે સંસદમાં ઈકોનોમિક સર્વે રજૂ કરવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, "દેશનું ધ્યાન બજેટ પર કેન્દ્રિત થવું સ્વાભાવિક છે, પરંતુ સરકારનું મુખ્ય લક્ષણ રિફોર્મ, પરફોર્મ અને

અનુસંધાન પાના ૭ પર

# આર્થિક સર્વેમાં અર્થતંત્રનું ફુલ ગુલાબી ચિત્ર રજૂ

- નાણામંત્રીએ ટ્રમ્પના ટેરીફનો મુકાબલો કરવા રોડમેપ તૈયાર કર્યો
- દેશનાવ્યાપર ઉદ્યોગ- નિકાસકારોને મજબૂત પીઠબળ આપશે કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા. ૨૯

આગામી રવિવારે રજુ થનારા કેન્દ્રીય બજેટ પુર્વે આજે સંસદમાં રજુ થયેલા ૨૦૨૫/૨૬ના આર્થિક સર્વેમાં વિશ્વની અનિશ્ચિત જીયો પોલીટીકલ તથા આર્થિક સ્થિતિ ટ્રમ્પના ટેરિફના ભય અને મધ્ય પુર્વમાં ઘેરાતા યુદ્ધના વાદળો વચ્ચે પણ ભારતનું અર્થતંત્ર મજબૂત રીતે આગળ વધી રહ્યું હોવાના સંકેત આવ્યા છે.

તો બીજી તરફ સરકારે અમેરિકી ટેરિફની અસર ઘટાડવા યુરોપીયન સંઘ સાથેના વ્યાપાર કરાર સાથે ઘરેલુ અર્થતંત્રને આવકવેરા મુક્તિ મર્યાદા વધારાથી જીએસટી ઘટાડાના કારણે જે નવી ઉર્જા મળી છે તે પણ દર્શાવ્યુ હતું. આર્થિક સર્વેમાં રવિવારે રજુ બજેટની ઝાંખી પણ દર્શાવાઈ. ખાસ કરીને મોદી સરકાર ઈન્ફ્રાસ્ટ્રકચર ખર્ચ વધારીને નાણાકીય શિસ્ત જાળવી રાખવા સાથે આયાત જકાત ઘટાડીને તથા નિયમો સરળ બનાવીને વિદેશી કંપનીઓ તથા ઉત્પાદકોને




એક સંકેત મોકલશે. દુનિયામાં સૌની નજર ભારતના અર્થતંત્ર પર છે તેથી સરકારી ખર્ચ વધારીને અર્થતંત્રને નવો બુસ્ટર ડોઝ આપશે. બજેટ સરકારના વિકાસ માટેનો વિશ્વાસ દર્શાવશે તેમ છતાં નાણાકીય શિસ્ત સાથે કોઈ બાંધછોડ થશે નહી. અગાઉથી ટેરિફની ભારતની નિકાસ સામે જે ફટકો પડયો છે તેની અસર ઘટાડવા માટે સરકાર કરવેરા પ્રક્રિયા સરળ બનાવી વ્યાપાર-ઉદ્યોગને મજબૂત પીઠબળ આપશે. કેપીટલ ખર્ચ, રોડ, પોર્ટ, એનર્જી વિમો રૂા.૧૨ લાખ કરોડનો ખર્ચનો અંદાજ આગામી વર્ષે રખાયા છે. જે આ વર્ષના રૂા.૧૭.૨ લાખ કરોડના કુલ ખર્ચથી વધુ છે તો ૨૯ સર્વે કહે છે કે ભારત લેન્ડીગ બજેટ વધારશે. સરકારનું દેવું જીડીપીના ૪.૨% સુધી સીમીત રાખવા અને ૨૦૩૦/૩૧ સુધીમાં તે ૧% આસપાસ લઈ જવા માટે લક્ષ્યાંક રખાયા છે.

નાણાકીય સેવાઓ વિભાગના સચિવ એમ. નાગરાજુ જાહેર ક્ષેત્રની બેંકો, વીમા કંપનીઓ અને પેન્શન સંસ્થાઓનું નિરીક્ષણ કરે છે. તેમનો વિભાગ નાણાકીય સમાવેશ વધારવા, ધિરાણની સુવિધા આપવા અને સામાજિક સુરક્ષા યોજનાઓને મજબૂત બનાવવાનું કામ કરે છે. રોકાણ અને જાહેર સંપત્તિ વ્યવસ્થાપન વિભાગના સચિવ અરુણિશ ચાવલા સરકારી કંપનીઓમાં હિસ્સાના વેચાણથી ઉત્પન્ન થતી બિન-કર આવકના લક્ષ્યોનું નિરીક્ષણ કરે છે. તેઓ કેન્દ્ર સરકારની સંપત્તિના અસરકારક સંચાલન માટે જવાબદાર છે.

# સોના અને ચાંદીમાં સુર્ય ઉગેને નવા ઉંચા ભાવ

### ચાંદી ૪,૦૦,૦૦૦ને પાર : સોનું ૧.૭૯ લાખને આંબી ગયું

નવી દિલ્હી, તા. ૨૯

સોના-ચાંદીના ભાવમાં બેફામ તેજી અત્યાર સુધીના તમામ રેકોર્ડ ધ્વસ્ત કરવા લાગી છે. ભાવ રોજેરોજ નવી ઉંચાઇ બનાવી રહ્યા છે. આજે નવો ઇતિહાસ રચાયો હતો. કોમોડીટી એકસચેંજમાં ચાંદી ૪,૦૦,૦૦૦ને પાર કરી ગઇ હતી જયારે સોનુ ૧.૭૯ લાખને વટાવી ગયું હતું.સોના-ચાંદીના ભાવમાં આજે વધુ જોરદાર અને રેકોર્ડબ્રેક ઉછાળો નોંધાયો હતો. એક જ દિવસમાં સોનુ ૧૦,૦૦૦ ઉંચકાયું હતું જે કદાચ એક દિવસનો અત્યાર સુધીનો સૌથી મોટો ઉછાળો હતો.કોમોડીટી એકસચેંજમાં રૂા. ૯૬૮૨ના ઉછાળાથી ૧,૭૫,૫૯૭ બોલાતુ હતું જે ઉંચામાં ૧,૭૯,૦૦૦ થયું હતું. વિશ્વબજારમાં સોનુ ૫૬૦૦ ડોલરની નજીક પહોંચી ગયું હતું. ઉંચામાં ૫૫૯૧ ડોલર થઇને કુલ ૧૨૭ ડોલરના ઉછાળાથી ૫૫૪૧ ડોલર સાંપડયું હતું. આ જ રીતે ચાંદીએ પણ નવો ઇતિહાસ રચ્યો હતો. કોમોડીટી એકસચેંજમાં ચાંદીનો ભાવ ૪,૦૦,૦૦૦ને ક્રોસ કરી ગયો હતો. ગત રાત્રે જબરદસ્ત તેજી આજે પણ આગળ ધપી હતી અને શરૂઆતથી જ સડસડાટ ભાવ ઉંચે ચડતા રહ્યા હતા.વિશ્વબજારમાં ૧૧૭.૩૨ ડોલરનો ભાવ સાંપડયો હતો.

અનુસંધાન પાના ૭ પર

# મની લોન્ડ્રીંગ કેસમાં ઈડીની કાર્યવાહી અનિલ અંબાણીની અબજોની સંપતિ જપ્ત

**વધુ ૧૮૦૦ કરોડની સંપતિ સાથે અત્યાર સુધીમાં કુલ ૧૨૦૦૦ કરોડની પ્રોપર્ટી કબજે કરાઈ**

નવી દિલ્હી, તા. ૨૯

રિલાયન્સ સમૂહના ચેરમેન અનિલ અંબાણીની કંપનીઓ સામે ચાલી રહેલી મની લોન્ડ્રીંગની તપાસ અંતર્ગત ઈડીએ ૧૮૦૦ કરોડ રૂપિયાથી વધુ નવી સંપતિ જપ્ત કરી છે. આ તાજેતરની કાર્યવાહી સાથે મામલામાં સંઘીય તપાસ એજન્સીએ અત્યાર સુધીમાં લગભગ ૧૨ હજાર કરોડ રૂપિયાની સંપતિ એટેચ કરી છે.

ઈડીએ બુધવારે જણાવ્યું હતું કે તેણે આ સંબંધમાં મનીલોન્ડ્રીંગ રોકથામ જોગવાઈ અંતર્ગત ચાર અલગ-અલગ વચગાળાના આદેશ જાહેર કર્યા છે. જણાવાયા મુજબ જપ્ત કરાયેલી સંપતિઓમાં બેન્કમાં જમા રકમ, સૂચિબદ્ધ વિનાના રોકાણો અને કેટલીક અચલ સંપતિઓ છે.

આ કાર્યવાહી રિલાયન્સ હોમ ફાયનાન્સ લિમિટેડ, રિલાયન્સ કોમર્શિયલ ફાઈનાન્સ લિમિટેડ યસ બેન્ક અને રિલાયન્સ કોમ્યુનીકેશન લિમિટેડ સાથે સંકળાયેલ કથિત છેતરપીંડીના મામલામાં કરવામાં આવી છે.

નવા એટેચમેન્ટમાં બીએસઈએસ યમુના પાવર, રાજધાની પાવર અને મુંબઈ મેટ્રો વન પ્રાઈવેટમાં રિલાયન્સ ઈન્ફ્રાસ્ટ્રકચરની શેર ધારિત સામેલ છે. જણાવ્યા મુજબ બેન્કમાં જમા ૧૪૮ કરોડ રૂપિયા અને ૧૪૩ કરોડ રૂપિયાને અસ્થાયી રીતે જપ્ત કરાયા છે.

આ રકમ વેલ્યુ કોર્પ ફાયનાન્સ એન્ડ સિકયોરિટી લિમિટેડ પાસે હતી. કંપનીના વરિષ્ઠ અધિકારી અંગરાઈ સેથુરમના નામે એક આવાસીય ઘર અને એક વરિષ્ઠ કર્મચારી પુનીત ગર્ગના શેર અને મ્યુચ્યુઅલ ફંડ પણ જપ્ત કરાયા છે. આ મામલામાં અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓએ અગાઉ કોઈપણ ખોટું કામ કર્યાનો ઈન્કાર કર્યો છે.

## વર્લ્ડ કપમાં ભારત સામે રમશે પાકિસ્તાન

લાહોર, તા ૨૯

સરકારની વિરુદ્ધ નીતિનો ભોગ પાકિસ્તાનની પુરુષ ક્રિકેટ ટીમ ભોગવી રહી છે છે. બાંગ્લાદેશની જેમ, તેના ક્રિકેટરોને ખબર નથી કે તેઓ ભારત અને શ્રીલંકામાં યોજાનાર ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેશે કે નહી.

ભારતમાં રમવાનો ઈનકાર કર્યા બાદ ઝઝ એ બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી બહાર કાઢ્યું. પાકિસ્તાનના સમર્થનમાં બાંગ્લાદેશે પણ અનેક ધમકીઓ આપી હતી, જેમાં ટુર્નામેન્ટ અને ભારત સામેની મેચોનો બહિષ્કાર કરવાનો સમાવેશ થાય છે.જોકે, આ નિવેદનો હવે તેમના પર વિપરીત અસર કરી રહ્યા છે. હંમેશની જેમ, તેમના નિવેદનો પછી, પાકિસ્તાન તે કરશે જે તેણે પહેલા નકાર્યું હતું. પાકિસ્તાની મીડિયા અહેવાલો અનુસાર, પાકિસ્તાન ન તો ટુર્નામેન્ટનો બહિષ્કાર કરશે કે ન તો ભારત

અનુસંધાન પાના ૭ પર

# રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં વરસાદ પડતા ખેડૂતોમાં ચિંતા

### ધૂમ્મસના કારણે બીકાનેરમાં અકસ્માત બાદ બસમાં આગ : ૪૦ મુસાફરોનો બચાવ

નવી દિલ્હી, તા. ૨૯

મધ્યપ્રદેશના ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, જબલપુર અને ગ્વાલિયર સહિત ૩૦થી વધુ જિલ્લાઓમાં વરસાદ પડ્યો. ગ્વાલિયરમાં અઢી ઈંચ વરસાદ પડ્યો. આઠ જિલ્લાઓમાં કરા પડ્યા, જેનાથી ઘઉં, ચણા અને સરસવના પાકને નુકસાન થયું.

રાજસ્થાનમાં માવઠા બાદ, બિકાનેર, જયપુર, શ્રીગંગાનગર અને નાગૌરમાં ગાઢ ધુમ્મસ છવાઈ ગયું. ઘણા વિસ્તારોમાં વિઝિબિલિટી ૩૦ મીટરથી ઓછી રહી. ધુમ્મસને કારણે, બિકાનેરમાં એક લક્ઝરી બસ ટ્રક સાથે અથડાઈ ગઈ. અકસ્માતમાં સમાં આગ લાગી ગઈ, જેમાં ૪૦ મુસાફરો સવાર હતા, જેમણે પોતાનો જીવ બચાવવા માટે ઈમરજન્સી બારીમાંથી કૂદી પડ્યા.

બુધવારે હિમાચલ પ્રદેશના નવ જિલ્લાઓમાં બરફ પડ્યો હતો, જ્યારે સ્પિતિમાં બરફનું વાવાઝોડું હતું. ચંબાના ભરમૌરમાં ગ્લેશિયર તૂટી પડવાથી વાહનો, દુકાનો અને ત્રણ માળના મકાનને નુકસાન થયું હતું. રાજ્યમાં ત્રણ નેશનલ હાઈવે સહિત ૮૮૯થી વધુ રસ્તાઓ બંધ છે.ઉત્તરાખંડના તમામ

અનુસંધાન પાના ૭ પર

# કોલંબિયામાં લેન્ડીંગ પૂર્વે પ્લેન ક્રેશ એક સાંસદ સહિત ૧૫ યાત્રીના મોત

### વિમાન રહસ્યમય રીતે ગુમ થયા બાદ રડાર સાથેનો સંપર્ક તૂટી ગયો હતો

નવી દિલ્હી, તા. ૨૯

ગઈકાલે મહારાષ્ટ્રમાં બારામતીમાં લેન્ડીગ વખતે પ્લેન ક્રેશ થતાં મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજીત પવાર સહિત અનેક લોકોના મોતની દુર્ઘટનાના સમાચારની શાહી હજુ સુકાઇ નથી ત્યાં ગઇકાલે જ કોલંબિયામાં લેન્ડીગની ૧૧ મીનીટ પહેલા એક વિમાન ક્રેશ થયું હતું અને તેમાં પણ એક રાજકીય નેતા-સાંસદ સહિત ૧૫ લોકોના મોત નિપજ્યા છે.

કોલંબિયામાં બુધવારે સર્જાયેલી એક ભયાનક વિમાન દુર્ઘટનામાં સાંસદ સહિત તમામ ૧૫ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. કોલંબિયામાં કુકુટાથી ઓકાણા જઈ રહેલું 'Beechcraft ૧૯૦૦'



નામનું કોમર્શિયલ વિમાન બુધવારે સવારે ૧૧:૪૨ વાગ્યે ઉડાન ભર્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયું હતું.

ઉડાનના થોડા સમય બાદ, લેન્ડિંગની માત્ર ૧૧ મિનિટ પહેલા જ રડાર સાથેનો તેનો સંપર્ક તૂટી ગયો હતો. રાજ્ય એરલાઇન SATENA અનુસાર, વિમાનનો છેલ્લો સંપર્ક 'કેટટુમ્બો' ક્ષેત્ર ઉપર નોંધાયો

અનુસંધાન પાના ૭ પર

# બાળકોમાં સ્ક્રીન વ્યસનને મુદ્દે અમેરિકાની અદલાતમાં કેસ ચાલશે

### સમસ્યા કન્ટેન્ટ નહીં, તેની ડિઝાઈન છે, જે બાળકોમાં તમાકુ જેવી લત લગાડે છે : વકીલનો દાવો

નવી દિલ્હી, તા. ૨૯

દુનિયાની દિગ્ગજ સોશિયલ મીડિયા કંપનીઓ જલદી અમેરિકી અદાલતોમાં આરોપીના પાંજરામાં ઉભી રહેશે. ચેટા (ઈન્સ્ટાગ્રામ), બાઈટ ડાન્સ (ટિકટોક), ગુગલ (યુ-ટ્યુબ) અને સ્નેપચેટ જેવી કંપનીઓ પર ૩૫૦ પરિવારો સહિત ૧૬૦૦ લોકોએ કેસ દાખલ કર્યા છે.

કંપની સામે આરોપ છે કે તેણે પોતાના એપ્સ જાણી જોઈને એવા ડિઝાઈન કર્યા છે જેની 'નશા'ની જેમ લત લાગી જાય છે તેની સૌથી ખરાબ અસર બાળકો અને કિશોરીના માનસિક સ્વાસ્થ્ય પર પડે છે.

આ દિશામાં લોસ એન્જલ્સમાં પ્રથમ કેસની તુલના ૧૯૯૦ના દાયકાના ચર્ચિત 'તમાકુ કેસ' સાથે થઈ રહી છે. જેના બાદ દુનિયાભરમાં સિગારેટ કંપનીઓ પર સખ્ત અંકુશો લાગ્યા હતા.

જો ઉપરોક્ત કેસનો ફેસલો બાળકોના પક્ષમાં આવે તો સોશિયલ મીડિયા ઉદ્યોગ પણ બદલી શકે છે. પહેલા કેસમાં ટિકટોક અને સ્નેપચેટ કોર્ટની બહાર સેટલમેન્ટ કરી લીધું છે. જો કે બન્ને હજુ પણ એવા અનેક અન્ય કેસોના આરોપી છે.

પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો .નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫



કતારગામ વિસ્તાર ની ટીપી ૪૯,૫૦,૫૧ માં સોસાયટીની વાડી, મકાન, ખુલ્લા પ્લોટ રસ્તાઓ પર રાજ્ય સરકારે ઇરાદાપૂર્વક રિઝર્વેશન નાખવામાં આવ્યા છે જેને રદ કરવાના હેતુસર આગામી તારીખ ૩૧.૦૧.૨૬, શનિવારે સાંજે ૪ કલાકે મુગલીસરા કચેરી, સુરત મહાનગરપાલિકા કચેરી પર આવેદનપત્ર આપી રજુઆત કરવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે જે સંદર્ભ સોસાયટીની શેરીએ શેરીએ જઈને ઢોલના નાદ સાથે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

# કતારગામ ટીપી સ્કીમ ૪૯, ૫૦, ૫૧માં અન્યાયી રિઝર્વેશન સામે જનઆંદોલન

## આગામી શનિવારે સાંજે ૪ કલાકે કતારગામ દરવાજાથી રેલી કાઢીને મનપા કચેરીએ સામૂહિક આવેદનપત્ર અપાશે

સુરત, તા.૨૯

વિવાદિત કતારગામ વિસ્તારની પ્રિલિમનરી ટીપી સ્કીમ નંબર ૪૯,૫૦,૫૧ માં છેલ્લા ઘણા વર્ષોથી અસ્તિત્વમાં રહેલી રહેણાંક વસાહતી સોસાયટીની વાડી, મકાનો, ખુલ્લા પ્લોટો તેમજ રસ્તાઓ પર કોઈપણ સ્થળ તપાસ કર્યા વગર ઈરાદાપૂર્વક મનફાવે તે રીતે વર્ષો જુની વસાહતો પર રાજ્ય સરકારે રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યા છે જેને રદ કરવાના અને ન્યાય મળે તે હેતુસર આગામી તારીખ ૩૧ જાન્યુઆરીના શનિવારના રોજ સાંજે ૪ કલાકે કતારગામ દરવાજા સાઇ બાબાના મંદિર પાસેથી પગપાળા રેલી લઈને મુગલીસરા સ્થિત સુરત મહાનગરપાલિકા કચેરીમાં કમિશનર અને મેયરને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેથી જે સોસાયટીમાં રિઝર્વેશન દાખલ કરવામાં આવ્યું છે ત્યા ગત રોજ સાંજે ૮ કલાકે આંબાતલાવડી વિસ્તારની સોસાયટીમાં અસરગ્રસ્તો લોકો એકત્ર થઈને રિઝર્વેશન મુકેલી સોસાયટીની શેરીએ શેરીએ જઈને ઢોલ વગાડીને આવેદનપત્રના કાર્યક્રમાં આમંત્રણ આપવાનું જનઆંદોલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં અસરગ્રસ્ત લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને લોકપ્રતિસાદ મળ્યો હતો. આજે ગુરૂવારની સાંજે ૮ કલાકે ફરી ડભોલી ચારરસ્તા, સીંગણપોર વિસ્તારની સોસાયટીમાં જનઆંદોલન ની રેલી ફરશે. આશરે કતારગામની ૧ લાખ થી વધુ સ્થાનિક લોકોને અસરકરતી આ ગંભીર સમસ્યા છે જેના કારણે સ્થાનિક નાગરિકોમાં ભારે ચિંતા, અસંતોષ અને મુંઝવણમાં મુકાઇ ગયા છે. નાગરિકોનું જિંદગીભરનું બનતું એકનું એક ઘર કે પ્લોટ પર તેમજ સામાજીક, ધાર્મિક કે શૌક્ષણિક કાર્ય માટે વપરાતી સોસાયટીની વાડીમાં રિઝર્વેશન મૂકવામાં આવ્યા છે, જેના કારણે સ્થાનિક નાગરિકો ગંભીર રીતે પીસાઈ રહ્યા છે. અને અન્યાય સહન કરી રહ્યા છે. આ વિષયના ન્યાય માટે છેલ્લા ૩ વર્ષથી લડત લડી રહ્યા છીએ ત્યારે કોઇ ન્યાય મળ્યો નથી.



# સુરત શહેરના ૩૯ આરોગ્ય કેન્દ્રોને એનક્યુએએસના સર્ટિફિકેટ મળ્યાં

## ઈસ્પેક્શનમાં આરોગ્ય સેન્ટરોને ૮૫ ટકાથી વધુ ગુણ મળ્યાં

સુરત, તા.૨૯

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત શહેરીઆરોગ્ય કેન્દ્રો અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રોની આરોગ્ય લક્ષી સેવાને લગતી રાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા ચકાસવા (નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ- NQAS) માટે Additional Secretary Mission Directro (NHM) Government of India Ministry of Health & Family Welfare Nirman Bhavan, New Delhi દ્વારા એસેસમેન્ટ હાથ ધરવામાં આવે છે.જે અંતર્ગત શહેરી આરોગ્ય કેન્દ્રો અને શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રોની આરોગ્ય સેવાઓને લગતી મૂલ્યાંકન પ્રક્રિયા કે જેમાં મેડીકલ ઓફિસર, સ્ટાફ નર્સ, લેબટેકનિશિયન, ફાર્માસિસ્ટ તેમજ અન્ય સ્ટાફનું આરોગ્યલક્ષી જ્ઞાન, નિભાવેલ રેકોર્ડ-રજીસ્ટરની ચકાસણી તેમજ દર્દીના સંતોષકારક ફીડબેકને ચકાસવા વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિવિધ આરોગ્યલક્ષી માપદંડ જેવા કે સગર્ભા- પ્રસૂતાની સેવા,બાળ-સંભાળ અને સારવાર, કુટુંબ કલ્યાણની સેવાઓ, ચેપી રોગોનું સંચાલન, સામાન્ય રોગોની સારવાર, બિન સંચારી રોગોની સારવાર, ઈન્ફેકશન કંટ્રોલ, વૃદ્ધ દર્દીઓની સાર-સંભાળ, ઈમરજન્સી સેવાઓ,માનસિક બિમારીવાળાદર્દીઓની સંભાળ જેવી સુવિધાઓની ખાતરી રાષ્ટ્રીયકક્ષાનાં નિષ્ણાંતો દ્વારા કરવામાં આવે છે. જાન્યુઆરી-૨૦૨૬ દરમ્યાન માન.ડે.કમિશ્નરશ્રી ડી.(હે & હો) અને આરોગ્ય અધિકારીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સુરત મહાનગરપાલિકા સંચાલિત ૦૭(૦૬ શહેરીઆરોગ્ય કેન્દ્રો અને ૦૧-શહેરી સામુહિકઆરોગ્ય કેન્દ્ર)આરોગ્ય કેન્દ્રોની ચકાસણી કરવામાં આવેલ.જે અન્વયે અલથાણ શહેરી આરોગ્ય કેન્દ્ર, વરાછા શહેરીઆરોગ્ય કેન્દ્ર, ભેસ્તાન શહેરીઆરોગ્ય કેન્દ્ર, નવાનગર શહેરીઆરોગ્ય, કેન્દ્રકરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર,

અનુસંધાન પાના ૭ પર

# વાલમનગરની ડેરીમાંથી માવો અને ચીઝ એના લોગ શંકાસ્પદ જથ્થો જપ્ત

## ફૂડ વિભાગ તથા એસઓજી પોલીસ દ્વારા વારણા દૂધની દુકાનમાં તપાસ

સુરત, તા.૨૯

ડે. કમિશનર (હેલ્થ અને હોસ્પિટલ) (ડી) તથા ડેઝીગ્નેટેડ ઓફિસર અને આરોગ્ય અધિકારી શ્રી ની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ મળેલ માહિતીના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા ના ફૂડ ઈન્સ્પેકશન વિભાગના ફૂડ સેફટી ઓફિસર અને એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ સાથે સંયુક્તપણે સ્થળ તપાસ કરતા ઠેકાણું પ્લોટ નં. ૮, વાલમનગર સોસાયટી વિભાગ-૧, સીમાડાગામ, સુરત ખાતે આવેલ સંસ્થા વારણા દૂધ (ગુરુકૃપા ટ્રેડીંગ) નામની સંસ્થા માંથી "નોન્બ્રંડેડ ચીઝ એનાલોગ" અને "દૂધ નો માવો" નો શંકાસ્પદ જથ્થો હોવાનું માલૂમ પડેલ. સદર સ્થળેથી "નોન્બ્રંડેડ ચીઝ એનાલોગ" અને "દૂધ નો માવો" ના નમૂનાઓ લઈ પૃથ્થકરણ સારું લેબોરેટરી ખાતે મોકલાવેલ છે જેનો પૃથ્થકરણ અહેવાલ આવ્યેથી ફૂડ સેફટી એક્ટ-૨૦૦૬ અને તેના નીતિનિયમો અનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. વધુમાં સદર સંસ્થામાંથી આશરે ૫૪૦ કિલો શંકાસ્પદ નોન્બ્રંડેડ ચીઝ એનાલોગનો જથ્થો જેની અંદાજિત કીમત આશરે રૂપિયા ૧,૨૯,૦૦૦/- અને દૂધનો માવો જેની અંદાજિત કીમત આશરે રૂપિયા ૨૭,૬૦૦/-હોય તેવો કુલ રૂપિયા ૧,૫૬,૦૦૦/- ખાદ્યપદાર્થનો જથ્થો ઉપરોક્ત સંસ્થા ખાતે સીઝ કરવામાં આવેલ છે.

# શ્રી મોઢેશ્વરી માતાજીનો પાટોત્સવ યોજાશે

સુરત, તા.૨૯

બાલાજી રોડ પર શ્રી રામજી મંદિર ટ્રસ્ટ ધ્વારા તા. ૩૧/૦૧/૨૦૨૬ મહાસુદ તેરસ શનિવારે શ્રી મોઢેશ્વરી માતાજીના પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત યોજાયેલા કાર્યક્રમોમાં સવારે ૩.૦૦ કલાકે માતાજીનો વૈદિક મંત્રો સાથે દૂધ, કેસર, ગંગાજળથી અભિષેક તથા સવારે ૭.૦૦ કલાકે માતાજીની આરજી તથા સવારે ૭.૦૦ થી રાત્રે ૧૧.૦૦ કલાક સુધી અન્નકૂટનાં દર્શન થશે. સવારે ૧૧.૦૦ થી ૩.૦૦ કલાક સુધી નવચંડી હવનનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવિ ભક્તોને પાટોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા આમંત્રણ છે.



# અંકલેશ્વર ગુર્જર લેઉવા પાટીદાર સમાજનો સ્નેહમિલન સમારંભ

## કાર્યક્રમમાં ખોડલધામ સમિતિ સુરતના કન્વીનર અલ્પેશ કથિરીયા ઉપસ્થિત રહ્યા



અંકલેશ્વર, તા.૨૯

શ્રી ગુર્જર લેઉવા પાટીદાર સમાજ અંકલેશ્વર-ભરૂચ દ્વારા ૨૫ જાન્યુઆરીના રોજ ૨૬ મો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી તેમજ મંડળ ના સલાહકાર તથા સમાજના ઉપાધ્યક્ષ સુભાષ પટેલ દ્વારા પ્રાસંગિક ઉદભોદન કરવામાં આવ્યું હતું.? આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અનામત આંદોલનમાં મહત્વ ની ભૂમિકા ભજવી એવા પાટીદાર સમાજના આગેવાન અલ્પેશભાઈ કથરિયા, મોજે દરિયા ફિલ્મના ઍક્ટર ખુશીબેન, ભરૂચ જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ ફાલ્ગુનીબેન તથા ડો.વિલાસભાઈ પટેલ વડોદરા મંડળના પ્રમુખ સંદિપભાઈ, સહ ખજાનચી રાજેન્દ્રભાઈ, શ્રી ખોડલધામ સમિતિ તાપી જિલ્લા ટીમ હજાર રહી હતી. સાથે સમાજના ધો.૧ થી ૧૨ માં પ્રથમ આવનાર તેજસ્વી તારલાઓનું સમ્માન કરવામાં આવ્યું હતું. સ્વ.કાશીબેન ગિરધરભાઈ પટેલના સ્મરણાર્થે મોહનભાઈ પટેલ ના હસ્તે વિવિધ ૩ એવોર્ડ આપવામાં આવ્યા હતા, તેમજ કાર્યક્રમમાં ફેન્સી ડ્રેસ, લકી ડ્રો નું આયોજન કરવામાં આવ્યું હતું, જગદીશ પટેલ દ્વારા મંડળનો વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. અલ્પેશભાઈ દ્વારા કહેવામાં આવ્યું કે આપણા સમાજના બાળકો જેમ બને તેમ ઉચ્ચ શિક્ષણ અને સારી નોકરી મેળવી જીવનમાં પ્રગતિ કરી આગળ વધે તેવી વિગતવાર માહિતી આપી. સમાજના લોકો સમાજમાં જ લગ્નનો કરે એવો આગ્રહ કર્યો સાથે વિવિધ પ્રકારના વ્યસનો થી દૂર રહેવાની વાત કરવામા આવી, સાથે સમાજના સ્નેહમિલન કાર્યક્રમ રાખવાથી ઘણા ફાયદાઓ થાય છે અને સમાજની એકતા રહેશે તો જ આપણે આગળ વધીશું.



# શંભુભાઈ પટેલની પૂણ્યતિથિ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો

## બરફીવાલા અને લાયન્સ કલબ સુરત મૈત્રીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિર યોજાઈ

સુરત, તા.૨૯

પ્રેસ મીડિયા પબ્લિસીટી ચેરપર્સન લાયન કિર્તી શાહ જણાવે છે કે, તા. ૨૩-૦૧-૨૦૨૬ના રોજ કોલેજના ટ્રસ્ટી સ્વ. શુંભભાઈ પટેલની પુણ્યતિથી નિમિતે દર વર્ષની જેમ આ વર્ષે પણ આચાર્યા ડૉ. હિનાબેન ઓઝાના માર્ગદર્શન તથા NSS પોગ્રામ ઓફિસર પ્રા. અસ્મિતાબેન પાનસુરીયા અને પ્રા. ડૉ. કૃણાલ રજપૂતના સંચાલન હેઠળ 'રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરોએ રક્તદાન કર્યું હતું. ટ્રસ્ટના મંત્રીશ્રી નિતીનભાઈ મહેતા હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. લાયન્સના પાસ્ટ મલ્ટીપલ કાઉન્સીલ ચેરપર્સન લાયન નિશીથ કિનારીવાલા, કલબ પ્રમુખ લાયન પ્રીતિ કિનારીવાલા તથા મંત્રી લાયન સંજય દેસાઈએ રક્તદાતાઓને સર્ટીફિકેટ અને ભેટ આપી અભિનંદન આપ્યા હતા. પ્રોજેક્ટ ચેરપર્સન લાયન મહેન્દ્ર પ્રજાપતિ તથા કો-ચેરપર્સન લાયન મુકેશ શાહે ખૂબ જ સુંદર આયોજન કરી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.માં સમાનતા, સુરક્ષા વિષયે સેમિનાર



## નિરજા પારેખ પરિવર્તન જીવનશૈલી વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું

સુરત, તા.૨૯

તારીખ ૨૮/૦૧/૨૦૨૬ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનામા.કુલપતિ શ્રી ડો.કિશોરસિંહ ચાવડા અને કુલસચિવ ડો.રમેશદાન ગઢવી ના માર્ગદર્શન હેઠળ વુમન ડેવલપમેન્ટ સેલ અને જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "સેતુ કાર્યક્રમ"ના ભાગરૂપે જાતિગત સમાનતા ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર મુખ્ય ત્રણ સત્રમાં વિભાજીત હતો. સવારે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થયેલ આ કાર્યક્રમની શરૂઆતમાં શિક્ષણ વિભાગના પ્રોફેસર ડૉ. કિર્તીબેન ઠાકર દ્વારા સમગ્ર કાર્યક્રમની રૂપરેખા જણાવવામાં આવી હતી. ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. દિલીપભાઈ જોષી દ્વારા પ્રાસંગિક ઉદબોધન અને ઉપસ્થિત મહેમાનોના સ્વાગત સત્કાર બાદ ૧૨:૩૦ વાગ્યે કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પ્રથમ સત્ર ૧૨:૩૦ વાગ્યાથી ૧:૩૫ વાગ્યા સુધી હતું. આ સત્રના મુખ્ય વક્તા તરીકે પધારેલ સુજ્ઞશ્રી નિરજા પારેખ હતા.તેમણે પૂર્વની જીવનશૈલીને આધારિત વર્તમાન આધુનિક ઝડપી અને પરિવર્તનશીલ જીવનશૈલી આધારિત સ્વસ્થ ખોરાકની આદત વિષે વિસ્તૃત ચર્ચા કરી આધુનિક જીવનશૈલીને આધારિત વિદ્યાર્થી તથા ફેકલ્ટીના વિવિધ પ્રશ્નોની તેમની સાથે ચર્ચા કરી પ્રથમ સત્ર ખુબજ ઉત્સાહભર્યું રહ્યું હતું. બીજું સત્ર ૨:૦૦ વાગ્યાથી ૩:૩૦ વાગ્યા સુધી ચાલ્યું. તેમાં મુખ્ય વક્તા તરીકે જેન્ડર રિસોર્સ સેન્ટરના ઓફિસર મહેન્દ્રભાઈ મકવાણા હતા. આ સત્ર દરમિયાન તેમણે લિંગ તથા જાતિયતા અંગેનો ભેદ સમજાવ્યો. તેમણે સમજાવ્યું કે લિંગ એ કુદરતી બાબત છે જ્યારે જાતિયતા એ માનસિક બાબત છે. સમગ્ર ચર્ચા દરમિયાન તેમણે સેમિનારમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ દ્વારા પુછાયેલ પ્રશ્નોના ઊંડી સમજણ વિકસે

અનુસંધાન પાના ૭ પર

# યુપીએલ યુનિવર્સિટી ખાતે ગણતંત્ર દિનની ઉજવણી

## મુખ્ય અતિથિ પંકજ મહેતાના હસ્તે તિરંગો લહેરાવાયો

સુરત, તા.૨૯

યુપીએલ યુનિવર્સિટી ઓફ સસ્ટેનેબલ ટેકનોલોજી, અંકલેશ્વરે વહીવટી ભવન પાસેના ક્વાડ્રેંગલ ખાતે ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ અને દેશભક્તિના ઉત્સાહ સાથે કરી. ધ્વજારોહણ મુખ્ય મહેમાન શ્રી પંકજ મહેતા ભુતપુર્વ પ્રમુખ, રોટરી ક્લબ ઓફ અંકલેશ્વર દ્વારા કરવામા



આવ્યો હતો. ત્યારબાદ સભાએ ગર્વથી રાષ્ટ્રગીત, રાષ્ટ્રધ્વજ ગીત અને એનસીસી ગીત ગાયું હતું, જેનાથી એકતા અને રાષ્ટ્રીય ગૌરવથી ભરેલું વાતાવરણ સર્જાયું હતું. ઉજવણીમાં પ્રોવોસ્ટ દ્વારા સ્વાગત ભાષણ અને એનએસએસ સ્વયંસેવક દ્વારા એકલ નૃત્ય, એનસીસી કેડેટ્સ દ્વારા જૂથ ગીતો અને નૃત્યો અને શિસ્ત અને ટીમવર્કનું પ્રતીક કરતી પ્રભાવશાળી પિરામિડ રચના સહિત એક જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમનો સમાવેશ થતો હતો. એનસીસી પ્લાટૂન ચેમ્પિયન્સ, એનએસએસ સિટીના

અનુસંધાન પાના ૭ પર



# રંગ ઈન્ટરનેશનલ સ્કૂલને સક્ષમ શાળા જાહેર કરાઈ

## સ્કૂલને યુનિસેફ અને સમગ્ર શિક્ષા ગુજરાત દ્વારા પ્રમાણપત્રથી સન્માનિત કરાઈ

અંકલેશ્વર, તા.૨૯

અંકલેશ્વર, ભરૂચની જાણીતી શૈક્ષણિક સંસ્થા રંગ ઈન્ટરનેશનલ સ્કૂલ (CBSE & GSEB) એ વધુ એક ગૌરવશાળી સિદ્ધિ હાંસલ કરી છે. યુનિસેફ (UNICEF) અને સમગ્ર શિક્ષા, ગુજરાત ના સંયુક્ત ઉપક્રમે ચાલતા 'સક્ષમ શાળા' કાર્યક્રમ અંતર્ગત શાળાને ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવી છે. શાળાએ ખાસ કરીને 'સ્વચ્છતા, હરિયાળી, પાણી, શૌચાલય, આરોગ્ય, જમીન, સલામતી અને વર્તન-પરિવર્તન

અનુસંધાન પાના ૭ પર

# આવતા રવિવારે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાશે

## ૭૧ યુગલો પ્રભુતામાં પગલા પાડશે: ૨૦૦૦ સ્વયમ સેવકો વ્યવસ્થા સંભાળશે

સુરત, તા.૨૯

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આગામી ૧ ફેબ્રુઆરી રવિવારના રોજ ૬૭ માં સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મોટા વરાછા, આઉટર રીંગ રોડ ખાતે યોજનાર સમૂહ લગ્નોત્સવમાં ૭૧ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાનાર છે. હીરા ઉદ્યોગની અગ્રણી કંપની શિવમ જવેલ્સના શ્રી ઘનશ્યામભાઈ શંકર પરિવાર સમૂહલગ્ન સમારોહના યજમાન પરિવાર છે. શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી અને અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયા સહીત રાજસ્વી મહાનુભાવોની હાજરીમાં યોજાનાર આ શિવમ લગ્નોત્સવમાં ૧૫૦૦૦ થી વધુ જન ઉપસ્થિત રહેનાર છે.

રાજ્ય સભાના સાંસદ અને સૌરાષ્ટ્ર સમાજના મોભીશ્રી ગોવિંદભાઈ ધોળકિયા, સરદારધામના પ્રમુખશ્રી ગગજીભાઈ સુતરીયા, પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા, લવજીભાઈ બાદશાહ, કેશુભાઈ ગોટી, શ્રી મનજીભાઈ ધોળકિયા અને જયંતીભાઈ એકલારા અને ધીરૂભાઈ નારોલા સહીત વિશેષ અગ્રણીઓ મોટી સંખ્યામાં મુખ્ય અતિથી તરીકે ઉપસ્થિત રહેનાર છે. રવિવાર સાંજે ૫ કલાકે શરણાઈના સુર સાથે વરપક્ષ-કન્યાપક્ષનું આગમન થશે. વર્ષોથી પરંપરા મુંજબ ગંગાસ્વરૂપ બહેનોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય વિધિ સાથે સમારોહનો પ્રારંભ થશે. હજારોની જનમેદની એક સાથે રાષ્ટ્રગીતનું ગાન કરશે પછી ૭૧ લગ્ન મંડપમાં લગ્નવિધિનો પ્રારંભ થશે. વિશેષ મહાનુભાવો નવયુગલોને આશિષ પાઠવશે અને રાત્રે ૯ કલાકે કન્યાવિદાય સાથે સમૂહલગ્ન સમારોહનું સમાપન થશે. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી ૧૯૮૩ થી સમૂહલગ્ન સમારોહની સેવા પ્રવુતિઓનો પ્રારંભ થયો છે. ૪૫ વર્ષથી ચાલતી આ પ્રવૃતિમાં ૫૪૬૩ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા છે. સમૂહલગ્ન સમારોહના માધ્યમથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતે હંમેશા સમાજને નવી દિશા અને નવો વિચાર આપવા પ્રયાસ કર્યો છે. વર્તમાન સમયમાં લોકો સામે સૌથી મોટો પડકાર ડ્રગ્સનું દુષણ અને સાઈબર ક્રાઈમની ઘટનાઓ છે. આ માટે અંદાજે ૧૫૦૦૦ થી વધુ જનમેદનીને નો ડ્રગ્સ, ડ્રગ્સ થી દુર રહીએ અને સાઈબર ક્રાઈમ જાગૃતિ તથા બેંક ખાતું કોઈને ભાડે ન આપીએ

અનુસંધાન પાના ૭ પર

# માતા-પિતાએ પુત્ર સામે ખોરાકી માટે કરેલી અરજી ઉપર હાઈકોર્ટની રોક

## જવાબ રજૂ કરવા માતા-પિતાને નોટીસ આપતી હાઇકોર્ટ

સુરત, તા.૨૯

અરજદાર મયુર નારાયણદાસ ઝવર કે જેઓ ચાર્ટડ એકાઉન્ટન્ટ છે, તેઓના માતાપિતાએ મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરન્ટસ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ, ૨૦૦૭ હેઠળ ખોરાકી પોષાકી મેળવવા માટેની અરજી મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ યાને કે ડેપ્યુટી કલેકટર કચેરીમાં દાખલ કરેલ. અરજી દાખલ થયા બાદ મેઈન્ટેનન્સ ટ્રીયબ્યુનલે સમગ્ર પ્રકરણ સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં તબદિલ કરેલ, સમાજ સુરક્ષા અધિકારીએ મયુર ઝવરનાઓને નોટીસ ઈસ્યુ કરી જવાબ રજુ કરવા જણાવેલ, તેથી મયુર નારાયણદાસ ઝવરનાઓએ પોતાના એડવોકેટ ઝમીર શેખ મારફતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરેલ અને માતાપિતાની ખોરાકી પોષાકી માટેની અરજીનો વિરોધ કરેલ. મયુર ઝવરની પીટીશનની સુનાવણી આજરોજ થતા એડવોકેટ ઝમીર શેખનાઓએ દલીલ કરેલ કે, સમાજ સુરક્ષા અધિકારી પાસે કોઈપણ સત્તા ન હોવા છતા તેઓએ નોટીસ ઈસ્યુ કરેલ. સમગ્ર કેસ ચલાવવાની સત્તા અને હકૂમત મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ યાને કે ડેપ્યુટી કલેકટર પાસે છે નહી કે સમાજ સુરક્ષા અધિકારી પાસે. અરજદાર મયુર ઝવરનાઓને સમાજ સુરક્ષા અધિકારી ધ્વારા જે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે તે નોટીસ રદ કરવા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આજરોજ માતાપિતાની ખોરાકી પોષાકી મેળવવાની અરજી જે સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં છે તે અરજીને સ્ટે કરવા દલીલો કરવામાં આવતા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ડેપ્યુટી કલેકટર, સમાજ સુરક્ષા અધિકારી સુરત તથા અરજદાર મયુર ઝવરના માતાપિતાને નોટીસ ઈસ્યુ કરી જવાબ રજુ કરવાનો હુકમ કરેલ છે અને સમગ્ર પ્રકરણ ઉપર સ્ટે કરેલ છે.

# ભણતરના વહેણ આગળ આ ભાષાના બાંધનું શું ગજું!

ભણતરની રેલગાડીમાં ભલે હોય દ્વિભાષી પેસેન્જર પરંતુ આખરે કાર્યશૈલી, અનુભવ અને આવડતની લીલી ઝંડી નહીં મળે ત્યાં સુધી કાંઈક પણ શક્ય નથી. આજ સુધી લોકોના માનસમાં આ વાત ઉતારવી અને અનુસરણમાં લાવવી ખૂબ મુશ્કેલ રહી છે.કારણ ક્યાંક ને ક્યાંક દેખા-દેખી, વિચાર શૈલીમાં વિરોધાભાસ, ખોટા માર્ગદર્શક ને બઢાવો વગેરે. આખરે જીવ્હા તો જીવ્હા આપણે જેમ વાળીએ તેમ વળે, બોલવામાં હરિ બોલેય બોલે અને ગરમ માહોલમાં મુખ દ્વારા કાન ચીરી દેતા તણખાય છુટે.

આવી જ એક કોમળ અને સુંદર એવી ફુલની કળીને કેવો માહોલ આપવો એ ઉપર થતી ચર્ચા એ ક્યારે વાવાઝોડાનું રૂપ લઈ લીધું કોઈ જાણી ના શક્યું.એક ભાષાને લઈને થયેલી રિકજીકનો નમૂનો છુટા-છેડા સુધી પહોંચી ગયો આ જ છે માણસનું માનસ ગરદન કપાવી દેશે પરંતુ કદીય નમતું મુકશે નહીં.

હસતી રમતી બાળકી જીનલ એટલે પંચાલ પરિવારના ખોળેથી ખળ-ખળ વહેતી નદી. જેને સંસ્કારોની માટીથી એક મજબૂત પાળ બંધાવામાં આવે તેમ તે દિશામાં તે વળે તેવી ઉંમર. દાદા દાદીની વાર્તાઓ અને મમ્મી પપ્પાની શિસ્તબદ્ધ વાતો. આ જ હતી એની ઘર સુધીની કહાની હવે સમય આવ્યો હતો શિક્ષાના ધોરણે પગલું માંડવાનો. પિતા મયુરભાઈ શહેરના નામી વકીલ જેમની દલીલ એટલે પથ્થરની લકીર. માતા રીંકલબેન સાહિત્ય પ્રેમી તથા ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ખૂબ જ સારા પદે કામગીરી બજાવે.

ભણતરન થકી બંધાઈ ગુથાઈને પોતાના જીવનના ચિત્રોમાં રંગો ભર્યા. હવે વારો આવ્યો એમની સંતાનનો. જે માટે બંનેએ એક રાતે સાથે બેસી પોતાના મતો રજૂ કર્યા. બાળકી માટે કઈ સ્કૂલ સારી ? અને ક્યાં તે આગળ એક સારું ભવિષ્ય બનાવી શકશે? વગેરે. ધીરે ધીરે મતો દલીલોમાં ફેરવાયા અને ક્યારે યુદ્ધના તીર બની ગયા કોઈને ખબર જ ના પડી. અને એ દલીલો હતી ભાષાની.

પિતાનો મત મારી બાળકી આજના જમાના સાથે પગલાં માંડતી અંગ્રેજી ભાષા શીખે અને એમાં એનું ભવિષ્ય ઉજ્વળ બનાવે. માતા રીંકલબેન ગુજરાતી માધ્યમ માટે પોતાના મતનું જોર આપી રહ્યા હતા. કારણ પોતાનામાં રહેલી શબ્દ ભંડોળ અને અલંકારોની સમજ આગળ જતા દીકરીમાં પણ આવે એવું તેઓ ઈચ્છતા હતા. જે રસ્તે તેઓ પોતાની કારકિર્દી ના બનાવી શક્યા. તે રસ્તે રીંકલબેન પોતાની દીકરીને એક સારા પદે જોવા માંગતા હતા. અંતે આ મુદ્દાને લઈ ઘણી લડાઈ થઈ, વાદ-વિવાદ બાદ દાદા-દાદી આ માહોલ ને ઠંડો કરવા વચ્ચે આવ્યા. પરંતુ વાત ત્યાં હદ વટાવી ગઈ હતી.



આ ઘોર સંઘર્ષ બાદ બંને પતિ પત્ની પોતાના બાળકના માનસ અંગે વિચારી જ ના શક્યા. ગુસ્સામાં પિતા જીભ પરથી કાબુ ખોઈ બેઠા. અને વેણ છૂટ્યું, છુટા-છેડા. જો તે મારા વિચારોને માન નથી આપતી તો શું કામ છે સાથે રહેવાનું. માતા પણ આ બોલ સાંભળતા ગુસ્સે થયા અને આ વાત ખરેખર છુટા છેડા સુધી પહોંચી ગઈ.

હવે વાત આવી એ કોમળ ફૂલની જેને રોજ સૂર્યપ્રકાશ તથા પાણી એમ બંનેની જરૂર હતી પરંતુ બંને વચ્ચે થયેલો આ વિરોધાભાસે આ ફૂલ જેવી દીકરી જીનલને ખૂબ ખરાબ રીતે અસર કરી.આ બાદ જીનલની કસ્ટડી માતા રીંકલબેન ને અપાઈ. અને પિતા પોતાની ઉગ્રતામાં લેવાયેલા નિર્ણય ઉપર કાયમ રહ્યા. સમય જતા બાળકી અંદરો અંદર મૂંઝાતી રહી, માતા અને પિતા બંનેના પ્રેમ માટે રળતી અને એ પહેલાંના દિવસો યાદ કરતી. આ બાદ બાળકીએ જીદ નું જોર પકડ્યું અને માતા અને પિતા બંનેના પ્રેમ માટે એણે ખોરાકનો ત્યાગ કરી દીધો. જાણે હસવાનું રમવાનું ભૂલી ગઈ હોય એવું તેનું વર્તન થઈ ગયું હતું. આ જોતા માતાને ખુબ ચિંતા થઈ અને તેણે આ અંગે મયુરભાઈ જોડે વાત કરી કે આપણી બંનેની જવાબદારી છે આપણું સંતાન છે તો એના ઉજવળ ભવિષ્યના નિર્ણય આપણે બંને સાથે મળી લઈએ. મયુરભાઈ પણ આ સાંભળતા જ પાછલી બધી વાતો ભૂલી ગયા અને બંનેએ પહેલાની જેમ સાથે બેસી આના ઉપર વિચાર વિમર્શ કર્યો.શાંતિપૂર્ણ અને સમજદારી પૂર્વક કરાયેલી આ ચર્ચામાં બંનેને એક સારો રસ્તો શોધવામાં સફળતા મળી એ હતો, ગુજલીસ માધ્યમ થકી ભણાવતી સ્કૂલ. જે બંનેના વિચારોને મેલ ખાતી હતી. અને આ જ એક શરૂઆત હતી વિધાર્થીઓને બંને ભાષાઓની સમજણ એક છત નીચે આપી શકવાની.













# પરંપરા સમાજમાં નાખે મૂળિયા, જ્યારે પરિવર્તન આપે પાંખ

માનવ સમાજના વિકાસનો ઈતિહાસ જોવામાં આવે તો બે શક્તિ હંમેશાં એક સાથે ચાલતી રહી છે-પરંપરા અને પરિવર્તન. પરંપરા સમાજને મૂળ આપે છે, જયારે પરિવર્તન તેને પાંખ આપે છે. પરંપરા વગર સમાજ પોતાની ઓળખ ગુમાવી દે, અને પરિવર્તન વગર સમાજ સ્થગિત બની જાય. આ બંને તત્ત્વના યોગ્ય સમન્વય દ્વારા જ કોઈ પણ સંસ્કૃતિ જીવંત, સજીવ અને સમૃદ્ધ રહે છે.

પરંપરા એટલે પેઢી દર પેઢી ચાલતી આવતી માન્યતા, વિધિ, રીત-રિવાજો, મૂલ્યો અને અનેકવિધ જીવનશૈલી. પરંપરા માત્ર સાંસ્કૃતિક જ નથી, પરંતુ એ આપણા સામૂહિક જ્ઞાન, અનુભવો, ઈતિહાસ અને માનવીય મૂલ્યોનું પ્રતિબિંબ છે. જેવી કે-તહેવારોની ઉજવણી, ધાર્મિક અનુષ્ઠાનો, ભાષા અને સાહિત્ય, કળા, નૃત્ય અને સંગીત કુટુંબવ્યવસ્થા, સંસ્કાર અને નિયમો, ગામડાની લોકપ્રણાલીઓ વગેરે. આવી પરંપરા સમાજને એકતા, સ્થિરતા અને ઓળખ આપે છે. આપણા વર્તનમાં, ભાષામાં અને મૂલ્યોમાં પરંપરાની ઊંડી છાપ જોવા મળે છે.

પરિવર્તન એટલે સમય પ્રમાણે થતાં સુધારા, બદલાવ અને નવીનતા. માનવ બુદ્ધિ, વૈજ્ઞાનિક વિચારસરણી, ટેકનોલોજી અને સામાજિક જરૂરિયાતોની અસર હેઠળ પરિવર્તન થતું રહે છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની પ્રગતિ, શિક્ષણ પદ્ધતિમાં બદલાવ, કૃષિ, ઉદ્યોગ અને અર્થતંત્રમાં સુધારા, વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને અધિકારો વિશે નવી સમજ,પારિવારિક માળખામાં પરિવર્તન. વૈશ્વિકીકરણ પરિવર્તન સમાજને પ્રગતિ તરફ ધકેલી જાય છે, નવી સમસ્યાઓનો ઉકેલ આપે છે અને જીવનની ગુણવત્તા સુધારે છે.

આ બન્ને તત્ત્વ એકબીજા વિરુદ્ધ દેખાય છે, પરંતુ વાસ્તવમાં એ પતંગ અને દોર જેવા છે. દોર વગર પતંગ ઊડતો નથી અને પતંગ વગર દોરનો કશો ઉપયોગ નથી.

પરંપરા આપે છે મૂળ-જે સમાજ પોતાની પરંપરાથી ટકે છે, પરંપરા માણસને મૂલ્યો શીખવે છે -જેમ કે વડીલોને માન, અતિથિ દેવો ભવઃ, પ્રકૃતિનું સન્માન, પરિવારની એકતા.પરિવર્તન આપે છે ઉડાન-સમાજ માત્ર પરંપરા પર ચાલે તો પાછળ રહી જાય. પરિવર્તન એનાથી આગળ વધવા મદદ કરે છે -જેમ કે સ્ત્રીશિક્ષણ, સામાજિક ન્યાય, આરોગ્ય અને ટેકનોલોજી. આથી જ પરંપરા અને પરિવર્તન બંનેનું સંતુલન અત્યંત જરૂરી છે.

પરંપરા -પરિવર્તન વચ્ચે સંઘર્ષઃ

જૂની માન્યતાઓ આધુનિક વાસ્તવિકતાઓથી અથડાય છે ત્યારે સંઘર્ષ ઊભો થાય છે. આ સંઘર્ષ મુખ્યત્વે આ ક્ષેત્રોમાં જોવા મળે છેઃ

હમણાં નવી શિક્ષણ નીતિઓ બાળકોની સર્જનાત્મકતા અને ટેક્નિકલ કુશળતા પર ભાર રાખે છે, જ્યારે જૂની પદ્ધતિ રટણ અને શિસ્તને મહત્ત્વ આપતી હતી. આ બંને વચ્ચે સમજ અને સંતુલન સ્થાપિત કરવું જરૂરી છે.

જૂની સંસ્કૃતિ સંયુક્ત પરિવારને શ્રેષ્ઠ માનતી હતી, હવે નવી પરિસ્થિતિઓને કારણે ન્યુક્લિયર (વિભક્ત) કુટુંબો વધ્યા છે. એક તરફ પરંપરાગત મૂલ્યો, બીજી તરફ સ્વાતંત્ર્ય અને વ્યવહારિકતા.

કેટલાક જૂના રિવાજો સમયોચિત નથી, જેમ કે દહેજપ્રથા, અંધશ્રદ્ધા, અસમાનતા. પરિવર્તન આને પડકાર આપે છે અને સુધારાની માગ કરે છે.

પરંપરાગત કૃષિ આધારિત અર્થતંત્ર હવે ઔદ્યોગિક અને ડિજિટલ માળખાથી બદલાઈ રહ્યું છે. આ બદલાવ વચ્ચે પરંપરાગત જીવનધોરણ પર અસર પડે છે.

પરંપરા આપણા સમાજનો આધારસ્તંભ છે. તેના કેટલાંક મહત્ત્વપૂર્ણ લાભ છે, જેવા કે સામાજિક એકતા, તહેવારો, ભાષા, રિવાજો આપણી અસ્મિતા ટકાવી રાખે છે. બાળકોમાં નૈતિકતા, કર્તવ્યભાવ, માન અને મર્યાદા વિકસાવે છે.

પરિવર્તન સમાજને નવું જીવન, દિશા અને શક્તિ આપે છે. વિજ્ઞાન, ટેકનોલોજી અને શિક્ષણ જીવનને સરળ બનાવે છે. જૂની ખોટી પરંપરાઓથી મુક્તિ મળે છે. નવી વિચારસરણી, ઉદ્યોગો અને ટેકનોલોજી રોજગાર વધારે છે. મનુષ્યને પોતાની ક્ષમતા મુજબ આગળ વધવાની તક મળે છે. વૈશ્વિકીકરણથી જ્ઞાન અને સંસ્કૃતિનું આદાનપ્રદાન થાય છે.પરંપરા અને પરિવર્તન બંને જીવનની આવશ્યક શક્તિ છે. પરંપરા આપણને ઓળખ આપે છે, સંસ્કાર અને ભરોસો આપે છે. જ્યારે પરિવર્તન આપણને સર્જનાત્મકતા, પ્રગતિ, સ્વાતંત્ર્ય અને વિકાસ આપે છે. જો સમાજ માત્ર પરંપરામાં ગુંથાઈ જાય તો પાછળ રહી જાય, અને જો માત્ર પરિવર્તન અપનાવી લે તો પોતાની ઓળખ ગુમાવી દે. આથી આ બંને તત્ત્વનું સમન્વય જ જીવનને સમૃદ્ધ અને સમાજને પ્રગતિશીલ બનાવી શકે છે.

# ફેશન અને સિનેમાનો નવવર્ષીય મિલન

ઋદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ બંગાળીઓના જીવનમાં ઉત્સવોની કોઈ અછત નથી—૧૨ મહિનામાં ૧૩ પર્વોની માહોલ વચ્ચે નવું વર્ષ ૨૦૨૬ નવી આશા અને સપનાઓ સાથે શરૂ થયું છે. આ નવવર્ષને યાદગાર બનાવવા માટે આગળ આવ્યા સોમા બૂટિકની કર્ણધાર સોમા દાસ. તેમના માર્ગદર્શન હેઠળ કોલકાતાના એક પ્રેક્ષાગૃહમાં ઔપચારિક રીતે નવવર્ષ વિશેષ કેલેન્ડરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ વર્ષની કેલેન્ડરની મુખ્ય થીમ તરીકે બોલિવૂડ અને ટોલિવૂડની કેટલીક લોકપ્રિય ફિલ્મોના પોસ્ટરો રજૂ કરવામાં આવ્યા છે. કેલેન્ડરમાં કુલ બાર અલગ અલગ પોસ્ટરોને સ્થાન આપવામાં આવ્યું છે—બેડાસ રવિ કુમાર, દિલ વિલ પ્યાર વ્યાર, મમ, ભૂલભુલૈયા, હિચકી, જામાઈ ૪૨૦, અતિથિ તુમ કબ જાઓગે, બેગમ જાન, ડોન, દિલ ક્યા કરે, સની સંસ્કારી કી તુલસી કુમારી અને ફેશન. આ અનોખી કલ્પનાએ દર્શકોમાં વિશાળ પ્રતિસાદ ઊભો કર્યો.

કાર્યક્રમમાં વિશેષ મહેમાન તરીકે હાજર રહ્યા જયંત દાસ ગુપ્તા, સંગીતકાર મોલ્લાર ઘોષ અને કવિ મલ્લિકા ઘોષ, જીત ગણ, અનિર્બાણ દત્ત મજુમદાર, આરાધ્ય એન્ટરપ્રાઇઝ અને કોરિયન જ્વેલરીની કર્ણધાર પાયલ મુખર્જી, સુજાતા દાસ સહિત સમાજના વિવિધ ક્ષેત્રોના પ્રતિષ્ઠિત વ્યક્તિત્વો. સાથે જ હાજર રહ્યા શારદસ??? મુક ૨૦૨૫ની વિજેતા મલ્લિકા મજુમદાર અને સોમા બૂટિકની બ્રાન્ડ એમ્બેસેડર સુલોગ્ના બોસ.

કાર્યક્રમનું એક વધુ મહત્વપૂર્ણ આકર્ષણ હતું સૌરવ એન્ટરટેઇનમેન્ટની કર્ણધાર સૌરવ ટીટુના માર્ગદર્શન હેઠળ આયોજિત રેમ્પ શો. ત્યાં કલ્યાણ ભાંડારીના વિશેષ સંગ્રહ સાથે એક મનોહર રનવે શો યોજાયો. એ જ મંચ પર મા અને પુત્રની જોડીએ નવી પહેલ તરીકે સુજલ બૂટિકનું ઉદ્ઘાટન કર્યું, જેમાં સુજલ રાય અને પિંકી રાયે તેમની નવી કલેકશન દર્શકો સમક્ષ રજૂ કરી.રનવે શોમાં મોડેલ તરીકે અદ્રિજા રાયચૌધરી, દેવસ્મિતા દાસ વૈરાગી, મયૂરિકા સાધુકાન, અનન્યા વિશ્વાસ, સ્નેહા સંકર અને વૈદી દત્ત સહિત અનેક લોકોએ ભાગ લીધો. કાર્યક્રમનું સંચાલન સપ્તમી બેનર્જી અને રોહિત સોએ કર્યું.સમગ્ર રીતે જોવામાં આવે તો નવવર્ષનો આ આયોજન માત્ર એક કેલેન્ડર પ્રકાશન સુધી જ સીમિત ન રહી, પરંતુ ફેશન, સિનેમા અને સર્જનાત્મકતાનું એક આંતરરાષ્ટ્રીય સ્તરનું મિલનમેળા બની ઊભર્યું. નવીન આયોજન અને સુવ્યવસ્થિત પ્રસ્તુતિએ કાર્યક્રમ દર્શકોના મનમાં વિશેષ છાપ છોડી. નવા વર્ષમાં આવી પહેલો ભવિષ્યમાં પણ સોમા બૂટિકની સર્જનાત્મક યાત્રાને વધુ વિસ્તૃત કરશે તેવી આશા સંબંધિત વર્તુળોમાં વ્યક્ત કરવામાં આવી રહી છે.

# માઈક્રોવેવઃ રસોડામાં મહત્ત્વનું પણ કેટલું આરોગ્યદાયી?

ક્ચિનના જરૂરી સામાનમાં આજકાલ એક નવી ચીજ જોડાઇ ગઇ છે-માઇક્રોવેવ. જે લોકો ખાવાનું બનાવવાનું જાણતા નથી અથવા જે લોકોને ખાવાનું બનાવવા માટે મહેનત કરવી નથી, એવા લોકો માટે માઇક્રોવેવ જીવનાવશ્યકની ગરજ સારે છે. માઇક્રોવેવમાં બનાવેલા અથવા ગરમ કરવામાં આવેલા ભોજનને લઇને ગણી માન્યતા, ગેરમાન્યતા પ્રવર્તે છે. કેટલાક લોકો કહે છે કે માઇક્રોવેવનું ખાવાનુ આરોગવાથી ગેસની સમસ્યા થાય છે અને પેટ ખરાબ થઇ જાય છે તો કેટલાક લોકો કહે છે કે માઇક્રોવેવ કરવાથી ખોરાકના પોષક તત્ત્વો નષ્ટ થઇ જાય છે.

એ સાથે જં કેટલાક લોકોનો દાવો છે કે માઇક્રોવેવમાં બનાવેલું ખાવાનું ખાવાથી હોર્મોનનું સંતુલન બગડી જાય છે, પરંતુ વિશ્રૂવ સ્વાસ્થ્ય સંગઠનના કહેવા પ્રમાણે માઇક્રોવેવમાં ગરમ કરેલું ખાવાનું ખાવામાં કોઇ વાંધો નથી. એવો દાવો કરવામાં આવે છે કે બ્રોકોલીમાં જોવા મળતું ફ્લેવિનોઇડ માઇક્રોવેવમાં ૯૭ ટકા સુધી નષ્ટ થઇ જાય છે જે બ્રોકોલીને ઉકાળવાની તુલનામાં ત્રણ ગણું વધારે છે. જોકે, ૨૦૧૯ના એક અભ્યાસ અનુસાર જો શાકભાજીને ટૂંક સમય માટે માઇક્રોવેવમાં ગરમ કરવામાં આવે તો તેમાંના પોષક તત્વો નષ્ટ નથી થતાં. બ્રોકોલીનું ફ્લેવિનોઇડ પણ નષ્ટ નથી થતું. કેટલાક જાણકારો તો ત્યાં સુધી કહે છે કે નિયમિત ઉષ્ણતામાન પર બ્રોકોલીને માઇક્રોવેવ કરવામાં આવે તો તેનું ફ્લેવિનોઇડ વધી જાય છે.જોકે, બીજા એક્સપર્ટો આ દાવા પર મોહર નથી મારતા. ફ્લેવિનોઇડનું સેવન કરવાથી હૃદયની બીમારી થવાનું જોખમ ઘટી જાય છે. પણ જો વધારે પાણીમાં બ્રોકોલીને બનાવવામાં આવે તો નુક્સાન થઇ શકે છે. કેટલાક શાકભાજી માઇક્રોવેવમાં બનાવવા વધારે ફાયદાકારક છે.આપણે હંમેશાં માઇક્રોવેવમાં પ્લાસ્ટિકનો વપરાશ કરીએ છીએ. એ નુક્સાનકારક છે. માઇક્રોવેવની ગરમી પ્લાસ્ટિકની અંદર રહેલા ઝેરી પોલિમરના કણોને તોડી નાખે છે અને તે આપણા ખોરાકમાં ભળી જાય છે. આ પોલિમર હોર્મોન વિઘટ્ટનને વધારે છે. આમ પણ દરેક પ્રકારના પ્લાસ્ટિક માઇક્રોવેવ માટે નથી હોતા.પથેલેટ્સ સૌથી વધુ વપરાશમાં લેવાતું પ્લાસ્ટિસાઇઝર છે. એ પ્લાસ્ટિકને વધુ લચીલું બનાવે છે. એનો ઉપયોગ ટેક અવે ક્ધટેઇનર, પ્લાસ્ટિક રેપર અને પાણીની બોટલમાં થાય છે. પથેલેટ્સ બાળકોમાં બ્લડ પ્રેશર અને ઈન્સ્યુલિન પ્રતિરોધને વધારી શકે છે જેનાથી બાળકોમાં સુગર અને બ્લડ પ્રેશરની સમસ્યા સર્જાઇ શકે છે અને વધી શકે છે. એનાથી અસ્થમા અને પ્રજનન સંબંધી સમસ્યા પણ સર્જાઇ શકે છે.પથેલેટ્સ થાઇરોઇડ હોર્મોનના સંતુલનને પણ બગાડી શકે છે. ગર્ભવતી મહિલાઓમાં આ હોર્મોન બાળકના દિમાગના વિકાસ માટે ઘણું જરૂરી છે.પ્લાસ્ટિકના ક્ધટેઇનરોમાં બિસ્ફેનોલ નામનું કેમિકલ પુષ્કળ માત્રામાં હોય છે જે હોર્મોનનું ચક્ર બગાડવામાં વિલનનું કામ કરે છે. આપણી આજુબાજુ જોવા મળતી લગભગ દરેક ચીજમાં પથેલેટ્સ છે. બાળકોનાં રમકડાં અને આપણા બોડી લોશન પણ એમાંથી બાકાત નથી. જાણકારો હજી સુધી આ જોખમ અંગે ફોડ પાડીને કંઇ નથી કહેતા, પરંતુ પથેલેટ્સ તેજ ગરમીના સંપર્કમાં આવીને ખતરનાક સાબિત થઇ શકે છે.બહેતર તો એ જ છે કે માઇક્રોવેવમાં પ્લાસ્ટિકની જગ્યાએ અન્ય કોઇ વાસણનો વપરાશ કરવામાં આવે. કાચના વાસણ એનો સૌથી સારો વિકલ્પ છે. માઇક્રોવેવનો ઉપયોગ ખાવાનું ગરમ કરવા માટે મોટા ભાગે કરવામાં આવે છે જેનાથી ખાવાનામાં ઉદ્ભવી રહેલા બેક્ટેરિયા મરી જાય, પરંતુ જાણકારો કહે છે કે ખોરાકને બેથી વધુ વાર ગરમ નહીં કરવો જોઇએ અને તેને ૮૨ સેલ્સિયસથી વધુ ગરમી નહીં આપવી જોઇએ.માઇક્રોવેવમાં ખોરાકને સમાન રૂપમાં ગરમી નથી મળતી. કિનારીની નજીક હોય એ ભાગ જલદી ગરમ થઇ જાય છે, પરંતુ ખોરાક વચમાંથી ઠંડો જ રહી જાય છે, તેથી માઇક્રોવેવમાં બહુ જ ધ્યાન રાખીને ખોરાક ગરમ કરવો જોઇએ. કેટલાક એક્સપર્ટ સાવધાનીના સૂરમાં જણાવે છે કે માઇક્રોવેવમાં વધુ ગરમીમાં બનાવવામાં આવેલા ખોરાકમાં એક્રિલેમાઇડ નામનું રસાયણ બને છે. આ રસાયણ ખતરનાક છે, કારણ કે એનાથી કેન્સર ફેલાવાનો ડર રહે છે. ખાવાનું બનાવવાની અન્ય કોઇ રીત કરતા માઇક્રોવેવમાં બનાવવામાં આવેલા ભોજનમાં એક્રિલેમાઇડ વધારે ઉત્પન્ન થાય છે.જ્યાં સુધી રેડિયેશનની વાત આવે છે તો એ સંપૂર્ણપણે સુરક્ષિત છે. માઇક્રોવેવમાં હલકી ફ્રિક્વન્સીવાળા ચુંબકીય કિરણોનો વપરાશ થાય છે.


# અજબ ગજબની દુનિયા હૈયામાં હોય હામ તો હર મુશ્કિલ આસાન

મક્કમ નિર્ધાર અને દ્રઢ મનોબળનો સરવાળો જીવનમાં આવતા દરેક મુશ્કેલ દાખલાનો સાચો જવાબ આપવા સમર્થ હોય છે. માણસ જ નહીં, વનસ્પતિના કેસમાં પણ આ વાત યથાર્થ સાબિત કરતું ઉદાહરણ ચીનમાં જોવા મળ્યું છે. વાંસના કંદમાંથી ફણગો એટલા જોરથી બહાર નીકળે છે કે, તેના પર જો પથ્થર હોય તો તેને ઉડાડી દે અથવા તેમાં થઈને બહાર નીકળે.


ચીનના જિઆંગ પ્રાંતના વર્લ્ડ ટ્રેડ પ્લાઝાની બહાર લેમ્પના એક થાંભલામાંથી વાંસના પાન જે રીતે બહાર આવ્યા છે એ જોઈ સામાન્ય માણસ તો ઠીક, સાયન્ટિસ્ટ સુધ્ધાં માથું ખંજવાળવા લાગ્યા છે કે 'યે કૈસે હુઆ?' સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયો અનુસાર દીવાબત્તીના થાંભલાની નજીક જ આ વાંસના વૃક્ષના મૂળિયાં છે અને સહેજ અમથી જગ્યા મળતા છ મીટર (આશરે ૨૦ ફૂટ) થાંભલાના પોલાણમાં સડસડાટ આગળ વધી શાનથી પોતાનું મુખારવિંદ બહાર કાઢ્યું છે.

વિજ્ઞાન અનુસાર અંધારામાં છોડનો વિકાસ બરાબર થાય નહીં, કારણ કે એના વિકાસ માટે જરૂરી ફોટોસિન્થેસિસની પ્રક્રિયા સૂર્યપ્રકાશની મદદથી જ થઈ શકે છે. જોકે, વાંસનો આ છોડ આફતને અવસર બનાવી લાંબી મુસાફરી અંધારામાં પાર કરી અજવાળું પામ્યો છે. હિંમત અને વિશ્વાસ હોય તો મુશ્કેલીમાંથી પણ મારગ કાઢી આગળ વધી શકાય છે એનું જીવંત ઉદાહરણ બતાવવા અનેક વડીલો બાળકોને આ વાંસના દર્શન કરવા લઈ આવે છે.











કીડી દેખાવમાં એક ઝીણું જંતુ છે. એક સૂક્ષ્મપત્રી ષટ્પદી જીવની ઓળખ ધરાવે છે. નાની, મોટી, લાલ, કાળી વગેરે ઘણી જાતની કીડી વિશે અનેક પ્રકારના સંશોધન થતા રહ્યા છે, કારણ કે એ અચરજનો વિષય છે. પૃથ્વી પર માનવ વસતિ આઠ અબજની આસપાસ હોવાનો અંદાજ છે. સંખ્યાની દ્રષ્ટિએ પૃથ્વી પર વધુ વસતિ કીડીબાઈની છે.

ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ અને જર્મનીના વૈજ્ઞાનિકોના સહિયારા સંશોધન અને અભ્યાસને અંતે એવું તારણ નીકળ્યું છે કે પૃથ્વી પર ૨૦ quadrillion-સાદી ભાષામાં કહીએ તો ૨૦ પછી ૧૫ શૂન્ય (૨૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦) આવે એટલી કીડીનું અસ્તિત્વ છે. કીડી તો પામર જીવ છે અને મોટેભાગે એ કોઈને નુકસાન નથી કરતી. માનવ વસતિમાં વધારો ચિંતાજનક મનાય છે, પણ કીડીની સંખ્યાને ક્યારેય સમસ્યા તરીકે ઓળખ નથી મળી.

જોકે, વૈજ્ઞાનિકોની દલીલ છે કે આ સંખ્યાને હળવાશથી ન લેવી જોઈએ કારણ કે આ કીડીબાઈઓના વજનમાં ૧૨ મિલિયન ટન કાર્બન છે. પૃથ્વી પરના પ્રત્યેક જંગલી સસ્તન પ્રાણીઓ અને જંગલી પક્ષીઓના વજન કરતાં કીડીબાઈના કાર્બનનું વજન વધારે છે. કીડીની વધતી જતી વસતિ કાર્બનના મુદ્દે મોટી સમસ્યા બની શકે એવી સંભાવના વ્યક્ત થઈ છે. પૃથ્વીના વિશાળ પટ પર હાજર વિવિધ જંતુઓની સરખામણીએ કીડીની વસતિ એક ટકો માનવામાં આવે છે. એના પરથી પૃથ્વી પર જંતુઓની સંખ્યાની ગણતરી જાતે કરશો તો નજર સમક્ષ મીંડાં તરવરવા લાગશે.એક હિન્દી ફિલ્મમાં જૈફ ઉંમરે જુવાનીનું જોશ દેખાડવા થનગનતા અમિતાભ બચ્ચન 'બુઢ્ઢા હોગા તેરા બાપ' ગીત ગાય છે. ઉંમર કેવળ એક સંખ્યા છે અને 'ગોઈંગ એઈટી, ફિલિંગ એઈટીન' (ઉંમર ૮૦ વર્ષની, ઉત્સાહ ૧૮ વર્ષનો) એ ભાવના ઉજાગર કરતા જીવતા જાગતા લોકો જોવા મળે ત્યારે મનોબળની મજબૂતાઈનો ખ્યાલ આવે છે. વિશ્વ સમક્ષ હેરત પમાડતાં ઉદાહરણો રજૂ કરવા માટે ખ્યાતિ મેળવનારા ચીનમાં ૧૦૧ વર્ષના માજી 'બુઢ્ઢી હોગી તેરી માં' એવું રોફ સાથે કહી શકે એવાં સ્વસ્થ છે. 'સાઉથ ચાઈના મૉર્નિંગ પોસ્ટ' અખબારે એમની જીવન શૈલીનું વર્ણન 'રિવર્સ લાઈફસ્ટાઈલ' તરીકે કર્યું છે. ૧૦૧ વર્ષની ઉંમરે આજની પેઢી-જેન ઝીની જેમ માજી મોડી રાત સુધી જાગી ટીવી જુએ છે, ઘડિયાળના કાંટા સામે જોયા વિના કિચનના છરી કાંટા વાપરી ઈચ્છા થાય એ ફૂડ ખાવાની મજા માણે છે. આવી લાઈફસ્ટાઈલ છતાં ગેસ-અપચો કે એવી બીજી કોઈ બીમારીથી ગ્રસ્ત નથી અને મજેદાર વાત એ છે કે એમની બત્રીસીમાંથી એક સભ્ય ઘર છોડી નીકળી નથી ગયો. સાત સંતાનને જન્મ આપનારાં આ દાદીમાનું દૈનિક જીવન ઓનલાઈન એમની જ દીકરીએ શેર કર્યું છે. ૧૦૧ વર્ષની ઉંમરે ૨૧ વર્ષનો ઉમંગ અને ઉત્સાહ ધરાવતાં માજી રાત્રે બે વાગ્યા સુધી ટીવી જોયા પછી જ પથારીમાં લંબાવે છે. સવારે ૧૦ની આસપાસ એમનું ગુડ મૉર્નિંગ થાય અને ફ્રેશ થઈ સૌથી પહેલા ગ્રીન ટી ગટગટાવી જાય. ત્યારબાદ બ્રન્ચ (બ્રેકફાસ્ટ+લંચ). ડિનર સાંજે છની આસપાસ અને ભૂખ લાગે તો ૯-૧૦ વાગ્યે પેસ્ટ્રી, બિસ્કિટ, વેફર અને શક્કરિયાની વાનગીમાંથી કોઈ એક અને ઈચ્છા થાય તો એકથી વધુ આઈટમ ઝાપટી જવાની. આજીવન ડેન્ટિસ્ટનો દરવાજો નહીં ખટખટાવનારા માજી ક્યારેય અકળાતા નથી અને એટલે શાંતિથી નીંદર ખેંચી શકે છે અને આ જ એમની સ્વસ્થતાનું કારણ છે.ટ્રિપલ તલાક અસ્તિત્વમાં હતા ત્યાં સુધી ચપટી વગાડતામાં લગ્ન તૂટી જતા હતા. બાકી સપ્તપદીના સાત ફેરા કે ચર્ચમાં વેડિંગ વાવ્સ (સાથ નિભાવવાના વચન) લીધા પછી છૂટા પડવાની ઈચ્છા સાકાર કરવા ક્યારેક વર્ષોનાં વર્ષો નીકળી જતા હોય છે. જોકે, રમણીય દેશ તરીકે જાણીતા નેધરલેન્ડ્સમાં મેરેજ થયા પછી તરત ફોક જાહેર કરવામાં આવ્યા હોવાનો એક વિલક્ષણ બનાવ પ્રકાશમાં આવ્યો છે. વિલક્ષણ એટલા માટે છે કે લગ્ન વિચ્છેદ માટે વરરાજા-વહુરાણી કે પિયરિયાં-સાસરિયા જવાબદાર નથી. જવાબદાર છે મોડર્ન ટેકનોલોજી. લખાણનું કામ આસાન કરી દેવા માટે હીરો જેવી નામના મેળવનારી ચેટજીપીટી નામની વ્યવસ્થા વરઘોડિયાના જીવનમાં વિલન સાબિત થઈ છે. એપ્રિલ ૨૦૨૫માં સિવિલ મેરેજથી હસબન્ડ-વાઈફ બનેલા યુગલે આ વર્ષે મેરેજ રજિસ્ટર કરાવી લેવાનું નક્કી કર્યું. સમય અને સગવડ સાચવવા એક ફ્રેન્ડને મેરેજ રજિસ્ટ્રાર બનવા કહ્યું. મિત્ર તૈયાર થઈ ગયો અને ચેટજીપીટીની મદદથી વેડિંગ સ્પીચ અને વાવ્સ તૈયાર કર્યા. જોકે, તૈયાર થયેલી મેટરમાં ડચ સિવિલ કોડની આવશ્યકતા અનુસાર કાયદાકીય જરૂરિયાત અનુસારની વિગતો નહોતી. કોર્ટમાં રજૂઆત થઈ ત્યારે 'અમે સાથે હસતા રમતા રહેશું અને કોઈ પણ પરિસ્થિતિમાં એકબીજાને પ્રેમ કરતા રહેશું' જેવી વિગતો સાંભળવામાં આવી.

## તંત્રી લેખ...-

**ગુરૂવાર, તા. ૨૯ જાન્યુઆરી ૨૦૨૬**

# મામૈદેવ ને મેકણ દાદા

કચ્છી ચોવકોમાં એ કચ્છી ભાષાના આદ્ય પુરુષ મામૈદેવની અગમવાણી અને સંત મેકણદાદાની વાણીઓએ પણ રૂપાંતરિત સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમાં તમામ પ્રકારના 'પ્રાસ' અને 'અલંકાર' પણ જોવા મળે છે. ગયા અંકમાં વાચકો માટે એક ચોવક મમળાવવા માટે મુકી હતી: 'કીક ધડે ધાબડે, કીક છડે છાબડે, કીક ડાંઢી મેં ફેર, કીક ઓછો આથ શેર;'ગુજરાતીમાં તેનો સીધો અર્થ એક જ કહેવતમાં સમાઈ જાય છે: 'દૂધમાંથી ફોરાં કાઢવાં', અને ઉપરોક્ત કચ્છી ચોવકનો સીધો અર્થ થાય છે: 'સરવાળે દરેક વસ્તુમાં કંઈને કંઈ ખામી હોવી, કે શોધવી, કે કાઢવી!'આજે વગર મહેનતે કંઈ પરબારું પ્રાપ્ત થઈ જાય તેવી આશાએ ઘણા હાથ જોડી બેઠા હોય છે, તો તેના માટે કચ્છીમાં એક સુંદર ચોવક છે: 'ઉછેઘીયેની અઠસો વારસ' મતલબ કે હરામનું ખાવા માટે ઘણા તૈયાર.કાવ્યાત્મક રૂપે, પિરોલીમાં વણી લેવાયેલી કહેવતો પણ કચ્છી ભાષામાં જોવા મળે છે. આવી પિરોલીમાં બાળકોની જિજ્ઞાસુ વૃત્તિને પોષવા તેમજ શિક્ષણ આપવાનું પણ એક ઉત્તમ માધ્યમ છે.'મડધ મિંદજો, કંધ કપાજો, જડેં લગોવા, તેડો નિકરી વેઓ સા.'કોઈને પણ પ્રશ્ન ઊભો થાય કે, માટીનો મરદ, કપાસની ગરદન, અને પવન લાગતાં જ જીવ નીકળી જાય, એ વળી શું હશે? આખી આ પિરોલીનો જવાબ છે 'દીવો' પણ 'જડે લગોવા, તેડો નિકરી વેઓ સા' આટલા આ વાક્યને ચોવકરૂપે પણ વાપરવામાં આવે છે. જોકે પિરોલીઓ (ઉખાણાં)નું સાહિત્ય વળી જુદું છે.

'ઓરખીતો જમાધાર બ ધુકા સેલા મારે'

ઓળખાણમાં પણ ઘણીવાર સહન કરવું પડતું હોય છે તેના માટે આ ચોવક છે. ગુજરાતીમાં પણ આપણે કહેતા હોઈએ છીએ કે 'ઓળખીતો હવાલદાર બે ધોકા વધુ મારે.'કચ્છીમાડુની આવડત માટે એક મઝાની ચોવક છે: 'કચ્છી માડુ ઈંધો, ત ખોટી કોરી કીંધો.' કચ્છીમાડુની આવડત કે હોશિયારી કે ચાલાકી બતાવતાં એ ચોવકનો અર્થ છે: 'કચ્છી માણસ ખોટો રૂપિયો પણ વાપરી બતાવે.' હવે એ માત્ર ચલણના અર્થમાં જ નથી. આપણે કોઈને કહીએ. 'આ સાવ ખોટો સિક્કો છે' એવી વ્યક્તિને પણ જો કચ્છીમાડુ તરાસે તો હોશિયાર થઈ જાય. ચોવકોમાં અર્થબંધન નથી એ સાર્વત્રિક અર્થ ધરાવે છે.

કચ્છી સમાજમાં અવારનવાર વપરાતી એક કહેવત છે: 'ખખી ન ખરચે ખીમજી નેં વા વિસનજીવા' આ ચોવકનો અર્થ જોઈએ તે પહેલાં, શરૂઆતમાં જ મેં એક વાત કરી કે કચ્છી ચોવકોમાં 'પ્રાસ'નાં દર્શન થાય છે. આ ચોવકમાં 'ખ' અને 'વ'નો પ્રયોગ જોઈલો! એવા લોકો માટે આ ચોવક છે કે તેઓ પોતે એક પૈસાનો ખર્ચ ન કરે, ખર્ચ ન કરવાની વૃત્તિ વાળા હોય પણ બીજાની ખુશામત કરી જયાફતનો લાભ લીધે રાખે! ખરેખર કોઈ 'ખીમજી' કે 'વિસનજી' માટે આ કહેવત નથી પણ નામ પ્રાસ મેળવવા પ્રતીકરૂપે રાખવામાં આવ્યાં છે.

ઘણાનો સ્વભાવ હોય, જોક્સ સાંભળીને પણ ન હસે. કચ્છીમાં એને 'શેઠ' માણસ કહેવાય છે. જેના માટે ચોવક છે 'ખિલે જા પ પૈસા ગિનણા'. એ હસવાના પણ પૈસા લે!

શખીખોર માણસોને પણ કચ્છી ચોવકે આડેધડ લીધા છે: 'ગાલ્યૂં કરે ગચ, પ ડૂઈન ડે હિકડી' કામ કંઈ કરવું નહી અને માત્ર ગામગપાટા મારવા તેવો આનો અર્થ થાય છે.

હવે જ્યારે 'ગજ જો આંકો અચી રેયો આય' ત્યારે... હા, મારાથી લેખના અંતે કચ્છી ચોવક એ અર્થમાં જ મુકાઈ ગઈ કે હવે આજે આ લેખ અહીં પૂરો થવામાં છે. ચોવકનો અર્થ છે. 'વાતનો અંત'. પણ તે પહેલાં વાચકો માટે એક ચોવક મુખવાસ તરીકે અહીં રાખું છું.

અર્થ જોઈશું 'જીરા હુંધાસીત અગલે બુધવારજો! ચોવક આય: 'છઠી જા લેખ તિતે કેર મારે મેખ'.

**શખીખોર માણસોને પણ કચ્છી ચોવકે આડેધડ લીધા છે: 'ગાલ્યૂં કરે ગચ, પ ડૂઈન ડે હિકડી' કામ કંઈ કરવું નહી અને માત્ર ગામગપાટા મારવા તેવો આનો અર્થ થાય છે.**

## ફરી ભાષાનું ભૂત

સોમવારે ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસે દેશભક્તિની લાગણીમાં દેશ તરબતર બન્યો, પણ દેશની રાષ્ટ્રભાષા હિન્દીના મામલે દક્ષિણના રાજયોમાં જે રીતે સતત લાગણીઓ ઉશ્કેરવામાં આવી રહી છે તે ખરા વિવાદને ઠંડો પાડવા દેતી નથી. દક્ષિણના રાજયોમાં હિન્દીની અસ્વીકૃતિનો મુદ્દો દાયકા જૂનો છે અને કમભાગ્યે આ રાજ્યોના પ્રાદેશિક રાજકીય પક્ષો તેનો ઉકેલ શોધવામાં જરા પણ રસ ધરાવતા ન હોવાનું ચિત્ર હંમેશાં સામે આવતું રહે છે. પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ તામિલનાડુમાં સત્તાધારી દ્રવિડ મુનેત્ર કઝગમે ભાષા શહીદ દિવસ મનાવીને વિવાદની આગને ફરી એક વખત વકરાવી છે. રાજ્યના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલીને સોશિયલ મીડિયા પર લખ્યું કે, હિન્દીને ત્યારે જગ્યા મળી ન હતી, હમણા પણ નહીં મળે અને ક્યારેય નહીં મળે. આમ રાષ્ટ્રીય એકતાની અનિવાર્યતાની વાતો વચ્ચે કોઈ રાજ્યના મુખ્યમંત્રી દ્વારા જે રીતની માનસિકતા વ્યક્ત કરાઈ છે તે ખરેખર કમનસીબ અને ચોંકાવનારી છે. ભૂતકાળમાં પણ આ મુદ્દે વિરોધ થતો રહ્યો છે. એક સમયે આ મુદ્દો હિંસક આંદોલનનું કારણ પણ બન્યો હતો. હવે જે રીતે તામિલનાડુના મુખ્યમંત્રીએ જે રીતે આક્રમક વલણ લીધું છે તેનાથી વિવાદ ફરી વકરે એવાં અઁધાણ વર્તાઈ રહ્યાં છે. ભારત જેવા સંઘીય વ્યવસ્થા ધરાવતા દેશમાં આવો કોઈ પણ મુદ્દો ખેરખર સંવાદ દ્વાર ઉકેલાવો જોઈએ. તેમાં પણ હિન્દી દેશને જોડતી ભાષા હોવાની હકીકત કોઈ અવગણી શકે તેમ નથી, પણ હિન્દીના સ્વીકાર અને ઉત્તેજનથી તામિલ કે અન્ય કોઈ પ્રાદેશિક ભાષાનું મહત્ત્વ ઘટી જતું હોવાનો દાવો પણ અસ્થાને છે. ખરેખર તો હિન્દી ભાષાને કોઈ પણ પ્રદેશની ઉપર લાદવાનો કોઈ પણ કેન્દ્ર સરકારે પ્રયાસ કર્યો નથી, તો પણ આવો હાઉ ઊભો કરીને દક્ષિણના અમુક રાજયો ખાસ કરીને તામિલનાડુમાં લોકોની લાગણીઓને ઉશ્કેરવાના પ્રયાસ થતા રહે છે. સ્ટાલીનનાં આ નવાં આક્રમક વલણથી ફરીવાર ભાષાકીય વિવાદ વકરે એવી ભીતિ સર્જાઈ છે. દેશને જ્યારે આવા વિવાદથી અળગા રહેવાની જરૂરત છે તેવા સમયે માત્ર ક્ષેત્રીય ઉન્માદ જગાવવાનું કોઈ પણ પગલું અનિચ્છનીય છે એ આ પક્ષો અને તેના નેતાઓએ સમજી લેવાની જરૂરત છે.

**દક્ષિણના રાજ્યોમાં હિન્દીની અસ્વીકૃતિનો મુદ્દો દાયકા જૂનો છે અને કમભાગ્યે આ રાજ્યોના પ્રાદેશિક રાજકીય પક્ષો તેનો ઉકેલ શોધવામાં જરા પણ રસ ધરાવતા ન હોવાનું ચિત્ર હંમેશાં સામે આવતું રહે છે.**

**કાકાની જેમ જ સત્તા માટે ગમે તેવાં સમાધાન કરી લેવાથી માંડીને ગમે ત્યારે ગુલાંટ લગાવવા સુધીનું બધું અજિતદાદાએ કર્યું.**

# અજિત પવાર વિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા નેતા હતા

## અજિત પવારના મોતથી મહારાષ્ટ્રના રાજકારણનાં સમીકરણો બદલાયાં છે

મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના આકસ્મિક અને અકાળ નિધને આખા દેશને સ્તબ્ધ કરી દીધો. માત્ર ૬૬ વર્ષના અજિત પવાર વતન બારામતીમાં જાહેરસભાને સંબોધવા જતા હતા ત્યારે પ્રાઈવેટ પ્લેનમાં લેન્ડિંગ વખતે જ કંઈક ખામી સર્જાતાં બારામતીના એરપોર્ટ પર જ વિમાન સળગી ગયું ને અજિત પવારની સાથે પ્લેનમાં મુસાફરી કરી રહેલા પાંચેય લોકોનું મૃત્યુ થયું હતું. બારામતીની જિલ્લા પરિષદની ચૂંટણીના પ્રચાર માટે પહોંચનારા અજિતની બારામતીમાં લોકો રાહ જોઈ રહ્યા હતા પણ અજિતના બદલે તેમના મોતના સમાચાર મળ્યા.

અજિત પવાર મહારાષ્ટ્રના રાજકારણમાં વિવાદાસ્પદ વ્યક્તિત્વ ધરાવતા નેતા હતા. શરદ પવારે ઊભી કરેલી રાજકીય મૂડીના જોરે રાજકીય કારકિર્દી બનાવનારા અજિતદાદા મોટા ભાગનો સમય કાકા શરદ પવારની નિશ્રામાં રહ્યા તેથી કાકાના બધા ગુણો તેમણે બરાબર આત્મસાત કર્યા હતા.

કાકાની જેમ જ સત્તા માટે ગમે તેવાં સમાધાન કરી લેવાથી માંડીને ગમે ત્યારે ગુલાંટ લગાવવા સુધીનું બધું અજિતદાદાએ કર્યું. ભ્રષ્ટાચારમાં પણ તેમનું નામ બરાબર ખરડાયું અને એક તબક્કે તો ભાજપે અજિત પવારને મહાભ્રષ્ટાચારી ગણાવીને બરાબરનો ઉપાડો લીધો હતો. ભાજપની સરકારે તેમની સામે કેસો પણ કરેલો પણ જેવા અજિતદાદા ભાજપની પંગતમાં બેઠા કે તેમનાં બધાં પાપ ધોવાઈ ગયાં.

કોઈ પણ મોટા નેતાનું અકસ્માત કે બીજી કોઈ પણ રહસ્યમય રીતે મોત થાય એટલે તરત કોન્સ્પિરસી થિયરીઝ વહેતી થઈ જતી હોય છે. નેતાજીને કાવતરું કરાવીને પતાવી દેવાયા હોવાની વાતો ફરતી થઈ જાય છે. અજિત પવારના મોત પછી પણ એવી વાતો વહેતી થઈ જ છે. સોશ્યલ મીડિયા પર તો એ બધું ચાલે જ છે પણ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ પણ અજિતના મોત અંગે શંકા વ્યક્ત કરી છે.

મમતાનું કહેવું છે કે, અજિત પવાર અને શરદ પવારની પાર્ટી એકબીજામાં ભળી જવાની હતી ને કાકો-ભત્રીજો એક થઈ જવાના હતા તેથી ઘણાંના પેટમાં દુ:ખવા માંડેલું. મમતાએ વિમાન દુર્ઘટનાની તપાસ કરાવવામાં આવે એવી માગણી કરી છે. મમતાએ એમ પણ કહી દીધું છે કે, કેન્દ્ર સરકારની એજન્સીઓ વેચાયેલી છે તેથી સુપ્રીમ કોર્ટના નિરીક્ષણ હેઠળ તપાસ થવી જોઈએ.

કેન્દ્ર સરકારની એજન્સીઓ ભાજપ સરકારના ઈશારે કામ કરે છે એવું મમતા સહિતના વિપક્ષી નેતાઓ છાસવારે કહ્યા કરે છે. મમતાએ અત્યારે પણ એ જ ઈશારો કર્યો છે તેથી મમતાનો કહેવાનો મતલબ એ છે કે, અજિત પવારને પતાવી દેવામાં ભાજપનો હાથ હોઈ શકે. મમતાની વાત કહેતા બી દીવાના ઓર સુનતા ભી દીવાના જેવી છે. અજિત પવાર ભાજપના સાથી હતા ને ભાજપને કોઈ રીતે નડતા જ નહોતા પછી ભાજપ તેમનો કાંટો શું કરવા કાઢી નાખે?

અજિત પવાર અને શરદ પવાર એક થઈ જવાના હતા કે નહીં એ ખબર નથી પણ બંને એક થાય તો પણ ભાજપને તેનાથી કોઈ ફરક પડવાનો નહોતો. મહારાષ્ટ્ર વિધાનસભામાં અત્યારની સ્થિતિએ ભાજપ અને એકનાથ શિંદેની શિવસેનાને ત્રીજા કોઈની જરૂર જ નથી તેથી માનો કે, અજિત પવાર પાછા પોતાના કાકા સાથે જતા રહે તો પણ ભાજપને કોઈ ફરક પડવાનો નહોતો. અજિત પવારને દૂર કરવા માટે બીજું કોઈ કારણ પણ નથી તેથી મમતાની વાત રાજકીય રોટલો શેકવા માટેની ફેંકાફેંકથી વિશેષ કંઈ જ નથી.

મમતાએ તપાસની માગ કરી છે એ ઠીક છે પણ એ તપાસ તો થવાની જ છે ને? મમતાએ સુપ્રીમ કોર્ટના સુપરવિઝનમાં તપાસની માગણી કરી છે પણ તેની જરૂર નથી. અજિત પવારનું પ્લેન કઈ રીતે તૂટી પડ્યું તેની તપાસ લાગતા વળગતા સત્તાવાળા કરશે જ ને તેમાં સત્ય બહાર આવશે જ. પ્લેન ક્રેશ થાય એ ગંભીર મુદ્દો છે પણ તેને માટે રાજકીય કારણ જ જવાબદાર હોય એ જરૂરી નથી.

ભારતમાં વ્હીકલ્સનું મેન્ટેનન્સ ગંભીર સમસ્યા છે જ ને આ વાત સામાન્ય માણસથી માંડીને મોટી કંપનીઓ સુધી બધાંને લાગુ પડે છે. પવાર જે પ્લેનમાં મુસાફરી કરી રહ્યા હતા તેનું યોગ્ય મેન્ટેનન્સ ના થયું હોય ને તેનો ભોગ અજીત પવાર બની ગયા હોય એ શક્ય છે. ભાંગફોડ પણ કારણ હોઈ શકે પણ કોઈ પણ તારણ પર પહોંચતાં પહેલાં તપાસના રિપોર્ટની રાહ જોવી જોઈએ.

અજિત પવારના મોતથી મહારાષ્ટ્રના રાજકારણનાં સમીકરણો બદલાયાં છે અને હવે શું થાય છે એ મુદ્દો મહત્ત્વનો છે. શરદ પવારની પાર્ટીમાં ભંગાણ પડાવવા માટે ભાજપે અજીત પવારને નાયબ મુખ્ય પ્રધાન બનાવીને લીલા તોરણે પોંખ્યા હતા પણ હવે નાયબ મુખ્ય પ્રધાન પદનો હોદ્દો એનસીપીને મળે છે કે ભાજપ અજિતદાદા ગયા એટલે બધું ગયું એમ સમજીને એનસીપીને લટકાવી દે છે એ જોવાનું રહે છે. એનસીપી પાસે નાયબ મુખ્ય પ્રધાન બને એવો બીજો નેતા નથી પણ ભાજપ દયા ખાઈને અજિતદાદાના દીકરા કે પત્નીને નાયબ મુખ્ય પ્રધાન પદ આપી દે એવું બને પણ ભાજપની નીતિને જોતાં એવી શક્યતા નહિવત છે.

અજિત પવારની વિદાય પછી એનસીપીનું શું થાય છે એ પણ જોવાનું રહે છે. અજિત પવાર શરદ પવારના હાથ નીચે પળોટાયેલા હતા ને ગુરુ કરતાં શિષ્ય સવાયો હોય એ હિસાબે શરદ પવારને આંટી મારીને સત્તાસ્થાને બેસી ગયા હતા. અજિતદાદાની અકાળ વિદાયથી એનસીપી નોંધારી થઈ ગઈ છે કેમ કે એનસીપી પાસે બીજો કોઈ ધુરંધર નેતા નથી.

અજિત પવારનો દીકરો પાર્થ અને પત્નિ બંને રાજકારણમાં છે ખરાં પણ અજિતદાદા જેવી કાબેલિયત તેમની પાસે નથી તેથી એનસીપીનું રાજકીય ભાવિ શું હશે એ પણ સવાલ છે. અજિતનો પરિવાર પાછો શરદ પવારની નિશ્રામાં જતો રહે ને બંને એનસીપી એક થાય એવું પણ બને. ભાજપ પણ અત્યારે તો એવું જ ઈચ્છતો હશે કે જેથી ટાઢે પાણીએ ખસ જાય ને એનસીપીનાં મંત્રીપદ પોતાના ધારાસભ્યોમાં વહેંચીને તેમને રાજી કરી શકાય.

**બારામતીથી લોકસભામાં ચૂંટાઇ આવ્યા. જો કે, આગળ જતાં કાકા માટે આ બેઠક તેમણે ખાલી કરી આપી હતી.**

# રાજકારણમાં અજિત, વહીવટમાં દાદા

**• રાજ્યમાં નંબર-ટુના પદ પર હોવા છતાં હંમેશાં તેમને મહત્ત્વના પોર્ટફોલિયો મળતાં જેમાં સિંચાઈ, ગ્રામ વિકાસ, જળ સંસાધન અને નાણાં જેવાં ખાતાંનો સમાવેશ થાય છે.**

અજિત પવારના રાજકીય જીવનની શરૂઆત બારામતીમાંથી થઈ, બારામતીમાં જ તેમની કારકિર્દી ઘડાઈ અને ૬૬ વર્ષ, છ મહિના અને છ દિવસની વયે બારામતીમાં જ તેમને મોત આંબી ગયું. શરદ પવાર જેવા વિચક્ષણ, વગદાર અને અઠંગ રાજકારણીના ભત્રીજા તરીકે કારકિર્દીનો મહત્તમ તબક્કો તેમની છાયામાં વિતાવવા છતાં મહારાષ્ટ્રમાં સરકાર કોઈની પણ હોય, નાયબ મુખ્યપ્રધાન તો અજિત પવાર જ હોય, એવું સમીકરણ તેમના રાજકારણી તરીકેની મહત્તા સાથે ગઠબંધનના ગણિત અને સરકારી વહીવટમાં તેમની પકડની સાહેદી પૂરે છે. શરદ પવારના ભત્રીજા તરીકેની ઓળખના દાયરામાં બંધાઈ રહી વારસામાં મળેલા પ્રભાવને આગળ વધારવા કરતાં પોતાની સ્વતંત્ર છાપ ઊભી કરવાનો સંઘર્ષ અજિતદાદાની કારકિર્દીમાં સતત પ્રતાબિંબિત થતો હતો. જો કે, કાકાના પડછાયામાંથી બહાર આવી રાજ્યના રાજકારણમાં હલચલ મચાવવામાં તેઓ સફળ રહ્યા હતા, પણ મુખ્ય પ્રધાનપદની ખુરશી સુધી પહોંચ્યા વિના પણ બહુ ઓછા નેતાઓ પહોંચી શકે એવી ઊંચાઈ તેમણે પ્રાપ્ત કરી હતી. ગ્રામીણ પાવર નેટવર્કના બળે મોટા થયેલા અજિત પવારનો લોકસંપર્ક દમદાર હતો. આખાબોલા છતાં સરળ, ગણતરીબાજ છતાં સૌને સાથે લઈને ચાલનારા તથા વિવાદોના ઘેરામાં રહેવા છતાં અડગ એવા આ નેતાનું અકાળ અવસાન પણ રાજ્યના રાજકારણમાં હલચલ સર્જશે. હવાઈ દુર્ઘટનામાં અજિત પવારના નિધનના રાજકીય પ્રત્યાઘાત પડયા છે. મમતા બેનરજી, અખિલેશ યાદવ, લાલુપ્રસાદ સહિતના વિપક્ષી નેતાઓએ શંકા દર્શાવીને સુપ્રીમકોર્ટ અંતર્ગત તપાસ બેસાડવા માગણી કરી છે. અલબત્ત, શરદ પવારે દુર્ઘટનાને અકસ્માત જ લેખાવીને વિપક્ષી છાવણીની હવા કાઢી નાખી છે. દરમ્યાન, અજિત પવારનો ઉદય કાકા શરદ પવારના પદચિહ્નો પર ચાલીને થયો હતો. પશ્ચિમ મહારાષ્ટ્રના સહકારી ક્ષેત્રમાં સાકર કારખાના તથા જિલ્લા સ્તરીય બેન્કો અને સ્થાનિક નેટવર્કમાં મૂળિયાં ધરાવતા અજિતદાદા ૧૯૯૧માં પહેલીવાર

બારામતીથી લોકસભામાં ચૂંટાઈ આવ્યા. જો કે, આગળ જતાં કાકા માટે આ બેઠક તેમણે ખાલી કરી આપી હતી. એ પછી ૧૯૯૫માં વિધાનસભામાં પહેલીવાર પરિવારની પારંપરિક બેઠક પરથી ચૂંટાઈ આવ્યા પછી ત્રણ દાયકામાં આઠવાર તેઓ અહીંથી ચૂંટાઈ આવ્યા અને એમાંથી છવાર નાયબ મુખ્ય પ્રધાન બન્યા. કોંગ્રેસમાંથી છૂટા પડી શરદ પવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસનો નોખો ચોકો રચ્યો ત્યારે ૧૯૯૯માં એ વખતે ૪૦ વર્ષના અજિતદાદાને પહેલીવાર રાજ્યની કેબિનેટમાં સ્થાન મળ્યું. રાજ્યમાં નંબર-ટુના પદ પર હોવા છતાં હંમેશાં તેમને મહત્ત્વના પોર્ટફોલિયો મળતાં જેમાં સિંચાઈ, ગ્રામ વિકાસ, જળ સંસાધન અને નાણાં જેવાં ખાતાંનો સમાવેશ થાય છે. તેમણે આ ખાતાંનો ઉપયોગ સ્થાનિક સ્તરે વ્યાપક નેટવર્ક ઊભું કરવા માટે કર્યો. જો કે, પક્ષમાં દિશાનિર્દેશનો દોર શરદ પવારે પોતાના હાથમાં રાખ્યો હતો અને અજિતદાદાને માત્ર કામગીરીને અંજામ આપવાની જવાબદારી જ સોંપાતી. ગઠબંધન, સત્તા-વહેંચણીનાં સમીકરણો તથા મુખ્ય પ્રધાનપદની પસંદગી જેવા વ્યૂહાત્મક નિર્ણયો સિનિયર પવાર લેતા. સરકારમાં પક્ષનો ચહેરો ભત્રીજો રહેતો, પણ મગજ તો કાકાનું જ હોય. સમયાંતરે, આ બાબતે અજિતદાદામાં અધીરાઈ અને મહત્ત્વાકાંક્ષાને જન્મ આપ્યો. સાથે જ એ વાત પણ તેમના મનમાં દૃઢ થઈ કે સત્તાસ્થાન મેળવવા કરતાં લાંબા ગાળાનો લાભ સુરક્ષિત કરવાની કાકાની વ્યૂહરચના પક્ષને અને વ્યક્તિગત રીતે તેમને પણ નુકસાન પહોંચાડી રહી હતી. આ હતાશાને પગલે ૨૦૧૯માં ભાજપ સાથે હાથ મિલાવી વહેલી સવારે દેવેન્દ્ર ફડણવીસ સાથેની શપથવિધિએ રાજકારણમાં ભૂકંપ સર્જ્યો હતો. અજિતદાદાનો આશય સત્તા નહીં, પોતાની સ્વાયત્તતાને પ્રસ્થાપિત કરવાનો હતો. એ પ્રયાસ નિષ્ફળ નીવડયો. આ નિષ્ફળતાએ તેમને નબળા પાડયા પણ તેમને હળવાશથી ન લેવાય એવી વ્યક્તિ તરીકે પ્રસ્થાપિત કર્યા. તેમના અવસાનને પગલે દેવેન્દ્ર ફડણવીસે નિકટનો મિત્ર અને મહત્ત્વનો સહયોગી ગુમાવ્યો છે અને હવે શરદ પવારની વધેલી વય અને અજિત પવારની અણધારી એક્ઝિટ રાષ્ટ્રવાદી પક્ષ સામે મોટો પ્રશ્નાર્થ ચિહ્ન સર્જે છે. શરદ પવાર એનડીએમાં જોડાશે તો ફડણવીસની સ્થિતિ અત્યારે છે એટલી સબળ નહીં રહે અને જો તેઓ વિરોધી મોરચા સાથે રહે છે, તો શિંદેની માગણી પ્રબળ બની શકે છે. આમ, મૃત્યુ પછી પણ અજિત પવાર રાજ્યના રાજકારણમાં પ્રભાવક રહેશે એમ લાગે છે.

**સહિયારી સમૃદ્ધિની બ્લૂપ્રિન્ટ ગણાવીને સાબિત કર્યું છે કે, ધીરજનાં ફળ મીઠાં હોય છે.**

# ઐસા દેશ હૈ મેરા...

**• ઊંઘતું સરકારી તંત્ર વર્તમાનને ભવિષ્યમાં અને ભવિષ્યને ઔર વધુ ભવિષ્યમાં ફેંકીને ઊંઘે રાખે છે અને પ્રજાને હંમેશાં મુજબ એમ જ કહેવામાં આવે છે કે: 'એમના પ્રશ્નો સરકારની વિચારણા હેઠળ છે!'**

હો!આપણે ત્યાં સરકારી અધિકારીઓ કાં તો કામ કર્યા વિના ખુરશી પર બેઠા રહે અથવા તો સૂઈ જાય, એનાથી સરકારી તંત્રની કાર્યક્ષમતામાં કોઈ મોટી ઉથલપાથલ થતી નથી. મોટાભાગના અધિકારીઓ તો...એય ને પોતાની ખુરશી પર બેઠા-બેઠા જ સરસ ઊંઘ ખેંચી લે છે એટલે જ તો, એમને આ ઊંઘવાના રોજિંદા કામ માટે આરામદાયક ખુરશીઓ આપવામાં આવે છે! સરકારી કચેરીઓના પટાવાળાઓ આ બાબતમાં અધિકારીઓ કરતાં પણ વધારે હોશિયાર હોય છે. એ લોકો તો સ્ટૂલ પર પણ બેઠા-બેઠાયે ઊંઘ ખેંચી કાઢે છે...

અધિકારી બે રીતે ઊંઘે છે. એક તો સામાન્ય ઊંઘ હોય છે, જેમાં આંખો બંધ રહે છે અને મગજ પણ...બીજી ઊંઘમાં આંખો ખુલ્લી રહે છે, ખાલી મગજ જ ઊંઘતું હોય છે. આ એક સિદ્ધિ છે, સાધના છે, જે અનુભવથી પ્રાપ્ત થાય છે. અધિકારી અને 'નીંદરમાં ચાલતા સ્લીપ-વોકર'માં સૌથી મોટો તફાવત એ છે કે, 'સ્લીપ-વોકર' કમ સે કમ 'વોક' તો કરે છે! ઊંઘમાં તો ઊંઘમાં પણ એ ચાલે તો છે!રકારી તંત્ર ઊંઘે છે ત્યારે બધી ફાઈલ્સ તકિયાનું કામ કરે છે. સાધારણ માણસ પોતાના દુ:ખ-દર્દ ભુલાવીને ઊંઘે છે અને સરકારી અધિકારી આખા દેશ કે આખી દુનિયાના દુ:ખ-દર્દ ભુલાવી ને ઊંઘે છે! સામાન્ય માણસને રાત્રે સૂતી વખતે એ ખબર હોય છે કે એણે સવારે ઉઠવાનું છે અને એ પણ સમયસર ઉઠવાનું છે, કાલે ઊઠીને કામ પણ કરવાનું છે. અધિકારી ઊંઘતી વખતે જાણે છે કે એણે ઊઠવાની કોઈ જરૂર નથી. સામાન્ય પથારીમાં ઊંઘવુ એ ફક્ત ઊંઘવાનું જ હોય છે, પરંતુ સરકારી ઊંઘમાં એક અલગ જ નશો હોય છે. એ છે, સરકારી અધિકારી હોવાના અહંકારનો નશો!રે અધિકારીને ઊંઘ આવે છે, સરકારી ફાઈલો 'વિચારણા હેઠળ' રહે છે. દેશમાં ક્યાંક આગ લાગી હોય તો પણ અને એને બુઝાવવાનો પ્રશ્ન હંમેશાં 'વિચારણા હેઠળ' જ રહે છે! બીમારીથી લોકો મરી રહ્યા છે અને ડોક્ટરોને બોલાવવાનો પ્રશ્ન 'વિચારણા હેઠળ' છે!

આ 'વિચારણા હેઠળ'- શબ્દ પ્રયોગ ખૂબ જ રસપ્રદ છે. એ 'ના' નો સરકારી પર્યાયવાચક શબ્દ છે. ઊંઘતું સરકારી તંત્ર એ નીંભરતા કે અસમર્થતાની ગંભીર સાબિતી છે. કોઇ વાત 'વિચારણા હેઠળ' હોય તો એની કોઇ ટાઇમ લિમિટ નક્કી નથી હોતી. 'વિચારણા હેઠળ'માં સમસ્યા વિચારોને આધીન થઈ જાય છે ત્યારે પ્રોબ્લેમ્સ વિચારોની નોકર કે ગુલામ બની જાય છે.

સમસ્યા પર વિચારો રાજ કરે છે, વિચારો સમસ્યાને કચડી નાખે છે, એને ઊભી થવા જ નથી દેતા! જો સમસ્યા માથું ઊંચકે છે, તો વિચારો એને ફરી દબાવી નાખે છે. ફાઈલના જાડાં પૂઠાં પર દોરીઓ અને લાલ રિબનના નાગપાશમાં બંધાયેલા કાગળોનો ફફડાટ થયે રાખે છે. કાગળોની આ કેદ, 'વિચારણા હેઠળ'ની સ્થિતિ જ છે. જોકે વિચાર એક નિયંત્રણ કે એના પરનો અંકુશ છે, જેની નીચે વાસ્તવિકતાનો હાથી ભયભીત રીતે દબાયેલો રહે છે.

ઊંઘતું સરકારી તંત્ર વર્તમાનને ભવિષ્યમાં અને ભવિષ્યને ઔર વધુ ભવિષ્યમાં ફેંકીને ઊંઘે રાખે છે અને પ્રજાને હંમેશાં મુજબ એમ જ કહેવામાં આવે છે કે: 'એમના પ્રશ્નો સરકારની વિચારણા હેઠળ છે!'

આ દેશનું સૌભાગ્ય જ છે કે ભગીરથજીએ ગંગાને ધરતી પર લાવવાની કલ્પના 'વિચારણા હેઠળ' નહોતી રાખી! જો સરકારી કામગીરીની જેમ એ જમાનામાં આ કામ ખીંટી પર લટકાવી દેવામાં આવ્યું હોત તો ગંગા નદી ધરતી પર આવી જ ન હોત, ઉત્તર પ્રદેશ આટલું ગીચ વસ્યું ન હોત અને ગંગાના પાણીનો પવિત્ર ઘૂંટ પીને ગંદી 'રાજનીતિ' કરવાવાળા હોત જ નહીં. અધિકારીઓ અને નેતાઓ આજે આરામની ઊંઘ લે છે, કારણકે એ લોકો જાણે છે કે ગંગા તો વહી રહી છે અને લોકો પોતાના ઘરે નિરાંતે ધરમ-ધ્યાનનાં ગ્રંથો વાંચી રહ્યા છે. દેશ ચાલે રાખે છે આ દેશના ભવિષ્ય માટે બાકી શું રહે છે?

બાકી, આ દેશમાં નવા વિચારો રાજકુમારના ઠાઠથી જન્મ લે છે અને કેન્સરના દર્દીની જેમ તડપી-તડપીને મૃત્યુ પામે છે. આખા દેશમાં દરખાસ્તો સિસકારા લેતા લેતા, ઘસડાતી રહે છે. વિચારોનું અથાણું બની જાય છે, દરખાસ્તો પર ફૂગ લાગી જાય છે. થોડાક દિવસો પહેલા કમ સે કમ એ સુખ તો હતું કે આખો દેશ કોઇ વરણાગી મેળા જેવો લાગતો હતો અને નેતાઓ જાદુગરો જેવા લાગતા હતા, પરંતુ હવે તો એ પણ નથી થતું. નેતા બોલે છે કે નથી બોલતા, કશો જ ફરક નથી પડતો! અધિકારી જાગે છે કે ઊંઘે છે, કોઈ જ ફરક નથી પડતો! નિર્ણય લેવામાં આવે છે કે નથી લેવામાં આવતો, કોઈ જ ફરક નથી પડતો! કેવી પરમ સિદ્ધિ મળી ગઈ છે આ દેશ ને?

છાપાના મુખ્ય સમાચાર એક નાના કાળા નાગની જેમ રહી રહીને ફુંફાડો મારે રાખે છે, પરંતુ ધીમે-ધીમે છાપાનું બધુ તેજાબી લખાણ સાર વગરનું, સનસનાટી વગરનું થઈ જાય છે.

વિરોધનું સરઘસ દેશની સડકો પરથી થઈને જાય છે અને બારીઓ બંધ રહે છે. કોઈ સરકાર પડે, તો પણ કોઈ અસર નથી થતી. મોટા તકિયા, નરમ ગાદીઓ, આરામદાયક ખુરશીઓ, પંખાઓ, એરકૂલર અને મલમલના પડદાઓની વચ્ચે આપણે કેવી સિદ્ધિ મેળવી રહ્યા છીએને?

સાચે જ આપણો દેશ કેટલો મહાન છે!

ચાલો સૌ મળીને ગાઈએ: ઐસા દેશ હૈ મેરા હો!

# રણબીરે એનિમલ પાર્ક પડતી મુકાયાની વાત ફગાવી, ૨૦૨૭માં શૂટ શરૂ કરશે



## રણબીરે કહ્યું, ડિરેક્ટર સંદીપ રેડ્ડી વાંગા હાલ સ્પિરિટ બનાવી રહ્યા છે

છેલ્લાં ઘણા વખતથી રણબીર કપૂર ભણસાલીની ‘લવ એન્ડ વૉર’માં વ્યસ્ત છે, તેની આગળ પાછળ તે પોતાની ‘રામાયણ’નું પણ શૂટ કરતો રહ્યો છે. તેથી કેટલાક એવા અહેવાલો હતા કે સંદીપ રેડ્ડી વાંગા સાથેની તેની એનિમલ ફિલ્મની સિક્વલ એનિમલ પાર્ક પડતી મુકાઈ છે. પરંતુ હવે રણબીર કપૂરે પોતે આ વાતને ફગાવી દીધી છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રણબીરે આ અંગે સ્પષ્ટતા કરી છે. તેણે કહ્યું કે સંદીપ રેડ્ડી વાંગા પણ હાલ પ્રભાસ સાથે તેની ફિલ્મ ‘સ્પિરિટ’માં વ્યસ્ત છે. આ ફિલ્મ પુરી થયા પછી તે એનિમલ પાર્કનું કામ શરૂ કરશે અને ૨૦૨૭માં આ ફિલ્મ શરૂ થવાની શક્યતા છે.

રણબીર કપૂરે જણાવ્યું, “ડાયરેક્ટર હાલ બીજી એક ફિલ્મ બનાવી રહ્યા છે. અમે આ ફિલ્મનું શૂટિંગ ૨૦૨૭માં શરૂ કરીશું. હજુ થોડો સમય છે.”જ્યારે રણબીરે એનિમલ પાર્કની સ્ક્રિપ્ટ અને આ ફિલ્મના તેના પાત્ર તેમજ તેના પડકારો અંગે કહ્યું, “તેણે (સંદીપ રેડ્ડી વાંગાએ) ફિલ્મ સાથે શું કરવું છે તેનો થોડો સંકેત આપ્યો છે. તે આ ફિલ્મને ત્રણ ભાગોમાં બનાવવા માગે છે. આ ફિલ્મનો બીજો ભાગ એનિમલ પાર્ક કહેવાશે.”રણબીરેએ વધુમાં જણાવ્યું, “પહેલી ફિલ્મથી જ અમે સ્ટોરીને આગળ કેવી રીતે લઈ જવી તેના વિચારો શેર કરતા આવ્યા છીએ. આ ખૂબ જ રોમાંચક વાત છે, કારણ કે હવે હું ફિલ્મમાં બે પાત્રો ભજવવાનો છું—એક નાયક અને એક ખલનાયક. સંદીપ રેડ્ડી વાંગા એક બહુ જ અનોખા ડિરેક્ટર છે. આ ફિલ્મનો ભાગ બનવા બબાતે હું ખૂબ ઉત્સુક છું.” રણબીરની આ ફિલ્મના પહેલા ભાગ બાબતે પણ ઘણા વિવાદ થઈ ચુક્યા છે. ત્યારે હવે ડબલ રોલને દર્શકો કેટલો સ્વીકારશે, તે અંગે રણબીરે કહ્યું કે, હવે ફિલ્મમાં ખલનાયક પ્લાસ્ટિક સર્જરી કરાવીને રણબીર બનીને આવે છે, બોડી ડબલ બની જાય છે અને અંતે નાયક જેવો દેખાવા લાગે છે. ફિલ્મની કહાની એક એવા પુત્રની છે, જે તેના પિતા સાથેના સંબંધોમાં તિરાડ પડતાં એક મોટા પરિવર્તનમાંથી પસાર થાય છે અને ધીમે ધીમે બદલો લેવાની ભાવનામાં ઉંડો ઉતરતો જાય છે. ફિલ્મમાં રણબીર કપૂર સાથે અનિલ કપૂર, રશ્મિકા મંદન્ના અને તૃપ્તિ ડિમરી સહિતના કલાકારો મુખ્ય ભૂમિકામાં હતાં. આ એક બ્લોકબસ્ટર ફિલ્મ રહી હતી.

# ભગવાન જે આપી રહ્યા છે, તે હું સ્વીકારી રહ્યો છું - દિલજીત દોસાંઝ



દિલજિત દોસાંજે તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, આ વીડિયોમાં બોર્ડર ૨માં ભારતીય વાયુસેના અધિકારી નિર્મલ જીત સિંહ સેખોંની ભૂમિકા ભજવી રહેલા દિલજીત દોસાંઝે તે દિવસોને યાદ કર્યા, જ્યારે તેની પાસે બોર્ડર જોવા માટે પણ પૂરતા પૈસા નહોતા. બોર્ડર ૨ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે. દર્શકોના મજબુત પ્રતિસાદ સાથે ફિલ્મ સાથે જોડાયેલા દરેક કલાકારના પ્રશંસા વખાણ થઈ રહ્યા છે. ફિલ્મની સફળતાની સાથે દિલજીતે ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક વીડિયો શેર કર્યો, જેમાં તેણે ૧૯૯૭ના યુદ્ધ આધારિત ફિલ્મ બોર્ડર સાથેનો પોતાનો અંગત સંયોગ પણ કબૂલ્યો છે.વીડિયોમાં દિલજીતે બોર્ડર રિલીઝ થઈ ત્યારે આસપાસના માહોલને યાદ કર્યો. તેણે કહ્યું, “બોર્ડર આવી છે એવો એટલો શોર હતો કે એવું લાગતું હતું કે આખા દેશમાં જ એની ચર્ચા છે. તે સમયમાં તો ઘરવાળા થિયેટરમાં જવા પણ દેતા નહોતા. અમારી પાસે એટલા પૈસા પણ નહોતા કે થિયેટરમાં જઈને ફિલ્મ જોઈ શકીએ. પછી જ્યારે બોર્ડર ટીવી પર આવી, ત્યારે મેં જોઈ હતી.”

ટીવી પર ફિલ્મ આવવાની રાહ જોવી પણ એક ઘટના જેવી હતી. તેણે ઉમેર્યું, “એટલે અમે બસ રાહ જોતાં જ રહેતાં—ક્યારે આવશે અને ક્યારે જોઈશું. મેં બોર્ડર બે-ત્રણ વખત જોઈ છે, કારણ કે આ એવી ફિલ્મ છે કે મને લાગે છે કે એ આપણા દેશની ફિલ્મ છે. લગભગ બધાએ જોઈ છે, એટલે જ એની એટલી ચર્ચા હતી.”


દિલજીતે બીજા લોકો પાસેથી સાંભળેલી વાતોએ પોતાનો ઉત્સાહ કેવી રીતે વધાર્યો તે પણ યાદ કર્યું. તેણે કહ્યું, “મને યાદ છે, અમારા મહોલ્લામાં એક માણસ જોઈને આવ્યો હતો. તેણે કહ્યું કે લોકો ખૂબ એન્જોય કરી રહ્યા હતા, થિયેટરમાં ફિલ્મનો માહોલ જ કમાલનો હતો. એની વાતો સાંભળીને હું એટલો ઉત્સાહિત થઈ ગયો હતો કે નક્કી કર્યું—જ્યારે પણ ટીવી પર આવશે, હું ચોક્કસ જોઈશ.”

આજે જીવન તેને જ્યાં લઈ આવ્યું છે તે અંગે ગાયક-અભિનેતાએ વિનમ્રતા અને કૃતજ્ઞતા વ્યક્ત કરીને કહ્યું, “એટલે મેં ટીવી પર જોઈ. આજે મારી જે લાગણી છે ને, તે એવી છે કે ભગવાન જે આપી રહ્યા છે, હું તે સ્વીકારી રહ્યો છું. મને નથી લાગતું કે હું આ ફિલ્મનો ભાગ બનવા માટે લાયક પણ છું કે નહીં. પરંતુ ભગવાન જે કંઈ આપે છે, તેના માટે આભારી છું. નિર્મલ જીત સિંહ સેખોંજીનો આભાર માનું છું કે તેમણે મને આ તક આપી અને તેમનું પાત્ર ભજવવાની મંજૂરી આપી...”

બોર્ડર ૨એ વર્લ્ડ વાઈડ લગભગ ૨૮૦ કરોડના આંકડાને પાર કરી લીધો છે અને ફિલ્મના પ્રોડ્યુસર ભુષણ કુમારે બોર્ડર ૩ની પણ જાહેરાત કરી દીધી છે. ભૂષણ કુમારે બોર્ડર ૩ અંગે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે, “અમે અનુરાગ સિંહની કંપની અને મારી કંપની સાથે મળીને એક જૉઈન્ટ વેન્ચર કરી રહ્યા છીએ—એક અલગ ફિલ્મ. દિગ્દર્શન અનુરાગ સિંહ કરશે અને કંઈક નવું જોવા મળશે. બોર્ડર ૩ યોગ્ય સમયે જરૂર બનશે.”

# પદ્મશ્રી મળશે એવું તો મેં સપનામાં પણ વિચાર્યું નહોતું : આર. માધવન

### માધવને પદ્મશ્રી જાહેર થવા પર ઋણાનુવાદ અને ધન્યવાદ વ્યક્ત કર્યા



૭૭મા પ્રજાસત્તાક દિનની પૂર્વસંધ્યાએ પદ્મ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવે છે. જેમાં આ વખતે ધુરંધરના જાણીતા કલાકાર આર.માધવનના નામની પણ જાહેરાત થઈ છે. આ મુદ્દે માધવને પોતાના ઈન્સ્ટાગ્રામ પર ધન્યવાદ જાહેર કર્યો હતો. તેણે આ પ્રતિષ્ઠિત સન્માન બાબતે પોતાનાં પરિવાર, માર્ગદર્શકો અને શુભચ્છકો તેમજ દર્શકોનો આભાર માન્યો છે અને કહ્યું છે કે તેમનો સહકાર અને શ્રદ્ધા જ હંમેશા તેની સફરના કેન્દ્રમાં રહ્યા છે.

માધવને પોતાના ઈન્સ્ટાગ્રામ પર લખ્યું હતું, “હું અંતરના ઉંડાણ અને વિનમ્રતા સાથે પદ્મ શ્રી સ્વીકારતા ઋણી છું. મને મળેલું આ સન્માન મારા સપનાઓથી પર છે અને હે તે મારા સમગ્ર પરિવાર વતી એ સ્વીકારું છું, જેમણે મને સતત સહકાર આપ્યો છે અને તેમની શ્રદ્ધા જ હંમેશા મારી તાકાત રહી છે.” ગળ માધવને લખ્યું કે તેના માર્ગદર્સકોના આશીર્વાદ અને શુભેચ્છકોની શુભકામના તેમજ જનતાના પ્રેમ અને ઈશ્વરના આશીર્વાદથી તેને આ સિદ્ધિ મળવાનું શક્ય બન્યું છે.

માધવને આ પુરસ્કારને એક સિદ્ધિથી વધુ જવાબદારી ગણાવી છે અને તેણે વચન પણ આપ્યું છે કે તે પોતાના આ મુલ્યોને વળગી રહેશે. તેણે આગળ લખ્યું, “હું આને માત્ર એક પુરસ્કાર નહીં પણ એક જવાબદારી તરીકે જોઉં છું. આ પુરસ્કાર જે મુલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે તેવા પ્રત્યે ઉંડું પ્રદાન, ગંભીરતા અને નિષ્ઠા સાથે આ સન્માનને નીભાવવાનું વચન આપું છું.” માધવને આવનારા સમયમાં માનવતા અને કર્તવ્યનિષ્ઠા સાથે સેવા કરવાનું ચાલુ રાખી શકે એવી આશા વ્યક્ત કરી હતી.ભારતીય સિનેમામાં અમુલ્ય પ્રદાન બદલ આર માધવનને પદ્મ શ્રી એવોર્ડ જાહેર થયો છે, જે તેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા એનાયત થશે. ગૃહ મંત્રાલય દ્વારા રવિવારે સાંજે વિવિધ ક્ષેત્રના પુરસ્કાર જાહેર થયા હતા. માધવને ૨૦૦૧માં રહેના હે તેરે દિલ મેં ફિલ્મથી બોલિવૂડ ડેબ્યુ કર્યું હતું. આ પહેલાં તેણે મણિ રત્નમની અલાઈ પાયુથે તમિલ ફિલ્મમાં કામ કર્યું હતું.

# ‘માઇકલ’ : માઈકલ જેક્સનની બાયોપિકનું આંતરરાષ્ટ્રીય પ્રીમિયર બર્લિનમાં યોજાશે



## ગ્રેહમ કિંગ દ્વારા નિર્મિત ફિલ્મનું માઈકલ જેક્સન ફેન સેલિબ્રેશન પણ યોજાશે

પોપ આઈકન માઈકલ જેક્સનની જીવનકથા પર આધારિત આવનારી બાયોગ્રાફિકલ ફિલ્મ માઈકલનું ઈન્ટરનેશનલ પ્રીમિયર બર્લિન ખાતે યોજાવા જઈ રહ્યું છે. એકેડેમી એવોર્ડ વિજેતા પ્રોડ્યુસર ગ્રેહમ કિંગે મ્યુનિક ફિલ્મ વીક દરમિયાન આ જાહેરાત કરી હતી. ફિલ્મનું પ્રીમિયર ૧૦ એપ્રિલે યોજાવાનું છે અને ત્યાર બાદ વિશ્વસ્તરે આ ફિલ્મનાં એક ખાસ ગ્લોબલ ફેન સેલિબ્રેશનનું આયોજન કરવામાં આવશે.નિર્માતાઓના જણાવ્યા અનુસાર, બર્લિનમાં યોજાનારા આ આંતરરાષ્ટ્રીય પ્રીમિયરમાં ફિલ્મના મુખ્ય કલાકારો અને ફિલ્મમેકર્સ હાજર રહેશે. આ કાર્યક્રમ માઈકલ જેક્સનની સંગીતયાત્રા, તેના પ્રભાવ અને તેણે કરેલી સાંસ્કૃતિક ક્રાંતિને સમર્પિત વિશેષ ફેન ઈવેન્ટ સાથે શરૂ થશે. માઈકલના પ્રીમિયર અને ફેન સેલિબ્રેશન અંગેની વધુ વિગતો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.ગ્રેહમ કિંગના બેનર GK Films હેઠળ બનેલી માઈકલનું ડિરેક્શન એન્ટોઈન ફુકાએ કર્યું છે અને આ ફિલ્મ ત્રણ વખત એકેડેમી એવોર્ડ માટે નોમિનેટ થયેલા જોન લોગાને લખી છે. ફિલ્મને માઈકલ જેક્સનની જીવનયાત્રાનાં સિનેમેટિક ચિત્રણ તરીકે પ્રમોટ કરવામાં આવી છે—જેમાં બાળ કલાકાર અને જેક્સન ફાઈવના લીડ સિંગર તરીકેના માઈકલ જેક્સનના શરૂઆતના દિવસોથી લઈને વર્લ્ડ મ્યુઝિકના ઈતિહાસના સૌથી પ્રભાવશાળી એન્ટરટેઈનર્સમાંના એક બનવાની સફર રજૂ કરવામાં આવશે.ફિલ્મમાં સ્ટેજ સિવાયનું માઈકલ જેક્સનનું જીવન તેમજ સોલો કલાકાર તરીકેની તેની પ્રગતિ બંનેને આવરી લેવામાં આવ્યા છે, સાથે જ તેનાં કેટલીક સૌથી પ્રખ્યાત પરફોર્મન્સને ફરીથી ક્રિએટ કરવામાં આવી રહ્યા છે. કથાવસ્તુ તેની કારકિર્દીને ઘડનાર મહત્ત્વાકાંક્ષા, શિસ્ત અને સર્જનાત્મક ઉર્જા પર કેન્દ્રિત છે, જે દર્શકોને સંગીત પાછળના વ્યક્તિને નજીકથી જાણવાની તક આપશે.માઈકલ ફિલ્મથી જાફર જેક્સન ફીચર ફિલ્મમાં ડેબ્યુ કરી રહ્યો છે, જેમાં તે પોતાના




મામા માઈકલ જેક્સનની ભૂમિકા ભજવે છે. ફિલ્મમાં નિયા લૉંગ, લૌરા હેરિયર અને જુલિયાનો ક્રૂ વાલ્દી પણ છે, જ્યારે માઈલ્સ ટેલર અને બે વખત એકેડેમી એવોર્ડ માટે નોમિનેટ થયેલા કોલમન ડોમિંગો મહત્વના રોલમાં જોવા મળશે.ટ્રેનિંગ ડે, ઓલિમ્પસ હેઝ ફોલન અને ધ ઈક્વિલાઈઝર ફ્રેન્ચાઈઝી જેવી ફિલ્મો માટે જાણીતા એન્ટોઈન ફુક્વા આ ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે. ગ્રેહમ કિંગ સાથે સાથે, ફિલ્મનું પ્રોડક્શન જોન બ્રાન્કા અને જોન મેક્લેઈને કર્યું છે—બંને માઈકલ જેક્સનના એસ્ટેટ સાથે નજીકથી જોડાયેલા છે અને ધિસ ઈઝ ઈટ તેમજ થ્રિલર ૪૦ જેવા પ્રોજેક્ટ્સમાં પણ સંકળાયેલા રહ્યા છે. બર્લિન પ્રીમિયર અને ગ્લોબલ ફેન સેલિબ્રેશન સાથે માઈકલને તેની વિશ્વવ્યાપી રિલીઝ પહેલાં એક મોટા આંતરરાષ્ટ્રીય સિનેમેટિક ઈવેન્ટ તરીકે રજૂ કરવામાં આવી રહી છે.




# કરણ જોહરે ગુજરાતી ફિલ્મ લાલોના ડિરેક્ટર અંકિતના વખાણ કર્યા

ગુજરાતી સિનેમા રાષ્ટ્રીય સ્તરે સતત પોતાની મજબૂત હાજરી નોંધાવી રહ્યું છે. તાજેતરમાં લાલો ફિલ્મના ડિરેક્ટર અંકિત સખિયાએ કરણ જોહરની મુલાકાત લીધી હતી, જેની તસવીરો તેમણે પોતાના સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. લાલોએ બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડનો આંકડો પાર કરીને ઈતિહાસ રચ્યો અને આ સિદ્ધિ હાંસલ કરનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ બની. ત્યાર બાદ હવે આ ફિલ્મ હિન્દીમાં પણ રિલીઝ થઈ ચુકી છે.

પ્રથમ ફિલ્મથી મોટી સફળતા મેળવનાર અંકિત સખિયા માટે આ મુલાકાત ભાવનાત્મક અને તેના કામની નોંધ લેનારી બની રહી હતી. મુલાકાત બાદ ઈન્સ્ટાગ્રામ પર પોતાની લાગણી વ્યક્ત કરતા અંકિતે લખ્યું, “આજે મને સમય આપી મળવા બદલ કરણ જોહર સાહેબનો દિલથી આભાર. પ્રથમવાર દિગ્દર્શક તરીકે આ ક્ષણ મારા હૃદયમાં ખૂબ જ વિશેષ સ્થાન ધરાવે છે. ગુજરાતી સિનેમા અને ફિલ્મમેકર તરીકે આત્મવિશ્વાસના મહત્વત અંગે થયેલી અમારી ચર્ચા મારા માટે બહુ અર્થપૂર્ણ રહી. ગુજરાતી ફિલ્મો અને અમારી ઈન્ડસ્ટ્રી માટે આપની પ્રશંસા ખરેખર ઉત્સાહ વધારનારી છે. ‘લાલો’ની સમગ્ર ટીમ તરફથી ફરી એકવાર આભાર.”

જ્યારે પ્રાદેશિક સિનેમાઓ ભાષા અને વેપારની સીમાઓ તોડી રાષ્ટ્રીય સ્તરે પોતાની ઓળખ બનાવી રહી છે, ત્યારે કરણ જોહરની આ પ્રસંશા મહત્વની બની ગઈ છે. આ ફિલ્મે ફરી એકવાર સાબિત કર્યું કે સંસ્કૃતિમાં મૂળભૂત અને દ્રઢ આત્મવિશ્વાસ ધરાવતી ફિલ્મ પોતાના મૂળ વિસ્તારથી બહાર પણ દર્શકોના દિલ સુધી પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

લાલોની સફળ સિનેમેટિક યાત્રા આગળ વધતી રહે છે, ત્યારે કરણ જોહર અને અંકિત સખિયાની મુલાકાત એક પ્રતીકાત્મક ક્ષણ તરીકે ઉભરી આવી છે — જે ગુજરાતી સિનેમાપ્રતિ વધતા સન્માન અને ભારતીય ફિલ્મ જગતમાં તેના વિકસતા સ્થાનનું પ્રતિબિંબ છે.

# ચોથી ટીર૦માં ભારતીય બેટિંગનો ધબડકો, ન્યૂઝીલેન્ડનો વિજય

## સિરીઝમાં ભારતની સરસાઈનો સ્કોર ૩-૧ થયો, સેફર્ટના ૬૨, શિવમ દૂબેની આક્રમક બેટિંગ



પ્રવાસી ન્યૂઝીલેન્ડ સામેની ટીર૦ ક્રિકેટ સિરીઝમાં સતત સારો દેખાવ કરી રહેલા અભિષેક શર્મા અને સૂર્યકુમાર યાદવ બેટિંગમાં નિષ્ફળ રહેતા ભારતે બુધવારે અહી રમાયેલી ચોથી ટીર૦ ક્રિકેટ મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ૫૦ રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ભારત માટે શિવમ દૂબેએ અત્યંત ઝંઝાવાતી બેટિંગ કરીને માત્ર ૧૫ બોલમાં અડધી સદી પૂરી કરી હતી પરંતુ તેની બેટિંગથી ટીમના પરિણામમાં ફરક પડ્યો ન હતો. તેવી જ રીતે આ પરાજય બાદ સિરીઝના સ્કોરમાં ખાસ ફરક પડ્યો ન હતો. ભારત અત્યારે ૩-૧થી આગળ છે. ૩૧મીએ પાંચમી અને અંતિમ ટીર૦ મેચ રમાશે.

ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૧૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ભારતે ૧૮.૪ ઓવરમાં ૧૬૫ રન કર્યા હતા.

મેચ જીતવા માટે ૨૧૬ રનના ટારગેટ સામે રમતાં ભારતે પહેલા જ બોલે વર્તમાન સિરીઝના સફળ બેટર અભિષેક શર્માની વિકેટ ગુમાવી દીધી હતી તો કેપ્ટન સૂર્યકુમાર યાદવ પણ માત્ર આઠ રનના સ્કોરે આઉટ થઈ ગયો હતો. સંજુ સેમસને થોડી લડત આપીને ૩૦ બોલમાં ૩૯ રન ફટકાર્યા હતા. સેમસન આઉટ થયો ત્યારે એમ લાગતું હતું કે ભારતીય ઈનિંગ્સ ઝડપથી સમેટાઈ જશે પણ શિવમ દૂબેએ ઝંઝાવાતી બેટિંગ કરી હતી. તેણે માત્ર ૧૫ બોલમાં અડધી સદી પૂરી કરી હતી. જોકે શિવમ દૂબે ૨૩ બોલમાં ૬૫ રનના સ્કોરે આઉટ થતાં ભારતનો પડકાર શમી ગયો હતો. દૂબેએ સાત સિક્સર અને ત્રણ ચોગ્ગા ફટકાર્યા હતા.

અગાઉ ન્યૂઝીલેન્ડે પ્રથમ બેટિંગ કરતાં શાનદાર પ્રારંભ કર્યો હતો. નવમી ઓવર સુધીમાં ઓપનર્સ ડેવોન કોનવે અને ટિમ શેફર્ટે ૧૦૦ રન ફટકારી દીધા હતા. કોનવેએ ૨૩ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા જેમાં ત્રણ સિક્સર સામેલ હતી તો એટલી જ સિક્સર ફટકારવાની સાથે સાત ચોગ્ગા ફટકારીને ટિમ સેફર્ટે માત્ર ૩૬ બોલમાં ૬૨ રન ફટકારી દીધા હતા. આ બંનેના ઝંઝાવાત સામે ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સ દરમિયાન ભારતીય બોલર્સે લાચાર પુરવાર થઈ ગયા હતા. પહેલી વિકેટ પડ્યા બાદ ન્યૂઝીલેન્ડની વિકેટોનું પતન શરૂ થઈ ગયું હતું. આ તબક્કેથી કિવિ ટીમે નિયમિત અંતરે વિકેટ ગુમાવી હતી તેમ છતાં તેમની રનગતિ પર ખાસ ફરક પડ્યો ન હતો. રવિ બિશ્નોઈ અને કુલદીપ યાદવ જેવા સ્પિનર્સે ભારતને સમયાંતરે સફળતા અપાવી હતી પરંતુ આ બંને બોલરે રન પણ ઘણા આપી દીધા હતા. જસપ્રિત બુમરાહે આવતાની સાથે રચિન રવન્દ્રને આઉટ કર્યો હતો પરંતુ તેણે ચાર ઓવરમાં ૩૮ રન આપી દીધા હતા. સામાન્ય રીતે બુમરાહ આટલો ખર્ચાળ બનતો નથી.

# WPLમાં યૂપીની ટીમમાં લિચફિલ્ડને સ્થાને એમી જોન્સ સામેલ

## વિમેન્સ પ્રીમિયર લીગની બાકી રહેલી મેચમાં યૂપી માટે સ્પિનર જોન્સ રમશે



વિમેન્સ પ્રીમિયર લીગ (WPL) ટીર૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં હાલમાં અંતિમ તબક્કો ચાલી રહ્યો છે ત્યારે યૂપી વોરિયર્સની આધારભૂત ખેલાડી ફોબે લિચફિલ્ડ ઘાયલ થતા તેને સ્થાને ઈંગ્લેન્ડની વિકેટકીપર-બેટર એમી જોન્સનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

લીગની વર્તમાન સિઝનમાં લિચફિલ્ડ યૂપી વોરિયર્સ માટે સૌથી વધુ રન ફટકારનારી બેટર છે અને તે હાલમાં શાનદાર ફોર્મ ધરાવતી હતી પરંતુ ટુર્નામેન્ટના ગુરુવારથી શરૂ થતાં પ્લે ઓફ રાઉન્ડ અગાઉ જ લિચફિલ્ડ ઘાયલ થતાં યૂપી વોરિયર્સને મોટો ફટકો પડ્યો છે અને લિચફિલ્ડને ટુર્નામેન્ટમાંથી બહાર થઈ જવું પડ્યું છે.

પ્લે ઓપ રાઉન્ડમાં યૂપી વોરિયર્સની ટીમ ગુરુવારે મજબૂત રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે રમવાની છે અને આ સંજોગોમાં ટીમને લિચફિલ્ડની વધુ જરૂર પડવાની હતી. આ સિઝનમાં ઓસ્ટ્રેલિયાની લિચફિલ્ડે છ મેચમાં ૨૪૩ રન ફટકાર્યા હતા અને સમગ્ર ટુર્નામેન્ટમાં તે મોખરાની ત્રણ બેટરમાં સામેલ હતી. એમી જોન્સ ઈંગ્લેન્ડ માટે રમે છે અને અત્યાર સુધીમાં તે ૧૨૫ ટીર૦ ઈન્ટરનેશનલ મેચ રમી ચૂકી છે જેમાં તેણે ૧૬૬૬ રન ફટકાર્યા છે. હવે તે યૂપી વોરિયર્સ માટે રમશે. તેને વોરિયર્સે ૫૦ લાખ રૂપિયાની કિંમતે ખરીદી હતી.

# T20 વર્લ્ડ કપ પછી, બાંગ્લાદેશ U-19 વર્લ્ડ કપને નિશાન બનાવી, ICC પર પક્ષપાતનો આરોપ?

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (BCB) ૨૦૨૬ ઝ૨૦ વર્લ્ડ કપની આસપાસના નાટકથી સંતુષ્ટ નહોતું, અને હવે તેઓ અંડર-૧૯ વર્લ્ડ કપમાં મુશ્કેલી ઉભી કરવા માટે કટિબદ્ધ છે. ભલે તેમની અંડર-૧૯ ટીમ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ હોય, BCB એ એક નવું નિવેદન બહાર પાડીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) પર અન્યાયી સમયપત્રકનો આરોપ લગાવ્યો છે.

બીસીબીના ગેમ ડેવલપમેન્ટ કોઓર્ડિનેટર હબીબુલ બશારે જણાવ્યું હતું કે ટીમનો પરાજય ફક્ત પ્રદર્શનને કારણે નહીં, પરંતુ ખેલાડીઓ પર વધુ પડતા મુસાફરીના દબાણને કારણે પણ થયો હતો. તેમણે ઈંગ્લેન્ડ અને ભારત સામેની મેચોમાં વ્યૂહાત્મક ભૂલો સ્વીકારી, પરંતુ મુસાફરીના સમયપત્રકની અન્યાયી તરીકે ટીકા પણ કરી.

હબીબુલ બશારે કહ્યું, "લોકો તેને બહાનું કહી શકે છે, પરંતુ મુસાફરીનું સમયપત્રક એવું હતું કે તેનાથી ખેલાડીઓ પર બિનજરૂરી શારીરિક અને માનસિક તાણ પડતો હતો.''


બાંગ્લાદેશ અંડર-૧૯ ટીમ શરૂઆતમાં માસવિન્ગોમાં બે વોર્મ-અપ મેચ રમવાની હતી, ત્યારબાદ તેઓ મુખ્ય મેચો માટે હરારે જવાના હતા. જોકે, ટુર્નામેન્ટ પહેલા, આઈસીસીએ સમયપત્રકમાં ફેરફાર કર્યો. પરિણામે, ટીમને બે અલગ અલગ શહેરોમાં પ્રેક્ટિસ મેચ રમવાની હતી, લગભગ ચાર કલાકના અંતરે.

બશરે કહ્યું, "ભારત સામેની મેચ પહેલા ખેલાડીઓ થાકી ન જાય તે માટે, બીસીબીએ પોતાના ખિસ્સામાંથી આંતરિક ફ્લાઇટ્સની વ્યવસ્થા કરવી પડી કારણ કે બસની મુસાફરી લાંબી અને થકવી નાખનારી હતી.''





# સૂર્યા ટોપ ૧૦માં પાછો ફર્યો, અભિષેકે નંબર વન સ્થાન જાળવી રાખ્યું



બુધવારે જાહેર કરાયેલા નવીનતમ આઈસીસી ટીર૦આઈ બેટ્સમેન રેન્કિંગમાં સૂર્યકુમાર યાદવ ફરી ટોપ ૧૦ માં પ્રવેશ કર્યો છે.તે પાંચ સ્થાન ઉપર છલાંગ લગાવીને સાતમા સ્થાને પહોંચી ગયો છે.ઓપનર અભિષેક શર્માએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ઈજાને કારણે ન્યુઝીલેન્ડ શ્રેણીમાંથી બહાર રહેલ મધ્યમ ક્રમના બેટ્સમેન તિલક વર્મા ત્રીજા સ્થાને યથાવત છે.

ઈશાન કિશન ૬૪ માં ક્રમે ફરી પ્રવેશ કર્યો છે.શિવમ દુબે નવ સ્થાન ઉપર ૫૮ માં ક્રમે અને રિંકુ સિંહ ૧૩ સ્થાન ઉપર ૬૮ માં ક્રમે છે. બુમરાહ ચાર સ્થાન ઉપર ૧૩ માં ક્રમે અને બિશ્નોઈ ૧૩ સ્થાન ઉપર ૧૯ માં ક્રમે છે. અર્શદીપ સિંહ ૧૬ માં ક્રમે યથાવત છે.

વરૂણ ચક્રવર્તીએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. ઓલરાઉન્ડરોની રેન્કિંગમાં હાર્દિક પંડ્યા એક સ્થાન ઉપર ત્રીજા સ્થાને પહોંચી ગયો છે. શિબમ દુબે પણ છ સ્થાન ઉપર ૧૨ માં ક્રમે છે.

ટિમ અને કોનવેની જોડી ચાર વર્ષમાં પ્રથમ વિકેટ માટે સદીની ભાગીદારી કરનારી ન્યૂઝીલેન્ડની પ્રથમ ઓપનિંગ જોડી બની હતી. અગાઉ ઓક્ટોબર ૨૦૨૨ માં ફિન એલન સાથે ૧૧૭ રનની ભાગીદારી કરી હતી.

# મોઈન અલીએ નિવૃત્તિ પાછી ખેંચી : ઘરેલુ ક્રિકેટ રમશે

## હંડ્રેડ ઓક્શનમાં પણ ભાગ લેશે



ઈંગ્લેન્ડના સ્ટાર ઓલરાઉન્ડર મોઈન અલીએ નિવૃત્તિ પાછી ખેંચી લીધી છે. તેણે ઘરેલુ ક્રિકેટમાં પાછા ફરવાની જાહેરાત કરી છે અને હવે તે યોર્કશાયર માટે ટીર૦ ક્રિકેટ રમશે. તે હંડ્રેડ ઓક્શનમાં પણ ભાગ લેશે.

સપ્ટેમ્બર ૨૦૨૪ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવા જઈ રહેલા મોઈન અલીએ ગયા સિઝનમાં વોરવિકશાયર માટે આઠ ઝ૨૦ બ્લાસ્ટ ગ્રુપ મેચ રમી હતી. જોકે, તેણે ગ્લોબલ સુપર લીગ અને કેરેબિયન પ્રીમિયર લીગમાં ગયાના એમેઝોન વોરિયર્સ તરફથી રમવા માટે સિઝનના મધ્યમાં જ છોડી દીધી હતી, જેના કારણે તે ધ હન્ડ્રેડ ચૂકી ગયો હતો.

ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) ની નવી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) નીતિથી બચવા માટે મોઈનને ડોમેસ્ટિક ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવી પડી હતી. હવે, તે નિર્ણયને ઉલટાવીને, તે યોર્કશાયરમાં જોડાયો છે, જે તેનો ત્રીજો કાઉન્ટી ક્લબ હશે. તેણે અગાઉ વોર્સેસ્ટરશાયર અને વોરવિકશાયરનું પ્રતિનિધિત કર્યું હતું.

યોર્કશાયરમાં જોડાવા અંગે મોઈન અલીએ કહ્યું, "૨૦ બ્લાસ્ટ માટે યોર્કશાયરમાં જોડાવાનો મને ખૂબ આનંદ છે. આ એક અદ્ભુત વારસો ધરાવતો એક મહાન ક્લબ છે, પરંતુ મને સૌથી વધુ આકર્ષિત કરે છે તે છે આ ટીમ કઈ દિશામાં આગળ વધી રહી છે.ટીમ અતિ પ્રતિભાશાળી છે, અને મુખ્ય કોચ એન્થોની મેકગ્રાથ સાથે કામ કરવું રોમાંચક રહેશે. મને હેડિંગ્લીમાં રમવાનું હંમેશા ગમ્યું છે. પીચ, વાતાવરણ અને ભીડ બધું જ તેને ખાસ બનાવે છે. આ મારા માટે એક નવો પડકાર છે, અને હું અહીં ખૂબ જ ભૂખ અને ઉત્સાહ સાથે આવું છું. મારું લક્ષ્ય મારા અનુભવનો ઉપયોગ ટીમને મજબૂત બનાવવા માટે કરવાનો છે."

# T20 વર્લ્ડ કપ અગાઉ જ મોટી મુશ્કેલીમાં મૂકાયો આરોન જોન્સ, મેચ ફિક્સિંગને લીધે સસ્પેન્ડ



ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC)એ બુધવારે (૨૮મી જાન્યુઆરી ૨૦૨૬) એક ચોંકાવનારો નિર્ણય લેતા અમેરિકાની ટીમના બેટર એરોન જોન્સને ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધો છે. ૨૦૨૪ના ૨૦ વર્લ્ડ કપમાં અમેરિકાને સુપર-૮ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર જોન્સ પર મેચ ફિક્સિંગ અને ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લાગ્યા છે.એરોન જોન્સ પર ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ (CWI) અને ICC ભ્રષ્ટાચાર વિરોધી સંહિતાના કુલ પાંચ ઉલ્લંઘનનો આરોપ મૂકવામાં આવ્યો છે. ૨૦૨૩-૨૪ દરમિયાન બાર્બાડોસમાં આયોજિત BIM10 લીગમાં મેચ ફિક્સિંગમાં સંડોવણી. ભ્રષ્ટ સંપર્કો (Crorupt Approaches) અંગે સંબંધિત અધિકારીઓને જાણ કરવામાં નિષ્ફળતા. કથિત ગુનાની તપાસ દરમિયાન સત્તાધીશોને સહકાર ન આપવો. બે આરોપો આંતરરાષ્ટ્રીય મેચો સાથે સંબંધિત છે, જે સીધા ICC કોડ હેઠળ આવે છે.ICCના જણાવ્યાનુસાર, ૩૧ વર્ષીય એરોન જોન્સને કામચલાઉ ધોરણે (Provisionally) સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. ૨૮મી જાન્યુઆરી, ૨૦૨૬ થી તેની પાસે પોતાની સફાઈ આપવા અને આરોપોનો જવાબ આપવા માટે ૧૪ દિવસનો સમય છે. જો તે પોતાને નિર્દોષ સાબિત નહીં કરી શકે, તો તેના પર લાંબા સમયનો અથવા આજીવન પ્રતિબંધ લાગી શકે છે.ન્યૂયોર્કમાં જન્મેલા એરોન જોન્સે અત્યાર સુધી અમેરિકા માટે ૫૨ વનડે અને ૪૮ ટીર૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. તેણે છેલ્લે એપ્રિલ ૨૦૨૫ માં રાષ્ટ્રીય ટીમનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૨૦૨૪ T20 વર્લ્ડ કપમાં તેની આક્રમક બેટિંગને કારણે તે રાતોરાત સ્ટાર બની ગયો હતો.વર્લ્ડ કપ જેવી મોટી ટૂર્નામેન્ટો નજીક છે ત્યારે અમેરિકન ટીમના મુખ્ય ખેલાડીનું આ રીતે સસ્પેન્ડ થવું એ યુએસએ ક્રિકેટ માટે એક મોટો આંચકો માનવામાં આવે છે. આ ઘટનાએ ફરી એકવાર ટી૧૦ અને અન્ય નાની લીગમાં થતા ભ્રષ્ટાચાર સામે લાલબત્તી ધરી છે.

# હવે, ભારત સામેની મેચનો બહિષ્કાર કરવો પાકિસ્તાન માટે મોંઘો સાબિત થશે! ૩૪૮ કરોડ રૂપિયા દાવ પર?

## ICC કરાર અને બ્રોડકાસ્ટર્સના નાણાકીય હિતોને કારણે PCB ને આશરે $38 મિલિયનનો કાનૂની ખતરો

T20 વર્લ્ડ કપને લઈને ચાલી રહેલી અંધાધૂંધીએ વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું છે. પહેલા બાંગ્લાદેશે ભારતમાં મેચ ન રમવાનો આગ્રહ રાખ્યો, અને પછી ICCએ તેમને ટુર્નામેન્ટમાંથી હાંકી કાઢ્યા. હવે, પાકિસ્તાનનો નાટક શરૂ થઈ ગયો છે.પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ના ચેરમેન મોહસીન નકવીએ વડા પ્રધાન શાહબાઝ શરીફ સાથે મુલાકાત કરી, જેના કારણે એવી અટકળો શરૂ થઈ કે પાકિસ્તાન કાં તો ટુર્નામેન્ટનો બહિષ્કાર કરશે અથવા ભારત સામે મેચ નહીં રમશે. જોકે, આ ચર્ચાઓના ગંભીર કાનૂની અને આર્થિક પરિણામો આવ્યા છે.૨૦૨૬ ના T20 વર્લ્ડ કપને લઈને પાકિસ્તાનમાં ચાલી રહેલા રાજકારણ અને રાજદ્વારીએ ક્રિકેટ ક્ષેત્રની બહાર પણ હલચલ મચાવી દીધી છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે, અન્ય ક્રિકેટ બોર્ડની જેમ, ICC સભ્ય ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે કાયદેસર રીતે બંધનકર્તા છે.આનો અર્થ એ છે કે ટુર્નામેન્ટ અથવા કોઈપણ મેચનો બહિષ્કાર કરવો એ ICC નિયમોનું સીધું ઉલ્લંઘન હશે. આનાથી ઝ્મ માટે માત્ર ગંભીર પ્રતિબંધો જ નહી, પરંતુ બ્રોડકાસ્ટર્સ તરફથી મુકદમા પણ થઈ શકે છે.

ભારત-પાકિસ્તાન મેચને વિશ્વ ક્રિકેટમાં સૌથી વધુ જોવાયેલી ઈવેન્ટ માનવામાં આવે છે. આશરે US$૩૮ મિલિયન (આશરે રૂ. ૩૪૮ કરોડ) ની આવક ફક્ત આ મેચ સંબંધિત જાહેરાતો, બ્રાન્ડેડ પ્રોગ્રામિંગ અને સ્પોન્સરશિપ સાથે સંકળાયેલી છે.

જો પાકિસ્તાન મેચ છોડી દે છે, તો બ્રોડકાસ્ટર્સ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ પર નુકસાન માટે દાવો કરી શકે છે, જેનાથી બોર્ડ નાણાકીય રીતે પતનનો ભોગ બની શકે છે. અહેવાલો અનુસાર, "આશરે US$38 મિલિયન, અથવા રૂ. ૩૪૮ કરોડ, સીધા આ મેચ પર નિર્ભર છે."





## બાંગ્લાદેશની બેવડી નીતિ

# ભારતમાં શૂટિંગ ચેમ્પિયનશિપ માટે પોતાની ટીમ મોકલવાની મંજૂરી આપી

## શૂટિંગ ચેમ્પિયનશિપમાં કોઈ મોટું સુરક્ષા જોખમ નથી : બાંગ્લાદેશ અધિકારી

૨૦૨૬ ના ૨૦ વર્લ્ડ કપ માટે ભારતમાં તેના ખેલાડીઓની સલામતી અંગે ચિંતા કરવા બદલ બાંગ્લાદેશનો બેવડી નીતિ ખુલી પડી છે. બાંગ્લાદેશની વચગાળાની સરકારે આવતા મહિને ભારતની રાજધાની નવી દિલ્હીમાં યોજાનારી એશિયન રાઈફલ અને પિસ્તોલ શૂટિંગ ચેમ્પિયનશિપ માટે ખેલાડીઓને મંજૂરી આપી દીધી છે.

બાંગ્લાદેશની વચગાળાની સરકારે નવી દિલ્હી, ભારતમાં યોજાનારી એશિયન રાઈફલ અને પિસ્તોલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય શૂટિંગ ટીમના પ્રવાસને મંજૂરી આપી દીધી છે.

અગાઉ, આ ઈવેન્ટમાં બાંગ્લાદેશની ભાગીદારી અંગે અનિશ્ચિતતા હતી. બાંગ્લાદેશી મીડિયા અનુસાર, યુવા અને રમત મંત્રાલયે બુધવારે એક સત્તાવાર સરકારી આદેશ (GO) જારી કર્યો હતો, જેમાં ટીમને ૨ થી ૧૪ ફેબ્રુઆરી દરમિયાન યોજાનારી ચેમ્પિયનશિપમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી હતી. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે બાંગ્લાદેશે અગાઉ સુરક્ષા ચિંતાઓને કારણે ૨૦ વર્લ્ડ કપ માટે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનો ભારતનો પ્રવાસ રદ કર્યો હતો.

સરકારી અધિકારીઓ માને છે કે, શૂટિંગ ચેમ્પિયનશિપમાં કોઈ મોટો સુરક્ષા જોખમ નથી, કારણ કે તે સુરક્ષિત, ઈન્ડોર સ્થળ પર યોજાશે. યુવા અને રમત સચિવ કોઈ સુરક્ષા ચિંતા નથી. સરકારે તમામ પાસાઓ પર વિચાર કર્યા પછી આ પ્રવાસને મંજૂરી આપી છે."

બાંગ્લાદેશનું પ્રતિનિધિત દેશના ટોચના શૂટર રબીઉલ ઈસ્લામ કરશે, જે ૫ ફેબ્રુઆરીએ



મોહમ્મદ મહબૂબ-ઉલ-આલમે નિર્ણયની પુષ્ટિ કરતા કહ્યું કે તમામ પાસાઓ પર સંપૂર્ણ વિચારણા કરવામાં આવી છે.

તેમણે કહ્યું, "બાંગ્લાદેશ ટીમમાં ફક્ત એક ખેલાડી અને એક કોચ છે, જેનો અર્થ છે કે જૂથ ખૂબ નાનું છે. આયોજકોએ સુરક્ષા અંગે ખાતરી પણ આપી છે." "આ સ્પર્ધા એક સુરક્ષિત ઈન્ડોર સુવિધામાં યોજાશે, તેથી અમને સ્પર્ધામાં ભાગ લેશે. તેમની સાથે રાષ્ટ્રીય કોચ શર્મીન અખ્તર પણ હશે. બાંગ્લાદેશ નૌકાદળના ખેલાડી તરીકે, રબીઉલ ઈસ્લામ પાસે એક ખાસ પાસપોર્ટ છે જે તેમને વિઝા વિના સાત દિવસ ભારતમાં રહેવાની મંજૂરી આપે છે. જોકે, કોચ શર્મીન અખ્તરને ભારતીય વિઝાની જરૂર પડશે. ટીમ ૩૧ જાન્યુઆરીએ નવી દિલ્હી જવા રવાના થશે.



# ઓલપાડ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ગણતંત્ર દિવસની ઉજવણી

## રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજાઈ

સુરત, તા.૨૯

રાષ્ટ્રનાં ૭૭ માં પ્રજાસત્તાકદિનની ઉજવણીનાં ભાગરૂપે સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ઓલપાડ તાલુકાની પ્રાથમિક શાળાઓમાં બાળકો દ્વારા ગગનભેદી સૂત્રોચ્ચાર, નારાઓ સાથે તિરંગા યાત્રા યોજવામાં આવી હતી. તમામ શાળાઓમાં ગામની સૌથી વધુ ભણેલ દીકરીનાં હસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે દરેક ગામોમાં માતાઓ તથા દીકરીઓનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કેટલીક શાળાઓમાં નિબંધ સ્પર્ધા, દેશભકિતગીત સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને વેશભૂષા જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. ઉપરાંત કેટલીક શાળાઓમાં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીનાં ભાગરૂપે સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટ પટેલે અસ્નાબાદ પ્રાથમિક શાળા ખાતે, તાલુકાનાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે અંભેટા પ્રાથમિક શાળા ખાતે, ઓલપાડ તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ બળદેવ પટેલે કુદિયાણા પ્રાથમિક શાળા ખાતે, કાર્યવાહક પ્રમુખ ચિરાગ પટેલે જીણોદ પ્રાથમિક શાળા ખાતે, મહિલા ઉપપ્રમુખ જાગૃતિ પટેલે કરંજ પ્રાથમિક શાળા ખાતે, મહામંત્રી મહેન્દ્રસિંહ ઠાકોરે બલકસ પ્રાથમિક શાળા ખાતે જયારે નાણાંમંત્રી મહેન્દ્રસિંહ ગોહિલે સાયણ પ્રાથમિક શાળા ખાતે ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## મેદસ્વિતામુક્ત ગુજરાત તરફ એક પગલું

# ઓફિસ સમયમાં અપનાવીએ સ્વસ્થ જીવનશૈલી

### કામના સ્થળે થોડી કાળજી શરીરને રાખશે ચુસ્ત-દુરસ્ત

સુરત, તા.૨૯

આજના ઝડપી અને સ્પર્ધાત્મક યુગમાં મોટાભાગના લોકોનો દિવસ ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરીને પસાર થાય છે. સતત કમ્પ્યુટર સામે કામ, શારીરિક નિષ્ક્રિયતા અને અનિયમિત આહારના કારણે મેદસ્વિતા, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, કમર-ગળાનો દુખાવા જેવી સમસ્યાઓ ખાનગી અને સરકારી ક્ષેત્રે કામ કરતા વ્યવસાયિકો અને નોકરિયાતોમાં ઝડપથી વધતી જાય છે. આ સંજોગોમાં રાજ્ય સરકારનું ''મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાન આજના સમયની અગત્યની જરૂરિયાત બની ગઈ છે.

ઓફિસ સમયમાં નાની નાની કાળજીઓ લેવાથી મેદસ્વિતા, શરીર અકડાઈ જવું અને મસલ્સના વિવિધ દુખાવા સામે રાહત મેળવી શકાય છે. ઓફિસમાં કામ કરતી વખતે વિવિધ યોગ અને હળવી કસરતો અપનાવવાથી દુ;ખાવામાં આરામ મળી શકે છે. થોડી જાગૃતતા અપનાવવાથી સ્વાસ્થ્યને સુરક્ષિત રાખી શકાય છે જેમકે લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં ન બેસવું.દર એકથી બે કલાકે ઊભા રહી થોડું હલન ચલન કરવું.ખુરશી પર સીધી પીઠ રાખીને બેસવાની ટેવ વિકસાવવી તેમજ વધુ તેલવાળું અને જંક ફૂડ ટાળીને હળવો અને પૌષ્ટિક આહાર લેવો.પૂરતું પાણી પીવાનું ધ્યાન રાખવું અનેલિફ્ટના બદલે શક્ય હોય ત્યાં સુધી સીડીઓનો ઉપયોગ કરવો.આ નાની બાબતો રોજિંદી આદતમાં સમાવવાથી મેદસ્વિતા તરફ આગળ વધતા પગલાં રોકી શકાય છે. ચાલો જાણીએ ઓફિસમાં કરી શકાય તેવા સરળ સ્ટ્રેચિંગ વ્યાયામ અને કસરતો.ઓફિસમાં કોઈ ખાસ સાધન વિના કરી શકાય તેવા સ્ટ્રેચિંગ વ્યાયામ શરીરને સક્રિય રાખવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.ગળાનૈ સ્ટ્રેચની કસરત કરવાથી તેની સ્ટીફનેસ દૂર કરી શકાય છે.ખુરશી પર સીધા બેસીને માથું ધીમે ધીમે જમણી અને ડાબી તરફ ઝુકાવવાથી ગળાની જડતા દૂર થાય છે. ખભા માટેનો વ્યાયામની વાત કરીએ તો ખભાને આગળ અને પાછળ ફેરવવાથી ખભાના દુખાવામાં રાહત મળે છે.હાથ અને કાંડાનું સ્ટ્રેચિંગ પણ ઘણું અગત્યનું છે.હાથને આગળ લંબાવી આંગળીઓને હળવેથી ખેંચવાથી હાથની થાક દૂર થાય છે.પીઠ અને કમરની માટે બેસી ને થોડું આગળ ઝુકી બંને હાથ આગળ લંબાવવાથી પીઠ અને કમરને આરામ મળે છે. ઉપરાંત ઊભા રહી હાથ ઉપર લઈ શરીરને બાજુમાં વાળવાથી કમરની લવચીકતા વધે છે. આ વ્યાયામ માત્ર ૫—૧૦ મિનિટમાં કરી શકાય છે, પરંતુ તેનો લાભ લાંબા સમય સુધી મળે છે. સ્વસ્થ કર્મચારી જ સશક્ત કાર્યસ્થળ અને સશક્ત ગુજરાતનું નિર્માણ કરી શકે. ''મેદસ્વિતા મુક્ત ગુજરાત'' અભિયાન માત્ર સરકારી કાર્યક્રમ નહીં પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. જો ઓફિસ સમયમાં થોડી જાગૃતિ, નિયમિત સ્ટ્રેચિંગ અને સકારાત્મક જીવનશૈલી અપનાવવામાં આવે તો નિશ્ચિતરૂપે મેદસ્વિતાને દૂર કરી સ્વસ્થ ગુજરાતનું સ્વપ્ન સાકાર થઈ શકે.આવો, આજે જ નક્કી કરીએ સ્વસ્થ શરીર, સક્રિય જીવન અને મેદસ્વિતા મુક્ત ગુજરાત.

# પાલ ખાતે નિશીથ ગ્રંથ સંદર્ભમાં પાંચ દિવસનાં મહોત્સવનો પ્રારંભ

સુરત, તા.૨૯

વૈરાગ્યવારિધિ પૂ. આચાર્ય શ્રી કુલચન્દ્રસૂરિજી મહારાજ આદિ ૬ આચાર્યો તેમજ પદસ્થ વગેરે શ્રમણ-શ્રમણી ભગવંતોની પાવન નિશ્રામાં થયો હતો. સર્વપ્રથમ પૂજ્યોનું ભવ્ય સામૈયું કરવામાં આવ્યું હતું. જેમાં સેંકડોની સંખ્યામાં ગુરુભક્તો ઉમટ્યા હતા. શ્રુત જ્ઞાન નગરીનું અનાવરણ લાભાર્થી પરિવારે કર્યું હતું. શંખેશ્વર પાર્શ્વનાથ બાવન જિનાલયની આબેહુબ પ્રતિકૃતિ બનાવવામાં આવી છે. પ્રથમ દિવસે પંચધા ભક્તિનું સંગીતમય સુંદર આયોજન થયું હતું. પૂ. આચાર્યશ્રી કુલચન્દ્રસૂરિજી મહારાજે માંગલિક કર્યું હતું. તપોવની પ્રીત અને મીત શાહે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ગીત, નૃત્ય, વાજીંત્ર, પુષ્પ અને આરતી દ્વારા પંચધા ભક્તિ કરવામાં આવી હતી. બપોરે બહેનોની સાંજી, સાંજે મેપીંગ શો અને મોટીવેશનલ સ્પીકર મનીષભાઈ વઘાસીયાએ સ્નેહ, સહકાર અને સંસ્કારોની અદભુત વાતો કરી હતી. પરિવારો જ્યારે તૂટી રહ્યા છે ત્યારે પરિવારપ્રેમની ઉપર ભાર મૂકવાની વધુ જરૂર છે, એવું તેમણે હજારોની સમક્ષ કહ્યું હતું. તા. ૨૯ના સવારે ૫૦૦ આચાર્યોનું પૂજન, બપોરે વ્યસન અને ફેશનમુક્તિ તેમજ આંતરજ્ઞાતિય લગ્ન સંદર્ભમાં કુમારી વિભાબેન પારેખ (આઈ.એ.એસ.)નો ૨.૦૦ કલાકે ૧૫ થી ૫૦ વર્ષની બહેનો માટે વિશિષ્ટ સેમિનાર યોજાશે. સાંજે ૭.૦૦ કલાકે ટેલેન્ટ શોનો કાર્યક્રમ યોજાશે. આ પાવન અવસરે આ. વરબોધિસૂરિજી મ., આ. પદ્મદર્શનસૂરિજી મ., આ. મલયકીર્તિસૂરિજી મ., આ. પદ્મબોધિસૂરિજી મ. અને આ. રશ્મિરાજસૂરિજી મ. આદિ પદસ્થ શ્રમણ-શ્રમણી વૃંદે નિશ્રા પ્રદાન કરી હતી.પંચધા ભક્તિ પ્રસંગે પૂ. આ. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, પ્રભુભક્તિ અર્પણ અને સમર્પણ દ્વારા થાય છે. પુષ્પમાં કોમળતા અને સુગંધ છે તેમ આપણા જીવનમાં પણ કોમળતા અને શીલની સુગંધ હોવી જોઈએ. આરતિ જીવનની અરતિ દૂર કરવા માટે છે. સંગઠન અને સંકલ્પને મજબૂત બનાવવા માટે આરતી છે. દેવોને દીપ પ્રાગટ્ય થતાં આનંદ થાય છે. આરતિ એકતાનું પ્રતિક છે. વિઘ્નોના નાશ માટે આરતિ ઉતારવાની છે. સમગ્ર સમસ્યાનું નિવારણ નૃત્ય-ગીત-વાજીંત્ર પૂજા છે.

# મહુવાના વડીયા પ્રાકૃતિક ફાર્મની ગણદેવીના ખેડુતોએ મુલાકાત લીધી

નવસારી, તા.૨૯

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ખેડુતોએ આત્મા પ્રોજેક્ટ હેઠળ જિલ્લા બહાર પ્રેરણા પ્રવાસના ભાગરૂપે મહુવા તાલુકાના વડીયા ખાતે પ્રકાશભાઈ પટેલના પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લીધી હતી. ૫૫ મહિલા ખેડૂતોએ તાલીમ નિદર્શન અને વેચાણ વ્યવસ્થા વિષય અંતર્ગત પંચસ્તરીય મોડલ ફાર્મનું નિરીક્ષણની સાથે વેલ્યુ એડમિશન કરી આવકમાં વધારો કઈ રીતે કરી શકાય એનું પ્રત્યક્ષ મોડલ નિહાળ્યું હતું. પ્રાકૃતિક ખેતીમાં કઈ રીતે આગળ વધી શકાય તે અંગે પ્રકાશભાઈએ ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું.

જમ્મુ અને કાશ્મીરમાં સતત હિમવર્ષાને કારણે ઘણા વિસ્તારોમાં રાત્રિનું તાપમાન શૂન્યથી નીચે ગયું. ગુલમર્ગ અને સોનમર્ગમાં પારો માઈનસ ૯.૮ ડિગ્રી સુધી ઘટી ગયું. બરફ સાફ થયા પછી જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે (NH-૪૪) સંપૂર્ણપણે ખુલ્લો કરવામાં આવ્યો.

ઉત્તર પ્રદેશના અયોધ્યા-લખનઉ સહિત ૯ શહેરોમાં બુધવારે વરસાદ થયો છે. સંભલમાં ધોરણ ૮ સુધી અને સિદ્ધાર્થનગરમાં ધોરણ ૧૨ સુધીની શાળાઓ આજે બંધ કરી દેવામાં આવી છે. હવામાન વિભાગે આજે ૨૯ જિલ્લામાં કરા અને વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

પંજાબમાં અમૃતસર સૌથી ઠંડું રહ્યું, જ્યાં લઘુત્તમ તાપમાન ૩.૭ ડિગ્રી નોંધાયું. હરિયાણાના ભિવાનીમાં પારો ૫.૫ ડિગ્રી સુધી ગગડી ગયો. ચંદીગઢમાં સવારે ગાઢ ધુમ્મસ છવાયેલું રહ્યું.

**કોલંબિયામાં લેન્ડીંગ**
**પહેલા પાનાનું ચાલુ**

હતો, ત્યારબાદ વ્યાપક સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું.

સઘન શોધખોળ બાદ બચાવ ટીમોને વિમાનનો કાટમાળ કેટટુમ્બોના અત્યંત દુર્ગમ અને પહાડી વિસ્તારમાંથી મળી આવ્યો છે. સ્થાનિક મીડિયા અને એરલાઈન સત્તાવાળાઓએ પુષ્ટિ કરી છે કે આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ ૧૩ મુસાફરો અને ૨ ક્રૂ મેમ્બર્સ સહિત કુલ ૧૫ લોકોના મોત થયા છે.

આ વિસ્તાર ઊબડ-ખાબડ પહાડો અને ખરાબ હવામાન માટે જાણીતો હોવાથી બચાવ કામગીરીમાં ટીમોને ભારે પડકારોનો સામનો કરવો પડ્યો .

**સુરત શહેરના**
**પેજ-૨ પાનાનું ચાલુ**

છાપરભાઠા શહેરી આરોગ્ય કેન્દ્રઅને કતારગામ શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રને૮૫%થી વધુ ગુણ પ્રાપ્ત કરેલ છે.

આ સાથે સુરત મહાનગરપાલિકા સંચાલિત કુલ ૩૯(૩૮ શહેરી આરોગ્ય કેન્દ્રો અને ૧ શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્રો)ને NQAS સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. આગામી દિવસોમાં અન્ય શહેરી આરોગ્ય કેન્દ્રોમાં પણ આ પ્રકારે આગોતરું આયોજનકરવામાં આવેલ છે

**વીર નર્મદ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તેવા જવાબ આપ્યા હતા અને આ વિષયની ઉદાહરણ સહિત વિશેષ સમજઆવેલ શ્રોતાગણ ને આપી હતી. ૩:૦૦ વાગ્યાથી ૪:૩૦વાગ્યા સુધીત્રીજૂ અને અંતિમ સત્ર મહિલાઓની જાતીય સતામણી અને તેમના રક્ષણ માટે રચાયેલ Posh Act-૨૦૧૩ અને મહિલા સુરક્ષા વિષય અંતર્ગત વકતા શ્રી મતી પ્રતિભા દેસાઈ દ્વારામહિલાઓની જાતીય સતામણીઅટકાવવા અને તેમના રક્ષણ માટે રચાયેલ Posh Act-૨૦૧૩ વિષે કાયદાકીય દ્રષ્ટિએ સમજ આપી. જેમની અંતર્ગત સ્ત્રીઓની કાર્યસ્થળ,જાહેર સ્થળ પર,સામાજિક અને કૌટુંબિક સંબંધો માં બનતા જાતીય સતામણી અંગે પ્રસંગોને અટકાવવા માટે બનેલા Posh Act-૨૦૧૩ કાયદાના બાબતે કાયદાશાસ્ત્રની દ્રષ્ટિએ વિસ્તૃત સમજ આપી ભૂતકાળમાં બનેલા વિવિધ પ્રસંગો વિષેસમજ આપીહતીઅને શ્રોતાગણ સાથે જાતીયસતામણીબાબતેના પ્રશ્ન સંદર્ભેકાયદાશાસ્ત્રની દ્રષ્ટિએ વિસ્તૃત વિષે ચર્ચા કરવામાં આવી.આ સાથે સમગ્ર કાર્યક્રમના અંતિમ ચરણમા સમગ્ર શ્રોતાગણ પાસે કર્યક્રમ અંગેની પોસ્ટ ટેસ્ટ ભરાવવામા આવી હતી.સમગ્ર કાર્યક્રમને અંતે પધારેલ વક્તાગણ અને શ્રોતાગણનો આભાર ડો.રેખાબેન ગઢવી દ્વારા માનવામાં આવ્યો હતો અનેકાર્યક્રમની પુર્ણાહુતિ કરવામાં આવી હતી.



# મહુવા તાલુકામાં નિર્માણ પામનાર ૪ ચેકડેમોનું ખાતમુહૂર્ત કરાયું

સુરત, તા.૨૯

રાજ્ય સરકારના જળસંપત્તિ વિભાગ દ્વારા મહુવા તાલુકામાં મંજૂર કરવામાં આવેલ વિવિધ ચેકડેમોના કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રી મોહનભાઈ ઢોડિયાના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. ઉકાઈ ડાબા કાંઠા નહેર સંશોધન વિભાગ નં.૨, વાલોડના ઉપક્રમે રાજ્ય સરકારના જળસંચય અભિયાનને વેગ આપવા માટે મહુવા તાલુકાના વિવિધ ગામોમાં અંદાજે રૂ.૩.૧૪ કરોડના ખર્ચે ચેકડેમો બનાવાશે. જેમાં ધારાસભ્યના હસ્તે રૂ. ૮૮.૧૬ લાખના ખર્ચે નિર્માણ પામનાર બુટવાડા ચેકડેમ, રૂ.૬૬.૧૭ ના ખર્ચે વલવાડા ચેકડેમ, રૂ.૮૮ લાખના ખર્ચે વેલણપુર ચેકડેમ તેમજ રૂ. ૭૨ લાખના ખર્ચે ભોરીયા ચેકડેમનું ખાતમુહૂર્ત સંપન્ન થયું હતું. આ નવા ચેકડેમો બનવાથી વિસ્તારમાં ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે અને ખેડૂતોને સિંચાઈ માટે વધુ સુવિધા પ્રાપ્ત થશે. આ પ્રસંગે જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, તા.પં. પ્રમુખ શીલાબેન પટેલ, જિ.પં.બાંધકામ સમિતિ અધ્યક્ષ રાકેશભાઈ પટેલ તેમજ અન્ય પદાધિકારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# હાઈ-વે પર હોટલો દ્વારા માર્જીનમાં કરાયેલા દબાણો પર તવાઈ આવશે

## સુરત જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી

સુરત, તા.૨૯

સુરત જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠક કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠકમાં જિલ્લામાં માર્ગ સલામતી વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા અને અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા માટે વિવિધ મહત્વના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

સુરત જિલ્લામાં માર્ગ અકસ્માતોને કારણે થતા માનવમૃત્યુના દરમાં ઘટાડો કરવા માટે તમામ સંબંધિત વિભાગોને નિવારાત્મક પગલા અને રોડ મિકેનિઝમ સુદ્રઢ કરી માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું. તેમણે જિલ્લામાં આવેલા રસ્તા અને પુલો હેવી વેહીકલ્સ માટે નથી બન્યા તેમનો ઉપયોગ આવા ભારે વાહનો માટે ન થાય તેની તકેદારી રાખવા કહ્યું હતું. ખાસ કરીને જિલ્લાને જોડતા નેશનલ હાઈવે પર ઘણી હોટેલમાલિકોએ સર્વિસ રોડ ઉપર લેવલ કરી કરેલા દબાણોનો સર્વે કરી આવા દબાણકર્તાઓનું લિસ્ટ તૈયાર કરી NHAI ને આપવા સંબધિત મામલતદાર, પોલીસ અને આર.ટી.ઓ.ને જણાવ્યું હતું અને સમયમર્યાદામાં કાર્યવાહી કરવા તાકીદ કરી હતી.હાઈવે પર જતા માલવાહક અને ભારે વાહનોના ચાલકો માટે વિશેષ આઈ કેમ્પ યોજવા સૂચન કર્યું હતું. રોડ સાઈડ ડ્રાઈવિંગ અને વાહનો દ્વારા થતા ઓવર સ્પીડીગ પર નિયંત્રણ, જિલ્લાના તમામ રસ્તાઓમાં માર્ગ સલામતી માટે રોડ સમારકામ, સાઈન બોર્ડસ, ઝીબ્રા ક્રોસિંગ, સ્પીડ બ્રેકરની કામગીરી પૂર્ણ કરવા જણાવી પોલીસ અને આર.ટી.ઓ. તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની કલેક્ટરશ્રીએ સમીક્ષા કરી હતી. આ બેઠકમાં કાઉન્સિલના સભ્યો અને અધ્યક્ષશ્રી દ્વારા માર્ગ સલામતીને લગતા અન્ય સૂચનો પણ રજૂ કરવામાં આવ્યા હતા. શાળા- કોલેજોના વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ આવે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં RTO એચ.એમ.પટેલ, ARTO સોલંકી પોલીસ, આર.ટી.ઓ. અને NHAI, માર્ગ અને મકાન વિભાગ (R&B), માહિતી સહિતના વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**યુરોપના બજારો ખુલવાથી**
**પહેલા પાનાનું ચાલુ**

ટ્રાન્સફોર્મ છે.આ દિશામાં સતત કાર્ય કરવા બદલ હું સાંસદોનો આભાર માનું છું. આપણા દરેક નિર્ણયમાં રાષ્ટ્રની પ્રગતિ એ ધ્યેય છે. આપણા બધા નિર્ણયો માનવ-કેન્દ્રિત છે. આપણી યોજનાઓ માનવ-કેન્દ્રિત છે. આપણે ટેકનોલોજીને પણ અપનાવીશું, પરંતુ સાથે-સાથે આપણે માનવ-કેન્દ્રિત વ્યવસ્થાને પણ ઓછી આંકીશું નહીં.

આજે દુનિયાને ભારતના લોકશાહી અને વસ્તી વિષયક ક્ષેત્ર પાસેથી ઘણી અપેક્ષાઓ છે. દુનિયા ચોક્કસપણે આનું સ્વાગત કરે છે અને સ્વીકારે છે. દેશ આજે પ્રગતિ કરી રહ્યો છે. આજે, દેશ વિક્ષેપ તરફ નહીં, ઉકેલો તરફ આગળ વધી રહ્યો છે. આજની ભૂમિકા વિક્ષેપ સામે પાછળ બેસીને રડવાની નથી, પરંતુ હિંમતભેર એવા નિર્ણયો લેવાની છે જે ઉકેલો તરફ દોરી જાય.

પ્રધાનમંત્રીએ કહ્યું, "યુરોપિયન યુનિયને મારા દેશના મેન્યુફેક્ચરર માટે એક વિશાળ બજાર ખોલ્યું છે. હવે આપણો માલ ત્યાં સસ્તા ભાવે પહોંચશે." આ એક તક છે. તેનો પહેલો સિદ્ધાંત ગુણવત્તા પર ભાર મૂકવાનો છે. આપણે બજારમાં શ્રેષ્ઠ ગુણવત્તા લાવવી જોઈએ.

તેમણે કહ્યું- આ યુરોપિયન યુનિયનના ૨૭ દેશોના ખરીદદારોનું મન જીતી લેશે. તેની અસર દાયકાઓ સુધી રહેશે. કંપનીઓની બ્રાન્ડ્સ દેશના બ્રાન્ડની સાથે એક નવું ગૌરવ સ્થાન આપે છે.

**સોના અને**
**પહેલા પાનાનું ચાલુ**

કોમોડીટી એકસચેંજમાં ૧૭,૬૦૦ના ઉછાળાથી ૪,૦૩,૦૦૦નો ભાવ હતો જે ઉંચામાં ૪,૦૭,૭૫૬ થયો હતો. અભુતપૂર્વ તેજીના પગલે ઝવેરી બજારમાં સોંપો પડી ગયો છે અને ભાવ કયાં જઈને અટકશે તેવો સવાલ ઉઠવા લાગ્યો છે.

સોના-ચાંદી માટે તમામ કારણો તેજીના જ બની રહ્યા છે અને તેમાં નવા નવા કારણોનો ઉમેરો થઈ રહ્યો છે. અમેરિકાએ ઈરાનને અણુબોંબ કરતા પણ ખતરનાક હુમલો કરવાની ચેતવણી આપતા તેજીને નવું કારણ મળ્યું હતું. અમેરિકાની ધમકી સામે ઈરાને પણ વળતા હુમલાની ચેતવણી ઉચ્ચારતા વધુ તિવ્ર અસર જોવા મળી હતી.

સોના-ચાંદીમાં વેપારીઓના કહેવા પ્રમાણે અભુતપૂર્વ તેજી અને રેકોર્ડબ્રેક ભાવોને કારણે રીટેલ માર્કેટ પણ હવે ઠપ્પ જેવી થવા લાગી છે. રોજેરોજ નવા ઉંચા ભાવને કારણે ગ્રાહકો પણ આવતા અટકવા લાગ્યા છે. લગ્નની સિઝન ટાણે જ ખરીદીને મોટુ ગ્રહણ લાગ્યું છે.

સોના-ચાંદી ઉપરાંત ક્રુડમાં પણ વધતા ભૌગોલિક ટેન્શનના કારણે તેજી આગળ ધપવા લાગી છે. આજે વર્લ્ડ માર્કેટમાં બ્રેન્ટ ક્રુડ ૦.૭૯ ડોલરના ઉછાળાથી ૬૯.૧૯ ડોલર થયું હતું જે હવે ૭૦ ડોલર વટાવી શકે છે. ક્રુડની તેજીથી ભારત સહિત વિશ્વભરના અર્થતંત્રને ઝટકો લાગવાની પણ આશંકા વ્યકત થઈ રહી છે.

**વર્લ્ડ કપ અને**
**પહેલા પાનાનું ચાલુ**

સામેની મેચોનો. "ટ્રોફી ચોર'' તરીકે જાણીતા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસીન નકવી હવે ટીમને શ્રીલંકા મોકલવાની તૈયારી કરી રહ્યા છે. ૨૦ વર્લ્ડ કપ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાનો છે.

પાકિસ્તાન ટીમ સોમવારે કોલંબો જવા રવાના થશે. હકીકતમાં, મોહસીન નકવીએ શુક્રવાર અથવા ૨ ફેબ્રુઆરી સુધીનો સમય માંગ્યો છે જેથી તેઓ ટીમ ભાગ લેશે કે નહીં તે અંગે પોતાનો નિર્ણય આપી શકે.

**રાજસ્થાન**
**પહેલા પાનાનું ચાલુ**

જિલ્લાઓમાં બુધવારે દિવસભર વરસાદ પડ્યો. ઉત્તરકાશી, ચમોલી અને રુદ્રપ્રયાગમાં વરસાદ અને હિમવર્ષા થઈ, જયારે કેદારનાથમાં ૪ ફૂટથી વધુ બરફ પડ્યો. આઠ જિલ્લાઓમાં ધોરણ ૧૨ સુધીની શાળાઓ બંધ છે.

**યુપીએલ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પ્રતિનિધિઓ, શ્રેષ્ઠ પુરુષ અને મહિલા રમતગમત ખેલાડીઓ અને પીએચડી પ્રાપ્તકર્તાઓને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ બદલ સન્માનિત કરવા માટે એક સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. અંકલેશ્વર રોટરી એજ્યુકેશન સોસાયટીના સેક્રેટરી શ્રી અંગીરસ શુક્લા અને પ્રમુખ શ્રી અશોક પંજવાની દ્વારા પ્રેરણાદાયી ભાષણો આપવામાં આવ્યા હતા, જેમાં શિક્ષણ, નીતિશાસ્ત્ર અને સામાજિક જવાબદારી પર ભાર મૂકવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન પીપી નિવૃત્ત પંકજ મહેતાએ વિદ્યાર્થીઓને બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્ર નિર્માણ પરના તેમના સંદેશથી પ્રેરણા આપી હતી. કાર્યક્રમનું સમાપન કુલસચિવ દ્વારા હૃદયપૂર્વક આભારવિધિ અને સમ્પુર્ણ વંદે માતરમના ગીત સાથે કરવામા આવ્યુ હતુ.

**રંગ ઈન્ટરનેશનલ**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સાથે ગુણોનું સંવર્ધન' ની કેટેગરીમાં તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ સ્થાન (CBSE - પ્રાથમિક શ્રેણી અને GSEB - માધ્યમિક શ્રેણી) પ્રાપ્ત કરીને સમગ્ર પંથકમાં શાળાનું નામ રોશન કર્યું છે.

આ સન્માન મેળવવા માટે શાળામાં સ્વચ્છતા, હરિયાળી, પાણી વ્યવસ્થાપન, શૌચાલયની સુવિધા, આરોગ્ય અને સુરક્ષા જેવા વિવિધ પરિમાણો પર સઘન કાર્ય કરવામાં આવ્યું હતું.'સક્ષમ શાળા' અભિયાન હેઠળ બાળકોમાં ગુણોનું સંવર્ધન કરવા અને હકારાત્મક વર્તન પરિવર્તન લાવવામાં શાળાએ અગ્રેસર ભૂમિકા ભજવી છે.

આ સફળતા બદલ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી (સમગ્ર શિક્ષા, ભરૂચ) દ્વારા શાળાના તમામ બાળકો, શિક્ષકો અને એસ.એમ.સી. (SMC) સભ્યોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે. તાજેતરમાં બી.આર.સી. ભવન, અંકલેશ્વર દ્વારા આયોજિત કાર્યક્રમમાં આ ગૌરવપૂર્ણ પ્રમાણપત્ર, ટ્રોફી, અને ચેક એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ અન્ય શાળાઓ માટે પણ પ્રેરણારૂપ બનશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.શાળાના ટ્રસ્ટીગણ અને આચાર્યશ્રીએ આ સફળતાનો શ્રેય વિદ્યાર્થીઓની અને શિક્ષકોની અડીખમ મહેનત અને યોગ્ય માર્ગદર્શનનું આ પરિણામ છે.

**આવતા રવિવારે**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ની પ્રતિજ્ઞા પ્રથમ નાગરિક શ્રી દક્ષેશભાઈ માવાણી લેવડાવનાર છે.

વિશેષ સેવા અને સિદ્ધી મેળવનાર વ્યક્તિઓનું જાહેર અભિવાદન કરવામાં આવનાર છે. આ વર્ષે કમોસમી વરસાદથી ખેડૂતોને પારવાર નુકશાન થયું હતું. ત્યારે જુનાગઢના બાદલપર ગામના શ્રી દિનેશભાઈ કુંભાણી એ બાદલપર સહીત દરેક ખેડૂતોને હેકટર દીઠ રૂ. ૧૧૦૦૦ ની સહાય કરી હતી. કરોડો રૂપિયાની મદદ જગતના તાતને કરનાર દિનેશભાઈ કુંભાણીનું જાહેર અભિવાદન કરવામાં આવશે. તે જ રીતે પોતાના ગામ કૃષ્ણગઢના ખેડૂતોને આર્થિક સહાય અને ગામને સુવિધાઓ પૂરી પાડનાર ડૉ. સંજય મુંજપરાનું પણ વિશેષ સન્માન કરવામાં આવશે.

પોતાના જીરા ગામના ખેડૂતોનું મંડળીનું દેવું ભરપાઈ કરી દેનાર બાબુભાઈ જીરાવાળા તથા ઉદ્યોગ સાહસિક મેહુલ હિરપરા અને ગોલ્ડ મેડાલીસ્ટ ગેસ્ટ્રો એન્ટ્રોલોજીસ્ટ ડૉ.રીંકલ ચાંચપરાની વિશેષ નોંધ સાથે સન્માન કરવામાં આવનાર છે.

રવિવારે યોજાનાર ૬૭ માં સમૂહ લગ્ન સમારોહનું સંપૂર્ણ સૌજન્ય શ્રી ઘનશ્યામભાઈ શંકર તથા તેમના બંધુ દુલાભાઈ અને તુલશીભાઈ શંકર પરિવાર તરફથી પ્રાપ્ત થયું છે. આગામી ૨૦૨૭ માં ૬૮ માં સમૂહ લગ્ન સમારોહના દાતા શ્રી દાસભાઈ ગજેરા જામકંડોરણાવાળા તથા ૨૦૨૮ માં ૬૯ માં સમૂહ લગ્ન સમારોહના દાતા આંબરડીવાળા શ્રી વલ્લભભાઈ જોધાણી પરિવાર છે. સમાજલક્ષી આ સેવાના પ્રવુતિઓમાં સહયોગ આપનાર દાતા પરિવારો ખાસ ઉપસ્થિત રહેશે.

શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના પ્રમુખશ્રી કાનજીભાઈ ભાલાળાએ વધુમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, સમૂહલગ્ન કરવા એ માત્ર પ્રવુતિ નથી પણ સામાજિક સુધારણા અને સેવા પ્રવુતિનો આધાર પણ છે. સમૂહલગ્નના માધ્યમથી સમજની એકતા જળવાય છે. અને જમનાબા વિદ્યાર્થી ભવન અને કિરણ મહિલા ભવનનું નિર્માણ થઈ શક્યું છે. અને સમાજના સન્માનીય દાતાશ્રીઓ એ ઉમદાભાવના સાથે આર્થિક સહયોગ આપ્યો છે. હોસ્ટેલ પ્રોજેક્ટના સર્વે દાતાશ્રીઓ, ટ્રસ્ટીદાતાશ્રી અને રૂમદાતાશ્રીઓ વગેરે સમૂહ લગ્ન સમારોહમાં ખાસ ઉપસ્થિત રહેશે. ૧૫૦ જેટલી સેવાભાવી સંસ્થાના ૨૦૦૦ થી વધુ સ્વયંસેવક ભાઈઓ સમૂહ લગ્ન સમારોહની વ્યવસ્થા સંભાળનાર છે. ૧૫૦૦૦ લોકોની ભોજન વ્યવસ્થા પણ કાર્યકર્તા ટીમ ઉત્સાહથી સંભાળે છે. ટ્રાફિક પાર્કિંગ અને મંડળ વ્યવસ્થા પણ લોકો સેવાભાવ થી સાંભળવા હાજર હોય તો , લોકો સેવાભાવ થી સાંભળવા હાજર હોય છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરુવાર, તા.૨૯ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# સુરતના ગજેરા અને મહાકાલ ગ્રુપમાં આઈટીની રેડ બીજા દિવસે પણ યથાવત

## અનિલ બગદાણાને ત્યાંથી રૂા.૧.૩૦ કરોડ રોકડા મળી આવ્યાં : વિવિધ ઓફિસો ઉપરાંત કન્સ્ટ્રક્શન સાઈટો પરથી સંખ્યાબંદ દસ્તાવેજો જપ્ત કરાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

સુરત ડીડીઆઇ વિંગનું સર્ચ ઓપરેશન આજે બીજા દિવસે પણ યથાવત રહ્યું છે. ત્યારે શહેરના પ્રખ્યાત મહાકાલ ગ્રુપના અનિલ બગદાણા સહિનતા ભાગીદારો તરૂણ ભગત, પ્રવિણ અગ્રવાલ ઉર્ફે પ્રવિણ ભુત અને લક્ષ્મી ડાયમંડના વસંત ગજેરાને ત્યાં ઈન્કમટેક્ષ સર્ચ આજે પણ ચાલી રહ્યું છે. મહાકાલ ગ્રુપના અનિલ બગદાણાની ઓફીસો અને ઘરે ચાલતી તપાસ દરમિયાન હવાલાનાં વ્યવહારો તેમજ ૧.૩૦ કરોડ રોકડ મળી આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ ઉપરાંત લક્ષ્મી ડાયમંડના ચુની ગજેરા, ધીરૂ ગજેરા અને વસંત ગજેરાને ત્યાંથી સંખ્યાબંધ દસ્તાવેજો કબ્જે કરવામાં આવ્યા છે. મહાકાલ ગ્રુપ દ્વારા લેન્ડ સંબંધીત રોકાણો હવાલાઓની પણ ઉંડાણ પુર્વક તપાસ આઈટી દ્વારા કરાઈ રહી છે. મોટા પાયે કર ચોરી થઈ હોવાનું ઈન્કમટેક્ષ વિભાગને ધ્યાને આવતા ગઈકાલે વહેલી સવારથી તપાસનો ધમધમાટ ચાલી રહયો છે. બેનામી આવક શોધવા માટે ડેપ્યુટી ડીરેક્ટોરેટ ઓફ ઈન્કમટેક્ષ દ્વારા ચાલતી તપાસમાં અધિકારીઓનો મોટો કાફલો જોડાયો છે.

સુરત ડીડીઆઇ વિંગ દ્વારા ગઈકાલે વહેલી સવારે સુરતના જાણીના રિયલ એસ્ટેટ ગ્રુપના બિલ્ડરો મહાકાલ ગ્રુપ અનિલ બગદાણા તેમજ લક્ષ્મી ડાયમંડના ધીરૂ ગજેરા, વસંત ગજેરા અને ચુની ગજેરાને ત્યાં સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. ડીડીઆઇ વિંગના સંખ્યાબંધ અધિકારીઓનો કાફલો ૨૭ જેટલા રહેણાંક તેમજ ઓફીસોના ઠેકાણે સર્ચમાં જોડાયો હતો. મોડી સાંજ સુધી ચાલેલી તપાસ આજે બીજા દિવસે પણ યથાવત રહી હતી. જેમાં અનિલ બગદાણાને ત્યાંથી રોકડા રૂ.૧.૩૦ કરોડ કબ્જે કરાયા છે તેમજ હવાલાના વ્યવહારોની તપાસ હાલનાં તબક્કે કરવામાં આવી રહી છે.

કન્સ્ટ્રકશનની ઓફીસો, રહેણાંક સ્થળો તેમજ મહાકાલ ગ્રુપ દ્વારા રોકાણ કરાયેલા વિવિધ ગ્રુપો સાથેના વ્યવહારોને પણ આઈટી દ્વારા ચકાસવામાં આવી રહયા છે. સંખ્યાબંધ દસ્તાવેજો રહેણાંક તેમજ ઓફીસોથી મળી આવ્યા છે જેની તપાસ હાલ કરવામાં આવી રહી હોવાનું વિશ્વસનીય સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.



આવતીકાલે તા.૩૦મી જાન્યુઆરી મહાત્મા ગાંધી નિર્વાણ દિવસ સંદર્ભે ચોકબજાર ખાતે આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમાને સેવાદળના કાર્યકરો દ્વારા સ્વચ્છ કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

# પાંડેસરાના યુવકે કેબલ બ્રિજ પરથી તાપી નદીમાં ભૂસ્કો માર્યો

## અલથાણ વિસ્તારના યુવકે ગળે ફાંસો ખાઈ જીંદગી ટૂંકાવી દીધી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

શહેરમાં આપઘાતના બે કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં અલથાણ વિસ્તારના એક યુવાને ગળેફાસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે, જ્યારે પાંડેસરાના એક યુવાને કેબલ બ્રિજ પરથી તાપી નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરી છે.

અલથાણ વિસ્તારમાં આવેલ ઉત્સવ માઈલસ્ટોનમાં રહેતા કમલ રવિન્દ્ર ગુપ્તા (ઉ.વ. ૩૩) એ ગઈકાલે તારીખ ૨૮/૦૧/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૦૦ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળેફાસો ખાઈ લીધો હતો. ઘટનાની જાણ થતા જ તેમના ભાઈ ગોપાલભાઈએ ૧૦૮ ને જાણ કરી હતી. ઈમરજન્સી સેવા દ્વારા તેમને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટર ઉમેશે રાત્રે ૧૦:૪૫ વાગ્યે તેમને મૃત જાહેર કર્યા હતા.

બીજી ઘટનામાં, પાંડેસરાની દેવેન્દ્રનગર સોસાયટીમાં રહેતા અને મૂળ પાટણના સિદ્ધપુરના વતની મીતકુમાર અશ્વિનભાઈ પટેલ (ઉ.વ. ૨૨) એ ગત તારીખ ૨૬/૦૧/૨૦૨૬ના રોજ બપોરે અડાજણ કેબલ બ્રિજ પરથી તાપી નદીમાં કૂદીને આત્મહત્યા કરી હતી.

બે દિવસની શોધખોળ બાદ, આજરોજ ૨૮ જાન્યુઆરીના રોજ સવારે ૯:૩૫ વાગ્યે ડક્કા ઓવારા પાસે આશાપુરા માતાના મંદિર સામે નદીના પાણીમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

# પગના ફ્રેક્ચરના ઓપરેશનમાં કોમામાં સરી પડેલી છોકરીનું મોત

## ડોક્ટરોની બેદરકારીના કારણે ૧૦ વર્ષની છોકરીનું મોત થયું હોવાનો આરોપ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

સુરતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં સામાન્ય અકસ્માતમાં પગનું ફ્રેક્ચર થતા સારવાર માટે આવેલી ૧૦ વર્ષીય ધ્રુવી રાકેશ પવારનું મોત નિપજ્યું છે. પરિવારના જણાવ્યા અનુસાર, બાળકી હસતા મોઢે ઓપરેશન થિયેટરમાં ગઈ હતી, પરંતુ ઓપરેશન બાદ તેને કોમા જેવી સ્થિતિમાં બહાર લવાઈ હતી.

મૃતક બાળકીના પિતાએ આક્ષેપ કર્યો છે કે એનેસ્થેસિયાના ડોક્ટરની ભૂલ અથવા વધુ પડતા ડોઝને કારણે બાળકીનું મોત થયું છે. આ મામલે પરિવારે ખટોદરા પોલીસ સ્ટેશનમાં ડો. નિહાર મયાણી, ડો. નીતિન દવે અને હોસ્પિટલના માલિક ડો. પ્રણવ ઠક્કર વિરુદ્ધ તપાસની અરજી આપી છે.



સામે પક્ષે, ડો. પ્રણવ ઠક્કરે આક્ષેપોને નકારતા જણાવ્યું છે કે સારવાર પ્રોટોકોલ મુજબ જ કરવામાં આવી હતી. તેમણે ઉમેર્યું કે એનેસ્થેસિયા આપનાર ડોક્ટર અનુભવી છે અને મોતનું સાચું કારણ પીએમ (Post-Mrotem) રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલ પોલીસે મૃતદેહને પીએમ માટે મોકલી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# દસ કિમી ઝડપે ઠંડો પવન ફૂંકાતા દક્ષિણ ગુજરાતમાં ઠંડીનો ચમકારો

## સુરતમાં તાપમાનનો પારો ગગડીને ૧૪.૬ ડિગ્રીએ પહોંચી જતા જોરદાર ઠંડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

શહેરમાં શીત લહેરને પગલે બે દિવસથી ઠંડીનો ચમકારો જોવા મળી રહયો છે ત્યારે ગઈકાલે મોડી સાંજથી રાત્રિના સમયે પ્રતિ કલાક ૧૦ કિ.મીની ઝડપે ઉત્તર પશ્ચિમ દિશામાંથી ફુંકાયેલા પવનોને પગલે તાપમાનનો પારો આજે સવારે ફરી ગગડી ગયો હતો. લઘુત્તમ તાપમાન સવારના સમયે ૧૪.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાતા કકડાવતી ઠંડી અનુભવાઇ હતી. સવારથી બપોર સુધી શહેરમાં ધુમ્મસ છવાયું વાતાવરણ રહયું હતું. સવારના સમયે ઉત્તર દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાતા આજે સવારે પણ ઠંડક રહી હતી.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત અનુસાર ગઈકાલે શહેરનું મહત્તમ તાપમાન બપોર બાદ ૨૯ સેલ્સિયસ ડિગ્રી રહ્યું હતું. બીજી તરફ સાંજ પડતા જ ઉત્તર પશ્ચિમ દિશામાંથી પ્રતિ કલાક ૧૦ કિ.મીની ઝડપે પવન ફુંકાતા શહેરમાં રાત્રિ દરમિયાન શીત લહેર છવાઇ ગઇ હતી. સુસવાટા મારતા પવનો સાથે તાપમાનનો પારો નીચે ગયો હતો. દરમિયાન આજે સવારે લઘુત્તમ તાપમાન ફરી એક ડિગ્રી ગગડી જતા ઠંડીની અસર વર્તાઇ હતી. આજે સવારે લઘુત્તમ તાપમાન ૧૪.૬ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું છે. જ્યારે ઉત્તર પુર્વ દિશામાંથી પ્રતિ કલાક ૪ કિ.મીની ઝડપે પવન ફુંકાતા દિવસ દરમિયાન પણ ઠંડીની અસર રહી હતી.



નાનપુરા ઝીંગાતળાવથી બડેખાં ચકલા સુધીના માર્ગ પરના દબાણો આજે સુરત મહાનગરપાલિકાના દબાણ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યાં હતાં. પોલીસે બંદોબસ્ત સાથે દબાણ હટાવો ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

# કતારગામમાં વાહન અકસ્માત બાદ ઈવેન્ટ મેનેજર યુવક પર ફટકાથી હુમલો

## કારે મોપેડને ટક્કર મારી બેને ઈજાગ્રસ્ત કર્યા પછી કાર ચાલકે દંડાવાળી કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

કતારગામમાં અકસ્માત બાદ ઈવેન્ટ મેનેજમેન્ટ સાથે સંકળાયેલા યુવક પર લાકડાના ફટકાથી હુમલો અને જાનથી મારી નાખવાની ધમકી અપાતા મામલો પોલીસ સ્ટેશનએ પહોંચ્યો હતો.

ઈવેન્ટ મેનેજમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રભાત મગન વ્યાસ (ઉ.વ. ૩૩)ગત ૨૬ જાન્યુઆરીના રોજ બપોરે ૨:૦૦ વાગ્યાના સુમારે તેમના ભત્રીજા પાર્થ સાથે મોપેડ પર જઈ રહ્યા હતા. તે દરમિયાન કતારગામ ધનમોરા આશીર્વાદ ડોક્ટર હાઉસ પાસે એક અજાણી સફેદ સ્વિફ્ટ કારના ચાલકે તેમની મોપેડને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પ્રભાતભાઈને કમરના ભાગે અને પાર્થને ચહેરા પર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જાયા બાદ કારમાં સવાર હાર્દિક ગઢવી નામનો શખ્સ લાકડાનો દંડો લઈને દોડી આવ્યો હતો અને પ્રભાતભાઈને કમરના ભાગે ફટકો મારી ઈજા પહોંચાડી હતી. હુમલાખોરે સ્થળ પર જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. ભોગ બનનારના જણાવ્યા મુજબ, હાર્દિક ગઢવી અગાઉ પણ ફોન પર અવારનવાર ધમકીઓ આપતો હતો. હાલમાં પોલીસે અજાણ્યા કાર ચાલક અને હાર્દિક ગઢવી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઉછીના આપેલા પૈસા પરત માંગવાની બાબતે મારામારી

## શાસ્ત્રી ચોકમાં ચાની દુકાન ચલાવતા આધેડ પર ચાર લોકોનો હુમલો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

લિંબાયત વિસ્તારમાં ઉધાર આપેલા નાણાં પરત માંગવા જેવી સામાન્ય બાબતે ચાર શખ્સોએ હુમલો કરતા મામલો પોલીસ સ્ટેશને પહોચ્યો હતો.

લિંબાયત શાસ્ત્રી ચોક પાસે ગરીબ નવાજ ટી સેન્ટર ચલાવતા ૫૩ વર્ષીય ઈમ્તીયાઝ રંગરેઝે આરોપી ઈમરાન ઉર્ફે પપ્પુ પાસે પોતાના લેણાં પૈસા માંગ્યા હતા.

આ અદાવતમાં ઈમરાનએ તેના મિત્રો રીઝવાન, મોનીસ અને એક અજાણ્યા શખ્સ સાથે ગલી નં. ૪ માં આવી ઈમ્તીયાઝભાઈને ગાળો આપી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. ત્યારબાદ ઉશ્કેરાયેલા હુમલાખોરોએ લાકડાના ફટકા અને લોખંડના સળિયા વડે હુમલો કરતા ઈમ્તીયાઝભાઈ અને તેમના ભાઈ ઈલીયાસને માથામાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જતી વખતે આરોપીઓએ "ફરી પૈસા માંગ્યા તો જાનથી મારી નાખીશું" તેવી ધમકી આપી હતી. હાલ લિંબાયત પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યુવતીએ ભાવ નહીં આપતા યુવકે સોશિયલ મીડિયામાં બદનામ કરી

## યુવતીના ફોટા નીચે અભદ્ર લખાણ લખીને વાયરલ કરી દેવાયા


**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

સચીનના પારડી કણદે વિસ્તારમાં રહેતા યુવાને એક યુવતી તેની સાથે વાતચીત કરતી ન હોય યુવતીની જાણ બહાર તેનો અશ્લિલ ફોટો પાડી લઈ તેને ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં મુકી યુવતી વિશે અભદ્ર શબ્દો લખી વાયરલ કરવામાં આવ્યો હતો. આ મામલે યુવતીએ તેની બદનામી કરનાર સુરજ સંજય યાદવ સામે સચીન પોલીસ સ્ટેશનમાં ગત રાત્રે ગુનો નોંધાવ્યો હતો.

સચીન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર સચીનના પારડી કણદે અંબિકાનગર ખાતે રહેતા સુરજ સંજયભાઈ યાદવે સચીન વિસ્તારની એક યુવતી તેની સાથે વાત કરવા ઈચ્છતી ન હોય યુવતીને કનડગત કરવા અને પોતાના વશમાં કરવા માટે મોબાઈલમાં યુવતીનો અશ્લિલ ફોટો પાડી લીધો હતો. ત્યારબાદ યુવતી જો તેની સાથે વાત નહીં કરે તો આ ફોટો તેના પિતાને મોકલી આપવાની ધમકી આપવામાં આવી હતી. દરમિયાન સુરજ સંજય યાદવે ઈન્સ્ટાગ્રામ મારફતે યુવતીનો અશ્લિલ ફોટો પોસ્ટ કરી તેમાં યુવતી વિશે અભદ્ર ભાષામાં લખાણ લખ્યું હતું. આ મામલે ગઈકાલે સચીન પોલીસ મથકે ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# તાપી નદીમાં ગટરનું પાણી છોડવાના વિરોધમાં ઉત્રાણમાં મોરચો મંડાયો

## તાપી નદીને દૂષિત થતી રોકવા જાહેર હિતમાં ઉઠેલી માગણી



**સુરત, તા.૨૯**

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતાના મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ ઉત્રાણના સાઈ વિસ્તારની સ્થિતિ કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. અહીં તાપી નદીમાં ગટરનું ગંદુ પાણી સીધું છોડવામાં આવતું હોવાની ઘટના સામે આવતા સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મોટી સંખ્યામાં લોકોએ રસ્તા પર ઉતરીને મનપાના અધિકારીઓની બેદરકારી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. સ્થાનિકોનો આક્ષેપ છે કે અહીં સ્ટોરેજ કરવામાં આવેલું ગટરનું પાણી શુદ્ધિકરણ વગર જ સીધું તાપી નદીમાં વહાવવામાં આવે છે, જે નદીના અસ્તિત્વ અને લોકસ્વાસ્થ્ય માટે મોટો ખતરો છે.

વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકોએ જણાવ્યું હતું કે, ગટરના પાણીની દુર્ગંધને કારણે હવે આ વિસ્તારમાં રહેવું પણ મુશ્કેલ બની ગયું છે. લોકોએ તંત્રને સવાલ કર્યો છે કે જો સુરતમાં પણ અન્ય શહેરો જેવી ભયાનક ગંદકીની સમસ્યા સર્જાશે તો તેના માટે જવાબદાર કોણ રહેશે? તાપી નદી કે જે સુરતની જીવાદોરી સમાન છે, તેને પ્રદૂષિત થતી રોકવા માટે તંત્ર તાત્કાલિક પગલાં ભરે તેવી માંગ ઉઠી છે. જો આગામી દિવસોમાં ગટરના પાણીનો નિકાલ બંધ કરવામાં નહી આવે તો રહીશોએ ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી છે.

# ઉમા ઈન્ડસ્ટ્રીઝની આગમાં ચારના મોત અંગે માલિક વિરૂદ્ધ ગુનો દાખલ

## કામદારની સુરક્ષા માટેની કોઈ આવશ્યક સુવિધા કારખાનામાં ઉપલબ્ધ નહતી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૯**

થોડા દિવસો પહેલા ઉધના ઉમા ઈન્ડસ્ટ્રીમાં આવેલ એક પ્લાસ્ટિકની ફેક્ટરીમાં સર્જાયેલી દુર્ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા પાંચ પૈકી ચાર શ્રમિકોના કરુણ મોત નિપજવાની ઘટનામાં ઉધના પોલીસે ફેક્ટરી માલિક અને જવાબદાર વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તારીખ ૧૯/૦૧/૨૦૨૬ના રોજ ઉધના રોડ નં-૩ પર આવેલી આર.એમ.એસ પ્લાસ્ટ નામની ફેક્ટરીમાં સવારે અચાનક ક્રશર મશીન ફાટતા દુર્ઘટના સર્જાઈ હતી. મશીન ફાટવાને કારણે ત્યાં કામ કરી રહેલા પાંચ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા. જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન ગંભીર ઈજાઓને કારણ નિરજ રામબલી ભારતી (૨૨ વર્ષ), આમીર સફીક મોહમાંદ (૩૨ વર્ષ), ચાંદ બાબુ સલીમ અહેમદ (૩૧ વર્ષ) અને મોહમંદ ઉસ્માન સમિમ ખાન (૧૮ વર્ષ)નું મોત નિપજ્યું હતું.

ઉધના પોલીસ સ્ટેશનની તપાસમાં, ફેક્ટરી માલિક મોહમંદ હુસેન રફીક મેમણ અને શાકીબ ફકીર શેખ દ્વારા ગંભીર બેદરકારી દાખવવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે ફેક્ટરી પાસે ફાયર વિભાગની કોઈ પણ પ્રકારની એનોસી નહોતી, કામદારોને સુરક્ષા માટેના કોઈ પણ સેફ્ટી સાધનો પૂરા પાડવામાં આવ્યા નહોતા. પોલીસે આ બંને શખ્સો વિરુદ્ધ માનવ જિંદગી જોખમાય તેવી બેદરકારી બદલ ગુનો નોંધી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

**પશ્ચિમ રેલ્વે**

**વિદ્યુત કાર્ય**

નાયબ મુખ્ય વિદ્યુત ઈજનેર (પશ્ચિમ), પશ્ચિમ રેલ્વે કેરેજ રિપેર વર્કશોપ, એન. એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩, ટેન્ડર સૂચના નં. EL/WA/PL/૨૦૨૫-૨૬/૨૪, તારીખ: ૨૦/૦૧/૨૦૨૬ આમંત્રિત કરે છે. કામનું નામ સ્થાન સાથે: RCF કોચ ફેરફાર સૂચના નં. CAI/RCF/MECH/LHB/087 મુજબ LHB પ્રકારના નોન-એસી કોચમાં ડબલ ઈનલેટ બ્લોઅરની જોગવાઈ માટે વિદ્યુત કાર્ય. કાર્યની અંદાજિત કિંમત: રૂા.૨,૩૮,૫૭,૮૬૮.૧૬. EMD: રૂા.૨,૬૯,૩૦૦/-. સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય: ૧૭.૦૨.૨૦૨૬ સુધી, ૧૨:૦૦ કલાક. ખુલવાની છેલ્લી તારીખ અને સમય: ૧૭.૦૨.૨૦૨૬ ના રોજ ૧૨:૩૦ કલાક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 1053

અમને લાઈક કરો facebook.com/WesternRly